ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર ‘ગુજરાત ટુડે’ દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily) તા. ૮-૧૨-૨૦૨૦ મંગળવાર
AHMEDABAD ESTABLISHED-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૭૩.૮૨ |
| પાઉન્ડ | ૯૮.૪૦ |
| યુરો | ૮૯.૬૮ |
| સઉદી રિયાલ | ૧૯.૬૮ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૫૦,૯૬૦ |

Regd. No.Guj.168/2020-2022 Valid up to Dt. 31-12-2022 ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com ● gujarattodayadmin@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in • RNI. No. 48870/91 ● વર્ષ-૩૦ અંક-૧૨૮ ● ૨૨ રબીઉલ આખર હિજરી ૧૪૪૨ ● 8 DECEMBER- 2020 ● PAGES 12 ● મૂલ્ય ₹ ૫.૦૦

### લોકો સમય પર કામકાજ માટે જઈ શકે તે માટે “શાંતિપૂર્ણ” બંધનો સમય સવારે ૧૧થી બપોરે ૩ સુધી રહેશે : ખેડૂત સંગઠનો

# કૃષિ કાયદા પાછા ખેંચવાની માગ સાથે આજે ખેડૂતોનું ‘ભારત બંધ’

## ટ્રાન્સપોર્ટ અને ટ્રેડ યુનિયનોના બંધને ટેકાને પગલે અનેક રાજ્યોમાં ફળો અને શાકભાજીનો પુરવઠો ખોરવાઈ શકે, એપ આધારિત કેબ અને ટેક્ષી યુનિયનોએ પણ સમર્થન આપ્યું, બંધને સમર્થન આપવા માટે કોંગ્રેસ સહિતની અનેક રાજકીય પાર્ટીઓ મેદાનમાં

(એજન્સી) નવી દિલ્હી, તા. ૭

ખેડૂત સંગઠનો દ્વારા મંગળવારે બોલાવાયેલા ભારત બંધને વેપારી સંગઠનો અને વિપક્ષી પાર્ટીઓનો ટેકો મળતાં વિરોધ પ્રદર્શનના કેન્દ્રબિંદુ બનેલા દિલ્હીમાં ફળો અને શાકભાજી સહિતની કેટલીક સેવાઓનો પુરવઠો ખોરવાઈ શકે છે, જોકે, આ બંધને કારણે દેશભરમાં અનેક સેવાઓ ખોરવાઈ જાય તેવી દહેશત છે. દેખાવો કરી રહેલા ખેડૂતો અને કેન્દ્ર સરકાર વચ્ચેની છઠ્ઠા રાઉન્ડની મંત્રણાના એક દિવસ પહેલા આઠમી ડિસેમ્બરે આપવામાં આવેલા શાંતિપૂર્ણ દેશવ્યાપી બંધનું મુખ્ય કારણ વિવાદાસ્પદ ત્રણ કૃષિ સુધારા કાયદાઓને રદ કરવા



### દિલ્હી, પંજાબ અને હરિયાણામાં બંધની માઠી અસર દેખાઈ શકે, કર્ણાટક, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, તેલંગાણા, ત્રિપુરા અને આસામમાં પણ બંધને સજ્જડ પ્રતિસાદ મળવાની સંભાવના

માટે સરકાર પર દબાણ વધારવાનું છે. ભારતીય કિસાન યુનિયનના પ્રવક્તા રાકેશ ટિકૈતે જણાવ્યું હતું કે, સરકારની કેટલીક નીતિઓને અમે સમર્થન કરતા નથી તે દેખાડવા માટે આ વિરોધ પ્રદર્શન છે. સંગઠનોએ કહ્યું છે કે, આ દેખાવ શાંતિપૂર્ણ છે અને અમે આ જ માર્ગે આગળ વધીશું.

**આ અંગે ૧૦ મહત્વના મુદ્દા**

૧. ઈન્સ્ટીટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટ ઓફ ઈન્ડિયાએ ચાર્ટર્ડ એકાઉન્ટ્સ ફાઉન્ડેશન એક્ઝામિનેશન પેપર-૧ની પરીક્ષાને મંગળવારની જગ્યાએ હવે ૧૩મીએ લેવાની જાહેરાત કરી છે. બહાર પડાયેલા એડમીટ કાર્ડ યોગ્ય ગણાશે. ઉમેદવારોને વેબસાઈટ જોતાં રહેવાની સલાહ આપવામાં આવી છે.

૨. દિલ્હીમાં ફળો અને શાકભાજીનો પુરવઠો ખોરવાય તેવી શક્યતા છે. એશિયાના સૌથી મોટા હોલસેલ માર્કેટ આઝાદપુર મંડીના ચેરમેન આદિલ એહમદ ખાને કહ્યું હતું કે, ભારત બંધના આહવાનને અમારા મોટાભાગના વેપારીઓનું સમર્થન છે. તેથી ગાઝીપુર, ઓખલા અને નરેલાની મંડીઓને ભારે અસર પડશે.

૩. મહારાષ્ટ્રની વાશી કૃષિ ઉત્પાદન માર્કેટ કમિટી મંગળવારે બંધ રહેશે. આના કારણે મુંબઈમાં ફળો અને શાકભાજીનો પુરવઠા પર અસર પડી શકે છે. બીજી તરફ કેબ, બસો અને ટેક્ષીઓ સામાન્ય રીતે ચાલતી રહેશે. મુંબઈમાં કોઈ અનિચ્છનિય ઘટના ના બને તે માટે સતત પેટ્રોલિંગ કરવામાં આવશે.

૪. ભારત બંધને એપ આધારિત સંગઠનો અને ટેક્ષી યુનિયનોએ સમર્થન આપવાને કારણે દિલ્હી અને તમિલનાડુમાં અનેક લોકોને મુશ્કેલી પડે તેવી શક્યતા છે. યુનિયનોએ જણાવ્યું છે કે, ઓટો અને અન્ય વાહનો ચાલુ રહેશે. સરકારે કહ્યું છે કે, બંધ દરમિયાન લોકો પોતાના સ્થળે સરળતાથી જઈ શકે તેની વ્યવસ્થા કરાઈ છે.

૫. ખેડૂતોને સમર્થન દેખાડવા માટે કેટલાકબેન્ક યુનિયનોએ પણ બંધને ટેકો આપ્યો છે પરંતુ આના કારણે બેન્કિંગ સેવાઓને અસર થશે નહીં.

૬. ખેડૂતોના સમર્થનમાં તમામ મોટર ટ્રાન્સપોર્ટ યુનિયનો હોવાથી પુરવઠા પહોંચાડતા ટ્રકોની અવર જવરને માઠી અસર પહોંચી શકે છે. તેઓ શાંતિપૂર્ણ દેખાવો પણ કરશે અને સમાધાનથી તથા ખેડૂતોને સંતોષ થાય તે રીતે મુદ્દાને ઉકેલવા માટે જિલ્લા કલેક્ટરો અને કમિશનરોને આવેદન પત્ર આપશે.

૭. ભારતીય કિસાન યુનિયનના મહાસચિવ હરિંદર સિંહ લાખોવાલે તાજેતરમાં જ કહ્યું હતું કે, ખેડૂત યુનિયનોના સભ્યો રાષ્ટ્રીય ધોરીમાર્ગો બ્લોક કરશે અન ટોલપ્લાઝા પર કબજો જમાવશે.

૮. ખેડૂતોએ લોકોને શાંતિપૂર્ણ તથા અહિંસક સમર્થન આપવા હાકલ કરી છે અને સામાન્ય લોકોને મુશ્કેલી ના થાય તેનું ધ્યાન રાખવા માટે તાકીદ કરી છે. ભારતીય કિસાન યુનિયનના પ્રવક્તા રાકેશ ટિકૈતે કહ્યું કે, મંગળવારે ભારત બંધ સવારે ૧૧થી બપોરે ૩ વાગ્યા સુધી રહેશે. આ સાંકેતિક વિરોધ પ્રદર્શન છે. અમે સવારે ૧૧ વાગે ભારત બંધ જાહેર કરીશું જેથી દરેક લોકો ઓફિસે પહોંચી જાય. એમ્બ્યુલન્સ અને લગ્નોની સેવાઓ ચાલુ રહી શકે છે. લોકો તેમના આઈકાર્ડ બતાવે અને જઈ શકે છે.

૯. પંજાબમાં બંધને સજ્જડ પ્રતિસાદ મળે તેવી સંભાવના છે કારણે કે અહીં તેને સંપૂર્ણ સમર્થન છે. દિલ્હી, કર્ણાટક, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, તેલંગાણા અને ત્રિપુરા તથા આસામ જેવા ઉત્તરના રાજ્યોમાંથી પણ ખેડૂતોને સમર્થન કરતી વિપક્ષી પાર્ટીઓ દ્વારા ધરણા કરવામાં આવી શકે છે. આના કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાઈ શકે છે અને રાજ્યો દ્વારા દિશાનિર્દેશ બહાર પાડવા પડી શકે છે. ગુજરાતે કહ્યું છે કે, તે બંધના વિરોધમાં છે અને દુકાનો તથા ઓફિસો બંધ કરાવનારા સામે પગલાં લેવાશે.

૧૦. દિલ્હી પોલીસ અનુસાર સિંઘુ, ઔચાંડી, પિયો મનિયારી, મંગેશ સરહદો બંધ છે. નેશનલ હાઈવે-૪૪ બંને તરફથી બંધ છે. નોઈડાથી દિલ્હી તરફ જતો ચિલ્લા સરહદ પર આવેલો નોઈડા લિંક રોડ બંધ છે. ગાઝિયાબાદથી દિલ્હી જતો નેશનલ હાઈવે-૨૪ ટ્રાફિક માટે બંધ છે. આઉટર રિંગ રોડ અને જીટી કર્નાલ રોડને ટાળો.

## ‘ભારત બંધ’ માટે કેન્દ્રએ દિશાનિર્દેશ જારી કર્યા; રાજ્યોને સુરક્ષા, શાંતિની ખાતરી કરવા જણાવાયું

ખેડૂત સંગઠનો દ્વારા મંગળવારે અપાયેલા ભારત બંધને પગલે કેન્દ્ર સરકારે રાજ્યો તથાકેન્દ્રશાસિત પ્રદેશોને દિશા નિર્દેશ જારી કર્યા છે જેમાં ખેડૂત સંગઠનો અને વિપક્ષો પણ જોડાયેલા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ દિવસે શાંતિ અને સુરક્ષા જળવાઈ રહેવી જોઈએ. દેશવ્યાપી દિશાનિર્દેશમાં કેન્દ્રીય ગૃહમંત્રાલયે રાજ્ય સરકારો તથા કેન્દ્રશાસિત વહીવટીતંત્રોને કહ્યું છે કે, સ્વાસ્થ્ય અને સામાજિક અંતરનું કડકપણે પાલન થવાની કોરોના વાયરસની ગાઈડલાઈનનું પાલન થવાની ખાતરી કરવામાં આવે. ગૃહમંત્રાલયે સોમવારે જણાવ્યું હતું કે, રાજ્યો તથાકેન્દ્રશાસિત પ્રદેશોને જણાવવામાં આવે છે કે, ભારત બંધ દરમિયાન શાંતિ અને સુરક્ષા જળવાવી જોઈએ અને દેશમાં કોઈપણ સ્થળે અપ્રિય ઘટના ના બને તે માટે આગોતરા પગલાં લેવા પડશે. શિયાળુ સત્રમાં લવાયેલા ત્રણ કૃષિ સુધારા કાયદાઓનો વિરોધ કરી રહેલા ખેડૂત સંગઠનોએ મંગળવારે ભારત બધની હાકલ કરી છે.

## ભારત બંધ દરમિયાન દિલ્હીનું કોનોટ પ્લેસ ખુલ્લું રહેશે

કેન્દ્ર સરકારના ત્રણ કૃષિ કાયદાઓનો વિરોધ કરી રહેલા ખેડૂત સંગઠનો સાથે સરકારના મંત્રણા પડી ભાંગ્યા બાદ સંગઠનો દ્વારા મંગળવારે ભારત બંધની જાહેરાત કરવામાં આવી છે. ત્યારે દેશના અનેક ભાગોમાં તેની માઠી અસર થાય તેવા સંકેત છે. અનેક વેપારી તથા ટ્રાન્સપોર્ટ યુનિયનોનો ટેકો મળતાં આ બંધને ભારે સમર્થન પ્રાપ્ત થઈ રહ્યું છે જોકે, નવી દિલ્હી ટ્રેડર્સ એસોસિએશને કહ્યું છે કે, મંગળવારે ભારત બંધ દરમિયાન કોનોટ પ્લેસ માર્કેટ ચાલુ રહેશે.

## મોદીની નીતિઓ સમગ્ર પ્રાંત માટે જોખમી ખેડૂત આંદોલન અંગે પાક. મંત્રીનું નિવેદન

પાકિસ્તાનના મંત્રીએ ભારતના દિલ્હીમાં ચાલી રહેલા ખેડૂત આંદોલન અંગે નિવેદન આપીને ફરીવાર વિવાદ છેડ્યો છે. ચૌધરી ફવાદ હુસૈને કહ્યું છે કે, વડાપ્રધાન મોદીની નીતિઓ સમગ્ર પ્રાંત માટે ખતરો છે. ઈમરાનખાન કેબિનેટમાં સાયન્ય એન્ડ ટેકનોલોજી મંત્રી ફવાદ હુસૈને ટ્વિટમાં કહ્યું છે કે, તેમનું દિલ સરહદની બીજી બાજુ આવેલા પંજાબના ખેડૂતો તરફ છે અને લોકોને પ્રોત્સાહન આપું છું કે, તેઓ અન્યાય વિરૂદ્ધ અવાજ ઉઠાવે. આંદોલનનો ૧૨મો દિવસ છે અને દિલ્હી તેના પર ધ્યાન આપતી નથી. એવું લાગે છે કે, ભાજપ સરકાર દ્વારા પ્રોત્સાહિત ગુજરાતી હિંદુત્વને પંજાબી ખેડૂતો પ્રત્યે કોઈ વેદના નથી. શરમજનક ભારત સરકારની પંજાબ વિરોધી નીતિઓ નિર્દયી છે, મારૂં દિલ સરહદની બીજી બાજુ આવેલા મારા પંજાબી ભાઈઓ તરફી છે. બીજા ટ્વિટમાં તેમણે કહ્યું કે, કોઈપણ જગ્યાએ અન્યાય એ દરેક સ્થળે ન્યાય માટે જોખમી છે. પંજાબી ખેડૂતો સાથે થતા અન્યાય વિરૂદ્ધ આપણે બોલવું જ જોઈએ, મોદીની નીતિઓ સમગ્ર પ્રાંત માટે જોખમી છે.

## કૃષિ કાયદાઓ વિરૂદ્ધ ‘ભારત બંધ’માં કર્ણાટકના ખેડૂતો જોડાશે



(એજન્સી) બેંગ્લુરૂ, તા. ૭

કર્ણાટક રાજ્ય રિયાઠા સંઘના પ્રમુખ કે. ચંદ્રશેખરે કહ્યું હતું કે, વિવાદાસ્પદ ત્રણ કૃષિ કાયદાઓ રદ કરવાના સમર્થનમાં તેમની વિરૂદ્ધ અપાયેલા ૮મીના બંધમાં સમગ્ર કર્ણાટકમાંથી હજારો ખેડૂતો જોડાશે. ચંદ્રશેખરે પત્રકારોને જણાવ્યું હતું કે, બેંગ્લુરૂને બાદ કરતાં રાજ્યના તમામ શહેરો તથા નગરોમાં મંગળવારે રહેનારા બંધમાં ખેડૂત સંગઠનોના આશરે ૩૦૦ સભ્યો જોડાશે. બેંગ્લુરૂમાં બુધવારે તર્કસંગત બંધ હોવાથી તેને બાકાત રખાયું છે. તેમણે કહ્યું કે, તમામ સભ્યો રાજ્યના બધા શહેરો તથા ગામોમાં બંધ પાળશે અને કાયદાઓ રદ કરવાની માગને સમર્થન કરતાં આખા દિવસના બંધ માટે કામ કરશે. તેમણે કહ્યું કે, સપ્ટેમ્બરમાં કેન્દ્ર સરકાર દ્વારા લવાયેલા એપીએમસી બિલ તથા જમીન બિલનો પણ તેઓ વિરોધ કરે છે આ બિલો ખેડૂતોના કલ્યાણ વિરોધી છે.

## ખેડૂત આંદોલન : સાત સરહદો સીલ હોવાથી દિલ્હીની સ્થિતિ ખરાબ

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

દિલ્હીની આસપાસ ખેડૂતોનો વિરોધ પ્રદર્શન ૧૨ દિવસમાં પ્રવેશ્યો છે અને સરકાર સાથે અનેક મંત્રણા પડી ભાંગી છે. ઉગ્ર ખેડૂતો કાયદા રદ્દ ના થાય ત્યાં સુધી વિરોધ કરવા મક્કમ છે. જો કે, દિલ્હીમાં ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ છે. દેખાવને કારણે સાત સરહદો સીલ કરવાની ફરજ પડી છે જે હરિયાણા અને ઉત્તરપ્રદેશને જોડે છે. જેમાં સિંઘુ, ટિકરી, ઔચાંડી, પિયાઓ મનિયારી, મંગેશ, ઝારોડા અને ચિલ્લા બોર્ડરનો સમાવેશ થાય છે, આના કારણે ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ છે. દિલ્હી-હરિયાણાને જોડતો નેશનલ હાઈવે-૪૪ બંને બાજુએથી બંધ છે. લોકોને વૈકલ્પિક માર્ગો પર જવાની સલાહ અપાય છે. દિલ્હી-રોહતક અને ઝારોડાનો એનએચ-૯ તમામ વાહનવ્યવહાર માટે બંધ છે. અન્ય સરહદો માત્ર કાર-ટુવ્હીલર માટે ચાલુ છે. નોઈડા ગેટ પાસેનો નોઈડા લિંક રોડ સંપૂર્ણ બંધ છે. લોકોને ડીએનડી ફ્લાયઓવર પર જવા કહેવાય છે. સત્તાવાળાઓએ નોઈડા-દિલ્હી, ગુરૂગ્રામ-દિલ્હીની સરહદો સંપૂર્ણ બંધ રાખી છે. બીજી તરફ ગાઝિયાબાદ-દિલ્હી એનએચ-૨૪ ટ્રાફિક માટે બંધ છે. આ ઉપરાંત ભારત બંધને કારણે દિલ્હીના અન્ય માર્ગો પણ બંધ કરાશે.

## મોદી સરકાર અવાજ દબાવવા માગતી હોવાથી આજે ખેડૂતો સડકો પર છે : અશોક ગેહલોત

(એજન્સી) નવી દિલ્હી, તા. ૭

કેન્દ્રની એનડીએ સરકાર પર પ્રહાર કરવાની કોઈ તક નહીં ચૂકતા રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે કૃષિ કાયદાઓ વિરૂદ્ધ દેખાવો કરી રહેલા ખેડૂતોની તરફેણમાં મજબૂત વલણ દાખવ્યો છે. તેમણે ૮મી ડિસેમ્બરે બોલાવેલા બંધનું સમર્થન કર્યું છે અને ખેડૂતો મુદ્દે રાહુલ ગાંધીના વલણને સમર્થન આપ્યું છે. તેમણે કહ્યું કે, કોણે ખેડૂતોને સડકો પર આવીને આંદોલન કરવા મજબૂર કર્યા ? આ દિશાહિન એનડીએ સરકારે ખેડૂતોને આક્રોશિત કર્યા છે. મોદી સરકારે તમામ બંધારણીય અને લોકતાંત્રિક પદ્ધતિઓ નેવે મુકી છે. મોદી સરકાર કૃષિ બિલો મુદ્દે રાજ્યો સાથે કોઈ વાત કરી નથી અને લોકોને વિશ્વાસમાં લીધા વિના જ બિલો પસાર કરી દીધા. ખેડૂતોનું આંદોલન આનું પરિણામ છે. આ મુદ્દે ગેહલોતે રાષ્ટ્રપતિ અને રાજ્યપાલોની ભૂમિકા સામે પણ પ્રશ્નાર્થ મુક્યો હતો. ગેહલોતે કૃષિ બિલો અને આંદોલન અંગે ચર્ચા કરવા માટે કોંગ્રેસ શાસિત ચાર રાજ્યોના મુખ્યમંત્રીઓ દ્વારા સમય માગવા છતાં નહીં મળવા બદલ રાષ્ટ્રપતિની ટીકા પણ કરી હતી. સરકાર લોકોને સાંભળી રહી નથી અને વિપક્ષો તથા વિવિધ ખેડૂત સંગઠનો સાથે વાત કરી રહી નથી. રાષ્ટ્રપતિ બિનભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓને મળવા માટે સમય આપતા નથી. કેન્દ્ર સરકારને લોકો તેમની લાગણી કેવી રીતે બતાવશે ? તેમણે વડાપ્રધાન મોદી પર અહંકારી વલણ દાખવતા હોવાનો આરોપ મુક્યો હતો. પ્રધાનમંત્રી મોદીનું વલણ અહંકારથી ઓછું નથી. તેઓ લોકો તથા વિપક્ષી નેતાઓનો અવાજ કેમ સાંભળતા નથી. તેમની નીતિઓ અને નિર્ણયો વિરૂદ્ધ દેખાવો, આવેદનો, ધરણા થઈ રહ્યા છે. સરકારના વિરોધને દેશવિરોધી કે રાષ્ટ્રદ્રોહ ગણવો ના જોઈએ. મોદી સરકાર અવાજ દબાવવા માગતી હોવાને કારણે આજે ખેડૂતો સડકો પર છે. રાહુલ ગાંધી અને અમરિન્દરસિંહે પંજાબમાં ટ્રેક્ટર રેલી કરી ત્યારે પણ મોદી સરકારને સંકેત ના મળ્યા.

## PM મોદીએ આગ્રા મેટ્રો પ્રોજેક્ટના નિર્માણકામનું ઉદ્‌ઘાટન કર્યું

### માળખાકીય સુધારાને કારણે સ્થાનિક પ્રવાસનને પ્રોત્સાહન મળ્યું : PM મોદી

(એજન્સી) નવી દિલ્હી, તા. ૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે ઉત્તર પ્રદેશના આગ્રામાં મેટ્રો માટે નિર્માણ કાર્યનો શુભારંભ કરાવ્યો. વડાપ્રધાને વર્ચ્યૂલ માધ્યમથી મેટ્રો રેલ પ્રોજેક્ટનો શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે ઉત્તર પ્રદેશની રાજ્યપાલ આનંદીબેન પટેલ, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ તથા કેન્દ્રીય આવાસ અને શહેરી કાર્ય રાજ્યમંત્રી હરદીપ સિંહ સહિત કેન્દ્ર તથા રાજ્ય સરકારના મંત્રી અને જનપ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા. વડાપ્રધાને આ દરમિયાન કરેલા સંબોધનમાં લોકોને અપીલ કરી છે કે તમામ કોરોના સંક્રમણની ગંભીરતાને સમજીને કોઈ ગફલત ન કરે અને તકેદારી રાખે. વડાપ્રધાને આ કાર્યક્રમના માધ્યમથી દેશને વેક્સીન અંગે પણ જાણકારી આપી. કંપની કોરોના વેક્સીનને લઈ વડાપ્રધાન મોદીએ કહ્યું કે, કોરોનાની વેક્સીનની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. તેમાં વધુ વિલંબ થાય એવું લાગતું નથી. સંક્રમણથી સાવધાનીમાં કોઈ કચાસ ન રાખવો જોઈએ. માસ્ક અને બે ગજનું અંતર ખૂબ જરુરી છે. વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યું કે, આજે શહેરી ગરીબોને પણ મફત સારવાર મળી રહી છે અને મધ્યમ વર્ગને સસ્તી દવાઓ મળી રહી છે. સસ્તી સર્જરી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. સરકારના પ્રયાસોથી વીજળીથી લઈને મોબાઈલ ફોન સુધી તેના પર ખર્ચ ઘણો ઘટ્યો છે. આજે લારી-ગલ્લા



ચલાવનારા લોકોથી માંડીને ગરીબ અને મધ્યમવર્ગના કલ્યાણ માટેની યોજનાઓ ખરેખર અમલમાં મુકી શકાઈ છે અને આ જ તો સબ કા સાથ ..સબ કા વિશ્વાસની વ્યાખ્યા છે.છેલ્લા કેટલાક સમયથી જે સુધારા થઈ રહ્યા છે તેનાથી દેશમાં નવો આત્મ વિશ્વાસ આવ્યો છે. પીએમ મોદીએ કહ્યુ હતુ કે, જો તમે ધ્યાનથી જોશો તો તમને પણ સરકાર જે કામ કરી રહી છે તેનાથી સંતોષ થશે.તમારી અંદર પણ નવો વિશ્વાસ આવશે અને દરેક ચૂંટણીમાં લોકોનો વિશ્વાસ જોવા પણ મળી રહ્યો છે.બે દિવસ પહેલા જ હૈદ્રાબાદના ગરીબ અને મધ્યમવર્ગના લોકોએ સરકારના પ્રયાસોને આશીર્વાદ આપ્યા છે.તમારો સાથ અને સમર્થનના કારણે મને નવા નવા વિચારોને અમલમાં મુકવાની હિંમત મળી રહી છે.

## ભારત બંધની જાહેરાતના એક દિવસ પૂર્વે ભાજપના આઈટી સેલે નવું ટ્રેન્ડ ચલાવ્યું - ખેડૂતો મોદી સાથે છે

(એજન્સી) તા.૭

એવું લાગે છે કે, ભાજપના આઈટી સેલે ખેડૂતોના દેખાવોને નિશાન બનાવવાનું કામ ચાલી કરી દીધું છે. તેમના વિરોધી અભિયાન હવે શરૂ કરી દેવાયું છે. ટ્વિટર પર એક હેશટેગ ટ્રેન્ડ કરવામાં આવી રહ્યું છે કે હવે ખેડૂતો મોદી સાથે છે. આ ટ્વિટર હેશટેગ પર કેન્દ્રની મોદી સરકાર તથા ખેડૂત કાયદાના સંબંધમાં અનેક સમર્થનવાળી ટિપ્પણીઓ કરવામાં આવી રહી છે. ત્યાં પંજાબ અને મહારાષ્ટ્રના ખેડૂતોના વીડિયો પોસ્ટ કરવામાં આવી રહ્યા છે. જેમાં એવા દાવા કરવામાં આવી રહ્યા છે કે કેન્દ્રની મોદી સરકારના આ કાયદાની મદદથી ખેડૂતોને કેટલો ફાયદો થઈ રહ્યો છે. વીડિયોમાં અનેક ખેડૂતોને વડાપ્રધાન મોદીના સમર્થક ગણાવી દેવાયા છે. પોપ્યુલર સિંગર દલેર મહેંદીના એક વીડિયોમાં ખેડૂતોને કાયદાને સમર્થન આપવા અપીલ કરવામાં આવી છે અને મોદીમાં વિશ્વાસ રાખવા અપીલ કરાઈ છે. ટ્વિટર પર આ વીડિયો શેર પણ ભારે માત્રામાં કરવામાં આવી રહ્યો છે. જો કે ટ્વિટર પર અનેક કાર્ટૂન પોસ્ટ પણ શેર કરવામાં આવી રહી છે તેમાં ખેડૂતોને ખાલિસ્તાની અને ઈસ્લામિસ્ટ કહી દેવામાં આવ્યા છે. ભાજપના ફેસબુક પેજ પર એક પોસ્ટ મૂકવામાં આવી છે જેમાં દર્શાવાયું છે કે ખેડૂતોની આવકને બમણી કરવા માટે સરકાર કેવી રીતે પ્રતિબદ્ધ છે.

# કેન્દ્રની ભાજપ સરકારે કૃષિ કાયદા પરત ખેંચવા જોઈએ અથવા રાજીનામું આપવું જોઈએ : મમતા બેનરજી

### બંધને નહીં પણ ખેડૂતોની માંગોને સમર્થન આપો : બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી

(એજન્સી) મિદનાપોર, તા.૭

બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ જણાવ્યું હતું કે, કેન્દ્રમાં શાસક ભાજપ સરકારે ખેડૂત કાયદા પાછા ખેંચવા જોઈએ અથવા રાજીનામું આપવું જોઈએ. મમતાએ જણાવ્યું હતું કે, મોદી સરકારે તાત્કાલિક રીતે લોક વિરોધી કાયદાને પરત ખેંચવા જોઈએ. વેસ્ટ મિદનાપોરમાં એક રેલીને સંબોધિત કરતાં મમતાએ જણાવ્યું હતું કે, તેઓ ભાજપના કુશાસન સામે ચુપ બેસવાના બદલે જેલમાં જવાનું પસંદ કરશે. તેઓ હવે ભાજપના ગેરવહીવટ સામે મૌન નહીં રહે પછી ભલે તેમને જેલમાં પણ કેમ ન રહેવું પડે. મમતાએ જણાવ્યું હતું કે, ખેડૂતોના અધિકારો પર તરાપ માર્યા બાદ મોદી સરકારને કેન્દ્રમાં શાસન કરવાનો કોઈ અધિકાર નથી. તેમણે આ કાયદા પરત ખેંચવા જોઈએ અથવા તો રાજીનામું આપવું જોઈએ. ભાજપને બહારી પાર્ટી ગણાવતાં ટીએમસીના સુપ્રીમો અને રાજ્યના



મુખ્યમંત્રી મમતાએ જણાવ્યું હતું કે, તેઓ ક્યારેય બંગાળને કેસરિયા બ્રિગેડને નિયંત્રણ મેળવવા દેશે નહીં. તેમણે રાજ્યના લોકોને પણ અપીલ કરી હતી કે, તેઓ પણ આવા કોઈ પ્રયાસોથી દૂર રહે. સતત ત્રીજી વખત શાસનમાં સ્થાપિત થયા બાદ તેમની સરકાર આગામી વર્ષે જૂન બાદ પણ મફતમાં લોકોને રાશન ઉપલબ્ધ કરાવશે, એમ મમતાએ જણાવ્યું હતું. બંગાળ વિધાનસભાની ૨૯૪ બેઠકો માટે આગામી વર્ષે એપ્રિલ-મેમાં ચૂંટણી યોજાશે.

# ખેડૂત આંદોલન : એવોર્ડ પરત કરવા રાષ્ટ્રપતિભવન જઈ રહેલા રમતવીરોને અડધા રસ્તે અટકાવાયા

### ખેડૂતોના આંદોલનને વ્યાપક સમર્થન, બોક્સર વિજેન્દ્રસિંહ સહિતના વર્તમાન અને પૂર્વ ખેલાડીઓ સમર્થનમાં



નવી દિલ્હી, તા.૭

કૃષિ કાયદાઓના વિરોધમાં આંદોલનકારી ખેડૂતોને સમાજના અનેક વર્ગોનું સમર્થન મળી રહ્યું છે. સોમવારે અનેક પૂર્વ અને વર્તમાન ખેલાડીઓ કૃષિ કાયદાઓના વિરોધમાં પોતાના એવોર્ડ પરત કરવા માટે રાષ્ટ્રપતિ ભવન તરફ કૂચ કરી હતી. આ દરમિયાન દિલ્હી પોલીસે તેઓને રસ્તામાં જ રોકી લીધા હતા. દિલ્હી બોર્ડર પર ચાલી રહેલા ખેડૂતોના વિરોધ પ્રદર્શનને વિપક્ષ સહિત લગભગ મોટાભાગના રાજકીય દળો સમર્થન આપી ચૂક્યા છે. આ સિવાય કેટલીક ફિલ્મી હસ્તીઓ પણ તેમના કૃષિ કાયદાના વિરોધમાં આંદોલનકારી ખેડૂતોના સમર્થનમાં આવી હતી. આ દરમિયાન પંજાબ અને અન્ય રાજ્યોના આશરે ૩૦ પૂર્વ અને વર્તમાન ખેલાડીઓએ પણ પોતાનુ સન્માન પરત કરવાનું એલાન કર્યુ હતું. જોકે આજ રોજ રાષ્ટ્રપતિ ભવન તરફ કૂચ કરેલા ખેલાડીઓને દિલ્હી પોલીસે રસ્તામાં જ અટકાવી દીધા હતા. નોંધનીય છે કે કૃષિ કાયદાના વિરોધમાં કેટલાક દિવસ પહેલા જ આ રીતે કેન્દ્ર સરકારને એવોર્ડ પરત કરવાની શરૂઆત થઈ હતી, જેમાં સૌ પહેલા પંજાબના પૂર્વ મુખ્યમંત્રી પ્રકાશ સિંહ બાદલે તેમનું પદ્મ વિભૂષણ સન્માન પરત કર્યું હતું, એ પછી કેટલાક લેખકો તરફથી સાહિત્ય એકેડમી એવોર્ડ પરત કરવામાં આવ્યા હતા. આ પહેલા બોક્સર વિજેન્દ્ર સિંહ પણે ખેડૂતોને સમર્થન આપવા દિલ્હી બોર્ડર પહોંચ્યા હતા, જ્યાં તેમણે એલાન કર્યુ હતું કે જો કેન્દ્ર સરકાર નવા કૃષિ કાયદાને પરત નથી ખેંચતી તો તેઓ પોતાનો ખેલ રતન પરત કરશે. તેમની પહેલા રેસલર ખલીએ પણ ખેડૂત આંદોલનને સમર્થન કર્યુ હતું.

# કૃષિ કાયદાનો વિરોધ કરવા પોતાના ઘર નજીક ધરણાં પર બેઠેલા અખિલેશ યાદવની અટકાયત

લખનૌ, તા.૭

કૃષિ કાયદાની વિરૂદ્ધ લખનૌમાં પણ વિરોધ ચાલી રહ્યો છે. ખેડૂત યાત્રાની શરૂઆત કરવા કન્નૌજ જઇ રહેલા સમાજવાદી પાર્ટીના ચીફ અને યૂપીના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવની અટકાયત કરવામાં આવી છે. પહેલા તેમના ઘરની બહાર બૈરિકેડિંગ કરવામાં આવી હતી, ત્યારબાદ અખિલેશ ત્યાં નજીકમાં જ ધરણા પર બેસી ગયા હતા, પરંતુ હવે તેમની અટકાયત કરવામાં આવી છે. અખિલેશનો આરોપ છે કે પ્રશાસને તેમની ગાડીઓને જપ્ત કરી છે. અખિલેશ યાદવની અટકાયત કરવામાં આવ્યા બાદ ઈકો ગાર્ડન મોકલવામાં આવી રહ્યા છે, જ્યાં તેમને કસ્ટડીમાં રાખવામાં આવશે. તમામ વિરોધ છતા અખિલેશ યાદવ કન્નૌજ ચાલતા રવાના થઈ રહ્યા છે અને રોડ પર જ ધરણા પર બેસી ગયા છે. અખિલેશ યાદવે કહ્યું કે, જો ખેડૂતો માટે બનેલા કાયદાથી ખેડૂતો ખુશ નથી તો પછી સરકાર તેને પાછો ખેંચી લે. ખેડૂતોનો અવાજ સરકાર સાંભળી નથી રહી. અખિલેશ યાદવે કહ્યું કે, તેમના કાર્યકર્તાઓની પ્રદેશના અનેક જિલ્લાઓમાં ધરપકડ કરવામાં આવી રહી છે અને અમને કન્નૌજ નથી જવા દેવામાં આવી રહ્યા. જો આમને પણ જેલમાં નાંખવા છે, તો અમને પણ જેલમાં નાંખી શકે છે. અખિલેશે કહ્યું કે, હું કન્નૌજ જઈ રહ્યો છું, ગાડી રોકવામાં આવી છે, પરંતુ જ્યાં સુધી બનશે ત્યાં સુધી ચાલતો જઈશ. અખિલેશે કહ્યું કે, સરકારે ખેડૂતોની આવક બમણી કરવાનો વાયદો કર્યો હતો, પરંતુ આજે ખેડૂતોને બરબાદ કરનારો કાયદો લાવવામાં આવ્યો છે. અખિલેશ યાદવે પણ આ મુદ્દા પર કટાક્ષ કરતા શાયરી ટ્વીટ કરી અને સરકાર પર નિશાન સાધ્યું. અખિલેશ યાદવે ટ્વીટ કરીને લખ્યું કે, 'જહાં તક જાતી નજર વહાં તક લોગ તેરે ખિલાફ હૈ, એ ઝુલ્મી હાકિમ તુ કિસ-કિસ કો નજરબંધ કરેગા.' ઉલ્લેખનીય છે કે અખિલેશ યાદવે સોમવારના કન્નોજ જવાનું હતુ, જ્યાં તેમણે સમાજવાદી પાર્ટી દ્વારા બોલાવવામાં આવેલી ખેડૂત યાત્રાની શરૂઆત કરી હતી, પરંતુ સોમવાર સવારે જ લખનૌમાં વિક્રમાદિત્ય માર્ગ પર સપા ઑફિસથી અખિલેશ યાદવના ઘર સુધી પોલીસ તૈનાત કરી દેવામાં અને બૈરિકેડિંગ કરી દેવામાં આવ્યું. આ દરમિયાન અહીં કોઈના પણ આવવા-જવા પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો. પ્રદર્શન કરી રહેલા સમાજવાદી પાર્ટીના કાર્યકર્તાઓને કસ્ટડીમાં લેવામાં આવ્યા.

## મને શાંતિપૂર્ણ રીતે પ્રદર્શન કરતાં અટકાવવો વિશેષાધિકારનો ભંગ : લોકસભાના સ્પીકરને અખિલેશ યાદવનો પત્ર

પોતાના ઘર નજીક ખેડૂતોના સમર્થનમાં દેખાવો કરવા બદલ ઉત્તરપ્રદેશ પોલીસ દ્વારા અટકાયતમાં લેવાતાં સમાજવાદી પાર્ટીના નેતા અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે લોકસભાના સ્પીકરને પત્ર લખ્યો હતો. તેમણે આ મામલે ફરિયાદ કરવા જણાવ્યું હતું કે, મને શાંતિપૂર્ણ રીતે પ્રદર્શન કરતાં અટકાવવો એ વિશેષાધિકારના ઉલ્લંઘન સમાન છે. સ્પીકર ઓમ બિરલાને લખેલા પત્રમાં અખિલેશે જણાવ્યું હતું કે, તેઓ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી રહી ચૂકયા છે અને તેઓ સાંસદ પણ છે. છતાં તેમને કન્નોજમાં પાર્ટીના કાર્યક્રમમાં સામેલ થતાં અટકાવવામાં આવ્યા હતા. પોલીસે તેમના ઘરની ઘેરાબંધી કરી હતી અને તેમના વાહનો પણ કબ્જે લેવામાં આવ્યા હતા. તેમણે આ મામલે સ્પીકરને તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની માંગ કરી હતી. તેમજ એ વાતની પણ ખાતરી આપવા જણાવ્યું હતું કે, તેમના લોકશાહી અધિકારોની જાળવણી કરવામાં આવશે.

# તેલંગાણા કોંગ્રેસના કોષાધ્યક્ષ નારાયણ રેડ્ડીએ રાજીનામું આપ્યું, ભાજપમાં સામેલ થવાની સંભાવના વ્યક્ત કરી

(એજન્સી) તા.૭

તેલંગાણામાં કોંગ્રેસને વધુ એક આંચકો લાગ્યો છે. એઆઈસીસી મેમ્બર અને તેલંગાણા કોંગ્રેસના કોષાધ્યક્ષ ગુડુર નારાયણ રેડ્ડીએ પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. આ બાબતે તેમણે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીને પત્ર લખ્યો છે. રેડ્ડી લગભગ ચાર દશકા સુધી કોંગ્રેસમાં સક્રિય હતા. સૂત્રો મુજબ તેઓ ભાજપમાં સામેલ થવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. સોમવારે સોનિયા ગાંધીને સંબંધિત એક પત્રમાં ગુડુર નારાયણ રેડ્ડીએ જણાવ્યું કે, તેમણે ૧૯૮૧માં પોતાના વિદ્યાર્થી જીવનથી લઈને આજ સુધી કોંગ્રેસ પાર્ટીની સેવા કરી છે. કોંગ્રેસના નેતૃત્વને આભાર વ્યક્ત કરતા તેમણે જણાવ્યું હતું કે, તે હવે તેલંગાણા કોંગ્રેસના કોષાધ્યક્ષ. એઆઈસીસી સભ્ય અને પાર્ટીની પ્રાથમિક સભ્યતાથી પોતાના પદ પરથી રાજીનામું આપી રહ્યો છું. આ પહેલાં તેલંગાણામાં અભિનેત્રીથી રાજનેતા બનેલી વિજયાશાંતિએ પણ કોંગ્રેસનો સાથ છોડી દીધો હતો અને હવે ભાજપના સભ્ય બની રહી છે. ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસ ગ્રેટર હૈદરાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણીમાં માત્ર બે વોર્ડ જીતવામાં સફળ રહી. આ ચૂંટણીના પરિણામ પછીથી કોંગ્રેસમાં હીલચાલ ઝડપી થઈ છે. તેલંગાણામાં સત્તાધારી ટીઆરએસ ૧૫૦ વોર્ડવાળી જીએચએમસી ચૂંટણીમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઊભરી છે. તેણે ૫૫ વોર્ડ જીત્યા છે. જ્યારે ભાજપે આ ચૂંટણીમાં ઓવૈસીની પાર્ટીને પછાડતા બીજા ક્રમે કબજો કર્યો છે.

# વર્તમાન કોર્પોરેટરોએ GHMCની ચૂંટણીમાં ખેલ બગાડવાનું કામ કર્યું

(એજન્સી) તા.૭

ગ્રેટર હૈદરાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (જીએચએમસી)ની ચૂંટણી સત્તાધારી ટીઆરએસ માટે નુકસાનકારક સાબિત થઈ. આ કારણે જ તેણે ૩૪ ડિવિઝનમાં સત્તા ગુમાવવી પડી. તેને ફક્ત એક જ નિર્ણય ભારે પડ્યો કે, તેણે વર્તમાન કોર્પોરેટરોને જ ફરી મેદાને ઊતારી દીધા હતા. જેમની સામે અનેક લોકોને નારાજગી હતી. વર્તમાન કોર્પોરેટરોને રેકોર્ડ પણ અત્યંત દયનીય રહ્યો છે અને આ મામલે ખુદ તેમની પાર્ટીના ધારાસભ્યોએ ધ્યાન દોર્યું હતું. જો કે, તેમ છતાં સત્તાધારી પાર્ટીએ તેમની સલાહોની અવગણના કરી હતી. તેના પરિણામ સ્વરૂપે ૩૪ વર્તમાન કોર્પોરેટરોએ ચૂંટણીમાં પરાજયનો સ્વાદ ચાખ્યો હતો. જો ટીઆરએસએ આ કોર્પોરેટરોને પડતા મૂક્યા હોત તો અને ધારાસભ્યોની સલાહ પર અમલ કર્યો હોત તો કદાચ તે ફરીવાર ૮૯થી વધુ બેઠકો જીતવામાં સફળ રહ્યો હોત. ૯૯ બેઠકોમાંથી ટીઆરએસ તરફથી ૭૮ કોર્પોરેટરને રીનોમિનેટ કરાયા હતા અને ૨૧ વર્તમાન કોર્પોરેટરને પડતા મૂકાયા હતા. તેમાંથી ૪૪ જેટલા જીતવામાં સફળ રહ્યા હતા. ટીઆરએસના આંતરિક સૂત્રોએ જણાવ્યું કે, ઈન્ચાર્જે હાઇ કમાન્ડને જણાવી દીધું હતું કે, વર્તમાન કોર્પોરેટરોને બદલી નાખવાની જરૂર છે. પરંતુ સત્તાધારી પાર્ટીના ટોચના નેતૃત્વે તેમની ભલામણ પર ધ્યાન જ આપ્યું નહોતું, જ્યાં પણ કોર્પોરેટરો બદલવામાં આવ્યા હતા અને તેમની જગ્યાએ નવા ઉમેદવારોને મેદાને ઊતારાયા હતા ત્યાં સારા પરિણામ મળ્યા હતા.

# ત્રિપુરામાં મુશ્કેલી વધી, બળવાખોર ભાજપ ધારાસભ્યએ મુખ્યમંત્રી વિરોધી અભિયાન શરૂ કર્યું

(એજન્સી) તા.૭

ત્રિપુરામાં મુખ્યમંત્રી બિપ્લવ દેબની મુશ્કેલી વધી રહી છે. કેમ કે, તેનું મોટું કારણ ભાજપના જ ધારાસભ્ય વિનોદ સોનકર છે જેઓ હાલ ભાજપથી નારાજ ચાલી રહ્યા છે. તેમના માટે બળવાખોર નેતા શબ્દનો પ્રયોગ પણ શરૂ થઈ ગયો છે. તેઓએ હવે બિપ્લવ હટાવો અને ભાજપ બચાવો અભિયાનની શરૂઆત કરી દીધી છે. તેમનું આ અભિયાન સીધે સીધું મુખ્યમંત્રી વિરોધી બની ગયું છે. તેમણે અગરતલાથી આ અભિયાનની શરૂઆત કરી હતી અને સાથે જ નેતૃત્ત્વમાં ફેરફારની માગ પણ કરી હતી. જો કે તેમના દ્વારા આ અભિયાનની શરૂઆત પણ એવા સમયે કરવામાં આવી હતી જ્યારે ભાજપના વડા જે.પી. નડ્ડા અગરતલાની મુલાકાતે જવાના છે. આ દરમિયાન ભાજપના ધારાસભ્ય સુદીપ રૉય બર્મન પણ ઓક્ટોબરમાં દિલ્હી પહોંચ્યા હતા અને તેમણે કેન્દ્રના નેતૃત્વ સાથે મુલાકાત કરી હતી. રૉય બર્મન કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા હતા. આ ઘટનાક્રમ ત્રિપુરા વિધાનસભા ચૂંટણી પહેલાં બન્યું હતું અને તેમણે મુખ્યમંત્રી પદ માટે દાવો પણ કર્યો હતો અને ત્યારે દેબને મુખ્યમંત્રી જાહેર કરી દેવામાં આવ્યા હતા. ભાજપે પહેલીવાર ઉત્તરપૂર્વના આ રાજ્યમાં ચૂંટણી જીતી હતી.

# ગ્રેટર નોએડાની મહિલાનું કહેવું છે કે, ખેડૂતોનો વિરોધ રોકવા માટે સરકારે તેમની ચંપલો છીનવી લીધી, વીડિયો વાયરલ

(એજન્સી) તા.૭

દિલ્હીની સીમા પર ચાલી રહેલા ખેડૂતોના વિરોધને ધ્યાનમાં રાખતા એક મહિલાએ દાવો કર્યો છે કે પોલીસ અને સરકારે તેના ચંપલ છીનવી લીધા જેથી વિરોધ પ્રદર્શન રોકાઈ જાય. ઠાકુર ગીતા ભારતી એક મહિલા ખેડુત છે અને ગ્રેટર નોએડામાં વિરોધ કરનારા સમૂહનો એક ભાગ છે. વિરોધ સ્થળ પરથી તેમના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

**કોણ છે ગીતા ભારતી ?**

મહિલા જેણે દાવો કર્યો કે તેની ચંપલ છીનવી લેવામાં આવી હતી, તેણે વીડિયોમાં પોતાને ઠાકુર ગીતા ભારતી તરીકે ઓળખ કરાવી અને જણાવ્યું કે તે કિશાન એકતા સંઘના મહિલા મોર્ચાની અધ્યક્ષ છે. મહિલાઓ અને ખેડૂત સમુહોના અન્ય સભ્યોથી ઘેરાયેલી ગીતા ભારતીએ દાવો કર્યો કે સરકાર અને પોલીસે તેની ચંપલ છીનવી લીધી જેથી વિરોધને રોકી શકાય.

ઠાકુર ગીતા ભારતીએ, વીડિયોમાં જણાવ્યું કે હું ઠાકુર ગીતા ભારતી, ખેડૂત એકતા સંઘ મહિલા વિંગની અધ્યક્ષ છું. પોલીસ અને સરકારે આ વિચારીને મારી ચંપલો છીનવી લીધી કે ખેડૂત વિરોધ કરવાનું બંધ કરી દેશે. પરંતુ હું ઉઘાડા પગે લડીશ. હું તેમની વિરૂદ્ધ એફઆઈઆર નોંધાવીશ. કોઈ રીતે સેન્ડલની જોડી, હવે હું તે ક્યાંથી મેળવીશ ? સરકારે મારી સેન્ડલ પરત આપવી પડશે.

**ખેડૂતો દિલ્હીમાં કેમ પ્રદર્શન કરી રહ્યા છે ?**

કેન્દ્ર સરકાર દ્વારા ત્રણ નવા કાયદા લાગુ કરવાના વિરોધમાં સંપૂર્ણ ભારતમાં ખેડુત સંઘોએ આંદોલન શરૂ કર્યુ છે. હજારો ખેડૂત જે વધુ પડતા પંજાબ અને હરિયાણાના છે. દિલ્હીની સીમાઓ પર છાવણી લગાવીને નવા કાયદા પરત લેવું અને ન્યુનતમ સમર્થન મુલ્ય માટે કાયદાકીય ગેરંટી માંગી રહ્યા છે. ખેડૂતોએ ૮ ડિસેમ્બરે ભારત બંધનું આહવાન કર્યું છે.

# દુર્ઘટનાગ્રસ્ત થયેલ MiG-29Kના ગુમ થયેલા પાયલટનો મૃતદેહ ૧૧ દિવસ પછી મળી આવ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

૨૬ નવેમ્બરે દુર્ઘટનાગ્રસ્ત થયેલ MiG-29Kના ગુમ થયેલા પાયલટનો મૃતદેહ મળી આવ્યો હતો. MiG-29Kના ગુમ પાયલટ કમાન્ડર નિશાંત સિહંનો મૃતદેહ દરિયાના પાણીથી ૭૦ મીટર નીચેથી મળ્યો હતો. ઈન્ડિયન નેવીના અધિકારીઓ દ્વારા અપાયેલી માહિતી મુજબ ગુમ પાયલટની શોધની લાંબી પ્રક્રિયા બાદ તેમનો મૃતદેહ ગોવા દરિયા કિનારેથી ૩૦ મીલ દુર મળ્યો હતો. ૨૬ નવેમ્બરે અરબ સાગર ઉપર સંચાલન દરમિયાન નેવીનુ MiG-29K વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ એક ટ્રેની વિમાન હતું. દુર્ઘટના બાદ એક પાયલટને શોધી લેવામાં આવ્યા હતા, પરંતુ અન્ય એક પાયલટની શોધ ચાલી રહી હતી. નેવીએ આપેલી માહિતી અનુસાર ૨૬ નવેમ્બરે આશરે ૫ વાગ્યે MiG-29K અરબ સાગર પરથી પસાર થયા દરમિયાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. જો કે, વિમાનના દુર્ઘટનાગ્રસ્ત થવા પર કોઇ કારણ બહાર આવ્યુ નથી. આ મુદ્દે તપાસ ચાલી રહી હોવાના અહેવાલ છે.

# આજે ભારત બંધ : માર્કેટ, ટ્રાન્સપોર્ટ ક્ષેત્રો ખુલ્લાં રહેશે, જાણો વધુ વિગતો

(એજન્સી) નવી દિલ્હી, તા. ૭

કૃષિ કાયદાઓ વિરૂદ્ધ ચાલી રહેલા આંદોલન વચ્ચે ૯મી ડિસેમ્બરે ખેડૂતો અને સરકાર વચ્ચે છઠ્ઠા તબક્કાની મંત્રણા યોજાશે. આ પહેલાં વિરોધ કરતાં ખેડૂતોએ ૮મી ડિસેમ્બરે બંધનું આહ્‌વાન કર્યું છે. આ દેશવ્યાપી બંધને વિપક્ષો તથા વેપારી અને ટ્રાન્સપોર્ટ યુનિયનોનેએ સમર્થન આપ્યું છે. જો કે, ટોચનું ટ્રાન્સપોર્ટ સંગઠન બંધમાં જોડાયું નથી. ઓલ ઈન્ડિયા ટ્રાન્સપોર્ટ વેલ્ફેર એસોસિએશન અને કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સે કહ્યું છે કે, દેશના બજારો અને ટ્રાન્સપોર્ટ આઠમી ડિસેમ્બરે ભારત બંધમાં સામેલ નથી. દિલ્હી સહિતના બજારો ખુલ્લાં રહેશે અને બિઝનેસ પ્રવૃત્તિઓ ચાલુ રહેશે. ટ્રાન્સપોર્ટ ક્ષેત્ર પહેલાંનીજેમ ચાલુ રહેશે અને સામાનની અવર જવર સંપૂર્ણ રીતે ચાલુ રહેશે. આ તમામ સંગઠનોના પ્રમુખો, જનરલ સેક્રેટરીઓએ સંયુક્ત નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે, ખેડૂતોને અમારૂં સમર્થન છે પરંતુ ભારત બંધમાં અમે સામેલ નથી. નિવેદનમાં જણાવાયું છે કે, જ્યારે ખેડૂતોની મંત્રણા ચાલુ છે ત્યારે ભારત બંધને યોગ્ય ગણાવી ના શકાય. દેશના વેપારીઓ અને ટ્રાન્સપોર્ટરોની લાગણી ખેડૂતો સાથે છે કારણ કે, તેઓ વેપારીઓ અને ટ્રાન્સપોર્ટરોની જેમ દેશના અર્થતંત્રના અભિન્ન ભાગ અને મહત્ત્વના છે. અમને વિશ્વાસ છે કે, ખેડૂતો અને સરકાર વચ્ચેની મંત્રણાના સકારાત્મક પરિણામ આવશે. દેશના ખેડૂતોને આશ્વાસન આપવું જોઈએ કે, તેમને તેમના બાકીના નફાના લેણા મળશે. ખેડૂતોને તેમની જમીનમાં મુક્ત અને સારો પાક ઉત્પાદન કરવાનું વાતાવરણ પૂરૂં પાડવું જોઈએ. આ સ્થિતિમાં ખેડૂતોને અમારૂં સંપૂર્ણ સમર્થન અને સહકાર છે.

# જ્હોની લીવરે સંભારણા વાગોળ્યા : 'બાદશાહ'ના શૂટિંગ દરમ્યાન શાહરૂખખાને કેવી રીતે તેના પિતાની સર્જરી માટે મદદ કરી હતી

(એજન્સી) મુંબઇ, તા.૭

બોલિવૂડમાં કલાકારો એકબીજાને જરૂર પડ્યે મદદ કરતાં હોય છે. કોઈ દેખાડો કરતાં હોય તો કોઈ ન કરતાં હોય. ત્યારે હાલમાં શાહરૂખ ખાનની એક દરિયાદીલી વિશે વાત કરવામાં આવી રહી છે. બોલિવૂડના શ્રેષ્ઠ હાસ્ય કલાકાર જોની લિવરએ આ વાતનો ખુલાસો કર્યો છે. બોલિવૂડમાં ભાગ્યે જ કોઈ મોટો અભિનેતા હશે જેની સાથે જોની લિવરે કામ ન કર્યું હોય. જોની લિવરે શાહરૂખ ખાન સાથે અનેક સુપરહિટ ફિલ્મોમાં કામ કર્યું છે. હાલમાં જ જોની લિવરે ઘટનાને યાદ કરતાં કેવી રીતે બાદશાહ ફિલ્મના શૂટિંગ દરમિયાન શાહરૂખ ખાને તેના બીમાર પિતાને મદદ કરી એના વિશે વાત કરી હતી. એક ઈન્ટરવ્યુમાં જોની લિવરે કહ્યું કે-એક સમય એવો હતો જ્યારે તે પોતાની પર્સનલ લાઈફમાં ખૂબ જ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યો હતો. પરંતુ ફિલ્મોમાં તો કોમેડી સીન કરવા પડતા હતા. વાત કરતાં જોનીએ કહ્યું કે તેના પિતાનું ઓપરેશન થવાનું હતું પરંતુ તે ફિલ્મોમાં ખૂબ વ્યસ્ત હતો. જો કે, જોની લિવરે તેની વ્યક્તિગત



મુશ્કેલીઓને તેના કામની વચ્ચે ક્યારેય આવવા ન દીધી અને તેની સમસ્યાઓ કોઈની સાથે શેર પણ ન કરી. જોનીએ જણાવ્યું કે-કોઈક રીતે શાહરૂખ ખાનને તેના પિતા વિશે ખબર પડી ગઈ. જો કે જોની તેના વિશે વધુ વાત કરવા નહોતો માંગતો પણ શાહરૂખે તેને પૂછ્યું કે જો કોઈ મદદની જરૂર હોય તો કે કરવા માટે તૈયાર છે. આમ તો શાહરૂખ ખાન પણ જોની લિવરની પ્રશંસા કરે છે. એક ઈન્ટરવ્યુમાં શાહરૂખે કહ્યું હતું કે બહુ ઓછા લોકો જાણે છે કે જોની લિવર તેની પર્સનલ લાઇફમાં ખૂબ સીરિયસ વ્યક્તિ છે. શાહરૂખે એમ પણ કહ્યું કે જોની લિવર હંમેશાં જરૂરતમંદોને મદદ કરવાં માટે તત્પર રહે છે.

# આ થોડીક મહત્ત્વકાંક્ષી છે, તમારે પાછી ખેંચી લેવી જોઈએ : પક્ષપાતના આરોપોનો સામનો કરી રહેલા જજ પાસેથી અર્નબને નિરાશા સાંપડી, રિપબ્લિક ટીવીના સંસ્થાપકની સુપ્રીમે અરજી સાંભળવાનો જ ઈનકાર કરી દીધો

(એજન્સી) તા.૭

રિપબ્લિક ટીવી અને અર્નબ ગોસ્વામીને સુપ્રીમ કોર્ટે રાહત આપવાનો જ ઈનકાર કરી દીધો. સુપ્રીમ કોર્ટે રિપબ્લિક ટીવી સામે દાખલ કરાયેલી તમામ એફઆઈઆર રદ્દ કરવા અને તપાસ સીબીઆઈને સોંપવા સંબંધિત અરજી સોમવારે ફગાવી દીધી હતી. જસ્ટિસ ચંદ્રચૂડે આ મામલે સુનાવણી હાથ ધરતાં કહ્યું કે, આ અરજી થોડી ઘણી મહત્ત્વકાંક્ષી લાગે છે. એના કરતા તો તમારે આ અરજી જાતે જ પાછી ખેંચી લેવાની જરૂર હતી. કોર્ટે કહ્યું કે, તમે ઈચ્છો છો કે મહારાષ્ટ્ર પોલીસ કોઈપણ કર્મચારીની ધરપકડ ના કરે અને કેસને સીબીઆઈને સોંપી દે. એના કરતાં તો સારૂં છે કે, તમે કેસ પાછો લઈ લો. અરજદારે અરજી પાછી ખેંચી લીધી છે. અરજીમાં કહેવાયું છે કે, તમામ એફઆઈઆર રદ્દ કરી દેવામાં આવે અને તમામ મામલે તપાસ સીબીઆઈને સોંપી દેવામાં આવે. ઉપરાંત કોઈ સંપાદકીય અને અન્ય કર્મચારીની મહારાષ્ટ્ર પોલીસ દ્વારા ધરપકડ ન કરવામાં આવે. ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટના જજ જસ્ટિસ ચંદ્રચૂડ અને ઈન્દિરા બેનરજીની બેન્ચ પર પક્ષપાત કરવાનો આરોપ પણ મૂકાયો હતો, જેના કારણે બેન્ચ વધુ અકળાઈ હતી. આ દરમિયાન સુનાવણી વખતે બેન્ચે ગોસ્વામીના કેસને ત્વરિત લિસ્ટિંગ આપવાની પણ આકરી ઝાટકણી કાઢી હતી. સુપ્રીમ કોર્ટના બાર એસોસિએશનના અધ્યક્ષ દુષ્યંત દવેએ પણ ટોચની કોર્ટની ઈન્ટિગ્રિટી સામે ગંભીર સવાલો ઊભા કર્યા હતા.

# નાગરિકતા સુધારા કાયદા વિરૂદ્ધ ૧૪૦ અરજીઓ સુપ્રીમ કોર્ટમાં પડતર

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

સુપ્રીમ કોર્ટમાં લગભગ એક વર્ષથી નાગરિકતા સુધારા કાયદાની સામે દાખલ થયેલ ૧૪૦ અરજીઓ પડતર છે જેના લીધે અરજદારો રખડી રહ્યા છે અને ખૂબ જ નિરાશ થયા છે.

અરજદારોમાંના એક અરજદાર રાજકારણી જયરામ રમેશે કહ્યું કે, હું ખૂબ જ નિરાશ થયો છું અને આશા રાખું છું કે, કેસની સુનાવણી તાત્કાલિક શરૂ કરવામાં આવશે. એમના વકીલ કપિલ સિબ્બલે જણાવ્યું કે, સીએએ વિરૂદ્ધની અમારી અરજી કોર્ટમાં ૩ માર્ચ ૨૦૨૦ના રોજ રજૂ થઈ હતી અને અમોએ સીજેઆઈ સમક્ષ મૌખિક રજૂઆત કરી વચગાળાના સ્ટેની માગણી કરી હતી. અન્યથા અમારી અરજી જ નિરર્થક બની જશે. સીજેઆઈએ કેસ બંધારણીય બેંચ સમક્ષ મોકલવાના સંકેતો આપ્યા હતા પણ કહ્યું હતું કે, અમે પહેલાં સબરીમાલા કેસની સુનાવણી કરીશું. જો કે, માર્ચ પછી લોકડાઉન લાગુ થતાં સુપ્રીમ કોર્ટમાં સુનાવણીઓ મર્યાદિત થઈ ગઈ હતી. માર્ચ મહિનામાં ત્રીજી વખત કાયદા સામે સ્ટેની માગણી કરાઈ હતી, જે નકારવામાં આવી હતી. ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ તરફે રજૂઆત કરનાર વકીલ હરીસ બિરને જણાવ્યું કે, જેમ કે સીએએ ઘણા પાસાઓથી અભૂતપૂર્વ છે. આ કાયદાની મુખ્ય જોગવાઈ બંધારણના મૂળભૂત માળખાની વિરૂદ્ધ છે જેના લીધે સમગ્ર દેશમાં વિરોધો થયા છે. લોકોને ભય છે કે એમને દેશમાંથી હાંકી કાઢવામાં આવશે. એ માટે સુપ્રીમ કોર્ટે લોકોનો આ ભય દૂર કરવા તાત્કાલિક સુનાવણી કરવી જોઈએ. લીગે ગયા વર્ષે ડિસેમ્બરમાં સૌથી પહેલાં અરજી દાખલ કરી હતી. સીએએ સામે વિરોધ કરનારાઓની દલીલ છે કે, આ કાયદો ધાર્મિક આધારે પસંદગીના ગેરકાયદેસર ઈમિગ્રેન્ટોનું સ્વાગત કરે છે. જે બિનસાંપ્રદાયિકતાના સિદ્ધાંત, સમાનતા અને સન્માનપૂર્વક જીવન જીવવાના અધિકારનો ભંગ કરે છે જે બંધારણના મૂળભૂત માળખાનો એક ભાગ છે.

# અભિનેતા રાહુલ રોયની બ્રેઈન સ્ટ્રોક પછી હવે તબિયત સુધારા પર

### રાહુલ રોયે ટ્વિટમાં લખ્યું, "ટૂંક સમયમાં, પાછો આવીશ"

(એજન્સી) તા.૭

અભિનેતા રાહુલ રોય જે થોડા દિવસો પહેલાં એક ફિલ્મના સેટ પર બ્રેઈન સ્ટ્રોકનો શિકાર બન્યા હતા. તે હવે સ્વસ્થ થઈ રહ્યા છે અને સોમવારે તેણે તેની ઈન્સ્ટાગ્રામ પ્રોફાઈલ પર પોતાના સ્વાસ્થ્ય વિશે અપડેટ શેર કર્યું છે. ૫૨ વર્ષીય આ અભિનેતા હાલમાં મુંબઈની નાણાવટી હોસ્પિટલમાં દાખલ છે. જ્યાં તેમના પરિવારના સભ્યોએ તેમની મુલાકાત લીધી હતી. રાહુલ રોયની બહેને એક વીડિયોમાં કહ્યું કે, તેની તબિયત ખૂબ સારા સુધારા પર છે. અમારા પરિવારને ટેકો આપવા બદલ તમારા બધાનો આભાર. આશિકીના અભિનેતાએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, હું સ્વસ્થ થઈ રહ્યો છું અને મારા બધા મિત્રો, પરિવાર અને ચાહકોનો આભાર માનું છું. મારા ચાહકો પણ મારા પરિવાર જેવા છે. જેમણે મારા ઉપર ખૂબ પ્રેમ વર્સાવ્યો અને મારા માટે દુઆ કરી. ટૂંક સમયમાં, જલ્દી જ પાછો આવીશ. બધાને મારો પ્રેમ. ઈન્ડિયન એક્સપ્રેસના અગાઉના એક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે, રાહુલ



રોયને તેમની આગામી ફિલ્મ એલએસી-લાઈવ ઈન બેટલના શૂટિંગ દરમિયાન બ્રેઈન સ્ટ્રોક થયો હતો. કારગીલમાં અતિશય ભારે હવામાન અને વાતાવરણ પરિસ્થિતિના કારણે આ સ્ટ્રોક થયો હતો. તેમને ઝડપથી કારગીલથી શ્રીનગર ખસેડાયા હતા અને ત્યારપછી મુંબઈની નાણાવટી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. ૧૯૯૦માં આવેલી મહેશ ભટ્ટની મ્યુઝિકલ હિટ ફિલ્મ આશિકીમાં અભિનય આપ્યા પછી રાહુલ રોય પ્રખ્યાત સ્ટાર બની ગયા હતા. તેમની બીજી હિટ ફિલ્મો ફીર તેરી કહાની યાદ આઈ, જુનૂન, સપને સાજન કે અને નસીબ વગેરે છે.

# દિલ્હી શૂટઆઉટ : દિલ્હી પોલીસના સ્પે. સેલે પાંચ શકમંદ આતંકીઓને ઝડપી લીધા

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

દિલ્હી પોલીસે ૫ શંકાસ્પદ ઉગ્રવાદીને ઝડપી લીધા છે, જેમાંથી ૨ પંજાબના અને ૩ કાશ્મીરના છે. શકરપુર વિસ્તારમાં આ કાર્યવાહી કરવામાં આવી છે. આ પહેલાં એન્કાઉન્ટર પણ થયું હતું. પોલીસના જણાવ્યા પ્રમાણે, આ કોઈ આંતકી સંગઠન સાથે જોડાયેલા છે, પણ હાલ એની જાણ થઈ શકી નથી, પરંતુ આૅ જીૈના નાર્કો ટેરરિઝમ નેટવર્ક સાથે જોડાયેલા છે. તેમનાં નામ શબ્બીર અહમ, અયુબ પઠાન, રિયાઝ રાઠર, ગુરજિત સિંહ અને સુખદીપ સિંહ છે, જેમાંથી એક પંજાબના શૌર્ય ચક્ર વિજેતા એક્ટિવિસ્ટ બલવિંદરસિંઘ સંધુની હત્યામાં પણ સામેલ હતો.

મળતી માહિતી પ્રમાણે, જમ્મુ-કાશ્મીરના નંબરવાળી સફેદ રંગની ગાડીમાં સવાર શંકાસ્પદોને પોલીસે અટકાવવાનો પ્રયાસ કર્યો તો તેમણે ફાયરિંગ શરૂ કરી દીધું. જે ગાડીમાં આ શંકાસ્પદ સવાર હતા એનો નંબર જેકે ૦૪બી ૮૧૭૩ છે. પોલીસે જણાવ્યું હતું કે, ઝડપાયેલા એક શંકાસ્પદનો હાથ પંજાબમાં શૌર્ય ચક્ર વિજેતા એક્ટિવિસ્ટ બલવિંદર સિંહની હત્યામાં હોવાની શંકા છે. કથિત આતંકીઓએ ૧૭ ઓક્ટોબરે એક્ટિવિસ્ટ બલવિંદરની હત્યા કરી નાખી હતી. બલવિંદર સિંહે પંજાબમાં ખાલિસ્તાની આતંકવાદના સમયમાં બહાદુરીથી આતંકીઓનો મુકાબલો કર્યો હતો. તેમની પર ૪૨ વખત હુમલા થયા હતા. એને કારણે તેમના પરિવાર સહિતને શૌર્ય ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. શકરપુર પૂર્વ દિલ્હીનો વિસ્તાર છે. આ લક્ષ્મીનગર અને મયૂર વિહાર વચ્ચે આવે છે. શકરપુરમાં કરવામાં આવેલી કાર્યવાહી સાથે જ પોલીસે આખાય શહેરમાં સુરક્ષા વધારી દીધી છે. આ પહેલાં નવેમ્બરમાં પણ દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે જૈશ-એ-મોહમ્મદના ૨ શંકાસ્પદ આતંકીને સરાય કાલે ખાંની પાસેથી ઝડપ્યા હતા.

# હું અહીં મુખ્યમંત્રી તરીકે નહીં પરંતુ સેવાદાર તરીકે આવ્યો છું, અરવિંદ કેજરીવાલે સીમા પર પ્રદર્શનકારી ખેડૂતો સાથે મુલાકાત કરી

## 'આપ'નું ભારત બંધને સમર્થન

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે દિલ્હી-હરિયાણા સીમાની મુલાકાત લીધી હતી. કેજરીવાલે જણાવ્યું કે, અમે ખેડૂતોની તમામ માંગોનિં સમર્થન કરીએ છીએ. તેમની સમસ્યા અને માંગો માન્ય છે. મારી પાર્ટી અને હું શરૂથી જ તેમની સાથે ઊભા છીએ. પોતાના વિરોધ પ્રદર્શનની શરૂઆતમાં દિલ્હી પોલીસે નવ સ્ટેડિયમોને જેલોમાં બદલવાની પરવાનગી માંગી હતી. મારી પર દબાણ નાખવામાં આવ્યું હતું. પરંતુ મે તેની પરવાનગી આપી નહીં.

તેમણે જણાવ્યું કે અમારી પાર્ટી ધારાસભ્ય અને નેતા ખેડૂતોને સેવાદાર તરીકે સેવા આપી રહ્યાં છે. હું અહીં મુખ્યમંત્રી તરીકે નહીં પરંતુ સેવાદાર તરીકે આવ્યો છું. ખેડૂત આજે મુશ્કેલીમાં છે, આપણે તેમની સાથે ઊભા રહેવું જોઈએ. આપે તેમની સાથે ૮ ડિસેમ્બરે ભારત બંધનું સમર્થન કરશે. પાર્ટી કાર્યકર્તા સંપૂર્ણ દેશમાં તેમાં ભાગ લેશે. કેજરીવાલ અનેક વિપક્ષી નેતાઓમાંથી છે, જેમણે ભારત બંધ માટે સમર્થન વધાર્યું છે, જેમણે હજારો પ્રદર્શનકારી ખેડૂતો દ્વારા બોલવવામાં આવ્યા છે. તમામ દેશવાસીઓને અપીલ છે કે, બધાએ ખેડૂતોનું સમર્થન કરવું જોઈએ અને તેમાં ભાગ લેવો જોઈએ. કાલે કોંગ્રેસે પણ ૮ ડિસેમ્બરે ખેડૂત સંઘોના આહવાન પર ભારત બંધને પોતાનું સંપૂર્ણ સમર્થન વ્યક્ત કર્યું હતું. ખેડૂતોના સમર્થનમાં કોંગ્રેસના પ્રવક્તા પવન ખેરાએ એઆઈસીસી મુખ્યાલયમાં મીડિયને સંબોધિત કરતા જણાવ્યું કે, હું આ પણ જાહેર કરવા ઈચ્છુ છું કે, કોંગ્રેસ પાર્ટી ૮ ડિસેમ્બરના ભારત બંધને પોતાનું સંપૂર્ણ સમર્થન આપે છે. સિંધુ અને ટીકરી બંને સીમાઓ પર વિરોધ પ્રદર્શન ચાલી રહ્યાં છે, જ્યાં ખેડૂત ૧૦ દિવસથી વધુ સમયથી પંજાબ અને હરિયાણાથી ભેગા થયા હતા. પ્રદર્શનકારી ખેડૂત અને કેન્દ્ર બુધવારે છઠ્ઠા તબક્કાની મંત્રણા માટે મળશે, કારણ કે મંત્રણાનો ક્રમિક સમય કોઈ પણ નિર્ણાયક પરિણામ લાવવામાં નિષ્ફળ રહ્યો. શનિવારની બેઠક પછી, કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમરે જણાવ્યું હતું કે સરકારની અંદર ચર્ચા પછી એક નવો પ્રસ્તાવ ખેડૂતોની સામે રાખવામાં આવશે. કેન્દ્રએ કાયદાની વર્ગોમાં સંશોધન કરવાની રજૂઆત કરી છે, પરંતુ ખેડૂતો, જેમાંથી હજારો દિલ્હીની સીમાઓની બહાર ડેરો જમાવીને બેઠા છે અને તેમણે રાષ્ટ્રીય રાજધાનીની નાકાબંધીની ધમકી આપી છે. ભાર આપીને જણાવ્યું કે, તેમને નીકાળવા જોઈએ.

# ખેડૂત આંદોલન દરમ્યાન નમાઝ અદા કરી રહેલા મુસ્લિમો પ્રત્યે એકતા દર્શાવવા શીખો પડખે આવ્યા

## ભારતની કોમી એકતા અને સહિષ્ણુતાની મિસાલ બનેલી અદ્‌ભૂત તસવીરોમાં નમાઝ અદા કરી રહેલા મુસ્લિમો પ્રત્યે શીખોએ અસાધારણ સન્માન દાખવી આ ક્ષણને યાદગાર બનાવી દીધી

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

એક તરફ ખેડૂત આંદોલને કેન્દ્રની મોદી સરકારની ઊંઘ હરામ કરી છે તો બીજી તરફ આ આંદોલન કોમી એકતાના પ્રતિક જેવું પુરવાર થઈ રહ્યું છે. આ પ્રદર્શનો દરમ્યાન નમાઝ અદા કરી રહેલા મુસ્લિમો પ્રત્યે આદર વ્યક્ત કરવા શીખો સુરક્ષા કવચની જેમ તેમની પડખે ઊભા રહ્યાં હતા. આ ઘટનાની તસ્વીરો પણ જોવા મળી હતી. આ તસ્વીરો ભારતની કોમી એકતાની અદ્‌ભૂત મિસાલ બની રહી હતી. આ પ્રસંગના વીડિયોમાં પણ જોવા મળ્યું હતું કે, શીખો નમાઝ પઢી રહેલા પોતાના મુસ્લિમ બંધુઓની સુરક્ષા કરી રહ્યાં હતા. જેથી મુસ્લિમ લોકો કોઈપણ અડચણ વિના શાંતિથી નમાઝ અદા કરી શકે. ખેડૂતોના પ્રદર્શન સ્થળ ખાતે આ વીડિયો ઉતારવામાં આવ્યો હતો. પત્રકાર રાણા ઐયુબ દ્વારા પોતાના સોશિયલ મીડિયા પર આ વીડિયો શેર કરવામાં આવ્યો હતો. ઐયુબે ટ્વીટર આ વીડિયો શેર કરી લખ્યું હતું કે, આ ઘટનાએ મને લાગણીસભર બનાવી દીધી હતી. ખેડૂત આંદોલન દરમ્યાન સમર્થન વ્યક્ત કરવા શીખ ભાઈઓ નમાઝ અદા કરી રહેલા મુસ્લિમ બંધુઓની નજીક ઊભા રહી ગયા હતા. ગત ૨૭ નવેમ્બરથી ધરતીપુત્રો દિલ્હી બહાર પોતાની માંગો સાથે પ્રદર્શન કરી રહ્યાં છે. મોદી સરકાર દ્વારા પસાર કરવામાં આવેલા



**દિગ્ગજ પત્રકાર રાણા ઐયુબે પોતાના સોશિયલ મીડિયા પર આ ઘટનાનો વીડિયો પોસ્ટ કરી લાગણીસભર વિચારો વ્યક્ત કર્યા**

ત્રણ કૃષિ કાયદા પરત ખેંચવા એ ખેડૂતોની મુખ્ય માંગ છે. ખેડૂતોનું માનવું છે કે, આ નવા કાયદાને કારણે તેમણે કોર્પોરેટ ગૃહો પર આધાર રાખવો પડશે અથવા તેમની દયા પર જીવવું પડશે. આ આંદોલનમાં ૫૦૦થી વધુ ખેડૂત યુનિયનો અને ટ્રાન્સપોર્ટ યુનિયનો જોડાયા છે. દિલ્હી બહાર દેખાવો કરી રહેલા ખેડૂતોએ આવતીકાલે ભારત બંધની ઘોષણા કરી છે. ખેડૂતોના આ બંધને દેશની વિવિધ રાજકીય પાર્ટીઓ અને અગ્રણી લોકોએ પોતાનું સમર્થન જાહેર કર્યું છે. બોલિવૂડની ઘણી હસ્તિઓ અને રમતવીરોએ પણ જગતના તાતને પોતાનો ટેકો જાહેર કર્યો છે.

# સરકારની હિંસા સામે સરેમાં ભારતીય વિઝા અને પાસપોર્ટ ઓફિસની બહાર રેલી યોજાઈ

(એજન્સી) વોશિંગ્ટન, તા.૭

ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બી. આર. આંબેડકરની મૃત્યુતિથિએ દક્ષિણ એશિયાના એક્ટિવિસ્ટો વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશમાં ધાર્મિક લઘુમતિઓ અને રાજકીય વિરોધીઓ સામે થઈ રહેલ અત્યાચારો વિરૂદ્ધ અવાજ ઊઠાવવા ભેગા થયા હતા. ૬ઠ્ઠી ડિસેમ્બરના રોજ ઈન્ડિયન અબ્રોડ ફોર પ્લુરાલીસ્ટ ઈન્ડિયા દ્વારા નવી દિલ્હીમાં હાલમાં ચાલી રહેલ ખેડૂતો આંદોલન દરમિયાન પોલીસની હિંસાના વિરોધમાં રેલી યોજાઈ હતી. આઈએપીઆઈએ જણાવ્યું હતું કે, અમારૂં માનવું છે કે, હાલમાં શાસન કરી રહેલ કટ્ટરવાદી હિન્દુત્વની વિચારધારા




ધરાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકાર ભારતના બંધારણ સાથે છેડછાડ કરી ભારતની લોકશાહી અને ધાર્મિક સ્વતંત્રતાને સમાપ્ત કરવા જઈ રહી છે. ૬ ડિસેમ્બર ૧૯૯૨ના રોજ ભાજપના સમર્થકોએ બાબરી મસ્જિદ તોડી હતી અને આજના દિવસે જ સરકારે ખેડૂતોનો આંદોલન કચડવા પોલીસને છૂટ્ટો દોર આપ્યો છે. ભાજપ દ્વારા વર્ષો પછી કરાયેલ કૃત્યો ભાજપનું બંધારણ પ્રત્યે અનાદર દર્શાવે છે. રેલીમાં ભાગ લેનારાઓ સરેમાં આવેલ ભારતીય વિઝા અને પાસપોર્ટની ઓફિસ બહાર ભેગા થયા હતા અને લઘુમતિઓ ઉપર થતા હુમલાઓ, રાજકીય એક્ટિવિસ્ટો જેમાં આંબેડકરના જમાઈ આનંદ તેલ્તુમ્બ્ડે પણ સામેલ છે એમની ધરપકડો સામે વિરોધ દર્શાવવા સૂત્રો પોકાર્યા હતા. રેલીમાં સંબોધન કરનારાઓએ સર્વ સંમતિથી ભાજપના બંધારણને નબળું બનાવી હિન્દુત્વ રાજની સ્થાપના અને લઘુમતિઓના અધિકારો સામે જોખમ ઊભું કરી વિરોધીઓનો અવાજ દબાવવાના એજન્ડાની આલોચના કરી હતી. વક્તાઓએ મોદી સમર્થિત મીડિયા જે રીતે ખેડૂતોને ત્રાસવાદી તરીકે ચીતરી રહી છે એની સામે રોષ પ્રકટ કર્યો હતો.

**(સૌ. : સબરંગ ઈન્ડિયા)**

# ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી (ર.અ.) વિરૂદ્ધ અપમાનજનક ટિપ્પણી સુપ્રીમકોર્ટે અમિશ દેવગન સામેની FIR રદ કરવા ઈન્કાર કર્યો

(એજન્સી) તા.૭

સુપ્રીમકોર્ટે સોમવારે સૂફી સંત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી(ર.અ.) પર ટિપ્પણી કરનારા પત્રકાર અમીશ દેવગન વિરુદ્ધ એફઆઈઆર રદ કરવાનો ઈનકાર કરી દીધો હતો. જસ્ટિસ એ. એમ. ખાનવિલકર અને જસ્ટિસ સંજીવ ખન્નાની બેન્ચે જોકે દેવગન વિરુદ્ધ તમામ એફઆઈઆરને અજમેર ટ્રાન્સ્ફર કરી દીધી. ૮ જુલાઈએ તપાસ અને પત્રકાર વિરુદ્ધ કઠોર કાર્યવાહી પર રોકનો આદેશ જારી રહેશે. ૧૫ જૂને પ્રસારિત થનારા પોતાના પ્રાઈમ ટાઈમ શોમાં ખ્વાજા



મોઈનુદ્દીન ચિશ્તી(ર.અ.) વિરુદ્ધ કરાયેલી વાંધાજનક ટિપ્પણીના આધારે દેવગન વિરુદ્ધ રાજસ્થાન, મધ્યપ્રદેશ, યુપી, મહારાષ્ટ્ર અને તેલંગાણામાં ૭ એફઆઈઆર નોંધાઈ હતી. પોતાના શો આર પારમાં પૂજા સ્થળની વિશેષ જોગવાઈઓના કાયદાના સંબંધમાં પીઆઈએલ પર ડિબેની મેજબાની કરતા અમીશે ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી(ર.અ.) જેમને ખ્વાજા ગરીબ નવાઝ પણ કહેવાય છે એક હુમલાખોર અને લૂટેરા તરીકે દર્શાવ્યા હતા. પરિણામ સ્વરૂપે તેની સામે અનેક પોલીસ ફરિયાદો અને એફઆઈઆર નોંધવામાં આવી હતી. દેવગનની અરજી વકીલ વિવેક જૈનના માધ્યમથી દાખલ કરવામાં આવી હતી જેમાં એ એફઆઈઆરને રદ કરવાની માગ કરાઈ હતી જેમાં આઈપીસીની કલમ ૨૯૫એ, ૧૫૩એ, ૫૦૫ અને, ૩૪ હેઠળ આરોપ લગાવાયા હતા.

# બંગાળ પોલીસના લાઠીચાર્જમાં એકનું મોત, સિલિગુડી રેલી દરમિયાન ભાજપ સમર્થકો પર વોટર કેનનનો મારો

## ભાજપના સમર્થક દેખાવકારોએ બેરિકેડ તોડવાનો પ્રયાસ કર્યો તો પોલીસે કાર્યવાહી કરી, સ્થાનિકોના અહેવાલ અનુસાર દેખાવકારોએ પોલીસ પર પથ્થરમારો પણ કર્યો

(એજન્સી) તા.૭

સોમવારે પ.બંગાળમાં પોલીસના લાઠીચાર્જ દરમિયાન એક ભાજપ કાર્યકરનું મોત નીપજ્યું. પશ્ચિમ બંગાળના સિલિગુડી ખાતે ભાજપના સમર્થકોએ એક રેલી દરમિયાન હિંસક દેખાવો કર્યા હતા અને આ દરમિયાન તેમણે બેરિકેડ તોડવાનો પ્રયાસ કર્યો તો પોલીસે આ કાર્યવાહી કરવાની ફરજ પડી હતી. પ.બંગાળ પોલીસે આ દરમિયાન ભાજપના સમર્થકોને વેરવિખેર કરવા માટે વોટર કેનનનો ઉપયોગ કરી પાણીનો મારો ચલાવ્યો હતો અને આ દરમિયાન ટિયરગેસનો મારો પણ ચલાવ્યો હતો. ભાજપના કાર્યકરો અને પોલીસ વચ્ચે ઉત્તર બંગાળમાં અથડામણ થઈ હતી. સચિવાયલ ઉત્તરકન્યા ખાતે રેલી દરમિયાન બે પોઈન્ટ પર ભાજપના કાર્યકરોએ બેરિકેડ તોડીને આગળ ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. તેઓ તૃણમૂલ કોંગ્રેસની મમતાના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારના શાસનને કુશાસન ગણાવીને હિંસક દેખાવો કરવાના પ્રયાસ કરી રહ્યા હતા. ઉત્તરકન્યા અભીજાન નામે ભારતીય જનતા યુવા મોર્ચાના સભ્યો દ્વારા બે જગ્યાએ રેલીઓનું



આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં મમતા સરકાર પર વાયદાઓ પૂરા ન કરવા અને કેન્દ્ર સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ રાજ્યની પ્રજાને ન આપવાનો આરોપ મૂક્યો હતો. આ દરમિયાન પોલીસે તાત્કાલિક ધોરણે ભાજપના કાર્યકરો કે જેઓ બેરિકેડ તોડીને આગળ વધવાનો પ્રયાસ કરી રહ્યા હતા તેમના પર લાઠીચાર્જ શરૂ કરી દીધો હતો. સ્થાનિકોએ જણાવ્યું કે, ભાજપના કાર્યકર દેખાવકારોએ પથ્થરમારો પણ કરી દીધો હતો.

# ભારતમાં ઓક્સફોર્ડની રસીના તાકીદના ઉપયોગ માટે સીરમ ઈન્સ્ટિટ્યુટે મંજૂરી માગી

## કંપની દ્વારા મહામારી દરમિયાન ચિકિત્સા જરૂરિયાતો અને વ્યાપક સ્તર ઉપર જનતાના હિતનો હવાલો આપતા મંજૂરી આપવાની વિનંતી કરવામાં આવી છે

નવી દિલ્હી,તા.૭

સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ ભારતમાં ઓક્સફોર્ડની કોવિડ-૧૯ રસી 'કોવિશીલ્ડ'ની આપાતકાલીન ઉપયોગની ઔપચારિક મંજૂરી પ્રાપ્ત કરવા માટે ડ્રગ કંટ્રોલર ઓફ ઈન્ડિયા સમક્ષ અરજી કરનારી પ્રથમ સ્વદેશી કંપની બની ગઈ છે. સત્તાવાર સૂત્રોએ આ જાણકારી આપી છે. સૂત્રોએ જણાવ્યું કે, કંપનીએ મહામારી દરમિયાન ચિકિત્સા જરૂરીયાતો અને વ્યાપક સ્તર પર જનતાના હિતનો હવાલો આપતા આ મંજૂરી આપવાની વિનંતી કરી છે. આ પહેલા શનિવારે અમેરિકી દવા નિર્માતા કંપની ફાઈઝરના ભારતીય એકમે તેના દ્વારા વિકસિત કોવિડ-૧૯ રસીના ઈમરજન્સી ઉપયોગની ઔપચારિક મંજૂરી માટે ભારતીય દવા નિયામક સમક્ષ અરજી કરી હતી. ફાઈઝરની કોરોના રસીને બ્રિટન અને બહરીનમાં આ રીતે મંજૂરી મેળવવાની વિનંતી કરી હતી. તો એસઆઈઆઈએ ભારતીય તબીબી સંશોધન પરિષદની સાથે મળીને દેશના વિભિન્ન ભાગમાં ઓક્સફોર્ડની કોવિડ-૧૯ રસી કોવિશીલ્ડના ત્રીતા તબક્કાની ક્લીનિકલ ટ્રાયલ પણ કરી છે. સત્તાવાર સૂત્રોએ એસઆઈઆઈની અરજીનો હવાલો આપતા કહ્યું કે, કંપનીએ જણાવ્યું કે, ક્લીનિકલ ટ્રાયલના ચાર ડેટામાં તે સામે આવ્યું કે, કોવિશીલ્ડ લક્ષણ વાળા દર્દીઓ અને ખાસ કરીને કોવિડ-૧૯ના ગંભીર દર્દીઓના મામલામાં ખુબ પ્રભાવશાળી છે. ચારમાંથી બે ટ્રાયલ ડેટા બ્રિટન જ્યારે જ્યારે એક-એક ભારત અને બ્રાઝીલથી સંબંધિત છે. મહત્વનું છે કે હાલમાં સીઆઈઆઈના સીઈઓ અદાર



**અગાઉ ફાઈઝરે પણ મંજૂરી માગી હતી**

પૂનાવાલાએ કહ્યુ હતુ કે કોરોના વેક્સીન કોવિશીલ્ડ ટ્રાયલમાં ૯૦ ટકા અસરકારક સાબિત થઈ છે. જલદી બધા માટે ઉપલબ્ધ થશે. તેમણે તે પણ દાવો કર્યો કે, એસ્ટ્રાઝેનેકા સાથે ૧૦ કરોડ ડોઝની સમજુતી કરવામાં આવી છે. જાન્યુઆરી સુધી કોવિશીલ્ડના ઓછામાં ઓછા ૧૦૦ મિલિયન ડોઝ ઉપલબ્ધ જશે જયારે ફેબ્રુઆરીના અંત સુધી તેના બજારો મિલિયન ડોઝ તૈયાર કરી શકાય છે. ઈમરજન્સી યૂઝ ઓથોરાઈઝેશન એટલે કે ઈયુએ વેક્સિન અને દવાઓ, ત્યાં સુધી કે ડાયગ્નોસ્ટિક ટેસ્ટ્સ અને મેડિકલ ડિવાઈઝ માટે પણ લેવામાં આવે છે. ભારતમાં તે માટે સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન રેગુલેટરી બોડી છે. વેક્સિન અને દવાઓ માટે આવું અપ્રૂવલ તેની સેફ્ટી અને અસરનું અસેસમેન્ટ બાદ આપવામાં આવે છે. તે માટે ક્લિનિકલ ટ્રાયલના ડેટાના આધાર બનાવવામાં આવે છે. સામાન્ય રીતે વેક્સિનના અપ્રૂવલમાં ઘણા વર્ષો લાગે છે. અત્યાર સુધી ચોથી ઓછા અપ્રૂવલના સમય ચાર વર્ષ હતો. કટોકટીની સ્થિતિ, જેમ હાલ છે, દુનિયાભરના દેશોમાં એવી વ્યવ્થા છે કે દવાઓ અને રસીને અંતરિમ મંજૂરી આપી શકાય જો તેની અસરના પૂરતા પૂરાવા હોય. ફાઈનલ અપ્રૂવલ સંપૂર્ણ ડેટાના એનાલિસિસ બાદ જ મળે છે. દેશમાં કોરોનાના વધતા કેસોની વચ્ચે કોરોના વાયરસ વેક્સીનને લઈને અગત્યની જાણકારી મળી રહી છે. અહેવાલ છે કે ફાઈઝર બાદ હવે સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ પણ પોતાની કોવિશીલ્ડ વેક્સીનના ઈમરજન્સી ઉપયોગની મંજૂરી માંગી છે. આ પગલાં સાથે સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાની સમક્ષ અરજી કરનારી પહેલી સ્વદેશી કંપની બની ગઈ છે. અહેવાલ છે કે, સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ મહામારી દરમિયાન ચિકિત્સા આવશ્યક્તાઓ અને વ્યાપક સ્તર પર જનતાના હિતનો હવાલો આપતા ડીસીજીઆઈને કોવિશીલ્ડ વેક્સીનને મંજૂરી આપવા માટે અનુરોધ કર્યો છે. નોંધનીય છે કે આ પહેલા શનિવારે અમેરિકાની દવા નિર્માતા કંપની ફાઈઝરના ભારતીય યૂનિટે કોરોના વેક્સીનના ઈમરજન્સી ઉપયોગની ઔપચારિક મંજૂરી માટે અરજી કરી હતી.

### વળતર માટે આગ્રહ, સંગ્રહની સમસ્યા : કેમ ઈમરજન્સી ઉપયોગ માટે ફાઈઝરની અરજી અંગે નિર્ણય લેવો સરળ નથી

ક્લિનિકલ ટ્રાયલ્સને રદ્દ કરવા માટે કાનૂની સુરક્ષા મેળવવાના આગ્રહથી ફિઝરની ડ્રગ કન્ટ્રોલ જનરલ ઓફ ઈન્ડિયાને અરજી કરવામાં આવી હતી. જેમાં તેણે કોરોના સામે રસીના ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી માગી છે. જોકે આ એક એવી પ્રક્રિયા છે જેમાં ઘણાં જો અને તો છે. એવું માનવામાં આવી રહ્યું છે કે, ફિઝરના આ પ્રસ્તાવ અંગે વિચારણા કરવા આ સપ્તાહે ડીસીજીઆઈની કમિટિની બેઠક યોજાનાર છે. મેડિકલ સાયન્સના ઈતિહાસમાં મંજૂરી મેળવનારી પ્રથમ એમઆરએનએ રસી, ફાઈઝર અને બાયોટેકની એમઆરએનએ રસી ૯૦ ટકાથી વધુ અસરકારકતાનું સ્તર દર્શાવે છે. ફાઈઝર દ્વારા ગત ચોથી ડિસેમ્બરના રોજ અરજી કરવામાં આવી હતી. ફાઈઝરને બ્રિટન અને બહેરિનમાં મંજૂરી મળી ગઈ છે. બ્રિટને ફિઝરને રસીના તાકીદના ઉપયોગ અને કાનૂની રક્ષા આપવાનું નક્કી કર્યું છે. એટલે કે, બ્રિટન આ રસીની કોઈ આડઅસરની સ્થિતિમાં તેની કાનૂની જવાબદારી લેશે. પણ ભારતમાં આ પ્રમાણેની મંજૂરી મુશકેલ જણાતી હોવાનું નિષ્ણાતોનું માનવું છે. ભારત સરકાર પણ આવી કોઈ કાનૂની જવાબદારી લેવા સંમત થાય તેવું જણાતું ન હોવાથી ફાઈઝરને ભારતમાં ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી મળવાનો માર્ગ સાંકડો જણાય છે, એમ નિષ્ણાતોએ જણાવ્યું હતું.

# દિલીપ કુમારની રોગપ્રતિકારક શક્તિ ઘટી રહી છે, તબિયત અસ્થિર : સાયરાબાનુએ આરોગ્ય અંગે આપેલી માહિતી

## ૫૪ વર્ષનાં લગ્નજીવનમાં દરેક પળે સાથે રહેલાં પત્ની સાયરાબાનુએ બોલિવુડના ટ્રેજેડી કિંગના સારા સ્વાસ્થ્ય માટે દુઆ કરવાની અપીલ

મુંબઈ, તા.૭

સાયરા બાનો અને દિલીપ કુમારને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ખૂબ પ્રેમ મળ્યો છે. સાથે જ તેઓ દેશના લાખો ફેન્સના દિલો પર રાજ કરે છે. દિલીપ કુમારે વર્ષ ૧૯૬૬માં સાયરા બાનો સાથે લગ્ન કર્યા હતા. તેમના લગ્નને ૫૪ વર્ષ થઈ ગયા છે.

સાયરા બાનો હંમેશા દિલીપ કુમારના સ્વાસ્થ્યનું ધ્યાન રાખે છે. તે દરેક મુશ્કેલીમાં તેની સાથે રહે છે. આવામાં સાયરા બાનોએ એક ઈન્ટરવ્યૂમાં દિલીપ કુમારના સ્વાસ્થ્યને લઈને માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, દિલીપ કુમારમાં ઘણી જ નબળાઈ



આવી ગઈ છે. તેમની ઈમ્યુનિટી ઓછી થઈ ગઈ છે. તેમના સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરો. એક અખબાર સાથેની સાયરા બાનોએ કહ્યું કે, તેમને ઠીક નથી. ઘણી જ નબળાઈ આવી ગઈ છે. ક્યારેક ક્યારેક ચાલીને હૉલમાં જાય છે અને પછી રૂમમાં પાછા આવી જાય છે. તેમની ઈમ્યુનિટી ઓછી થઈ ગઈ છે. તેમના સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરો. અમે રોજ નવા દિવસ માટે ભગવાનના આભારી છીએ. સાયરા બાનોએ કહ્યું કે, હું દબાણમાં નહીં, પરંતુ પ્રેમથી દિલીપ સાહેબનું ધ્યાન રાખું છું. મારે વખાણ નથી જોઈતાં. તેમનો સ્પર્શ કરવો અને સાથે રહેવું જ મારી માટે સૌથી સારી વસ્તુ છે. હું તેમને પ્રેમ કરું છું અને તેઓ મારા શ્વાસ છે. સાયરા બાનોએ સોશિયલ મીડિયામાં કહ્યું હતું કે, ૧૧ ઓક્ટોબર અમારા જીવનની સૌથી ખાસ ક્ષણ હતા. દિલીપ સાહેબે આ દિવસે મારી સાથે લગ્ન કર્યાં હતાં અને મારા સપનાને સાકાર કર્યાં હતાં. આ વર્ષે અમે ઉજવણી કરી નહીં. કેમ કે અમારા બે ભાઈઓ અહેસાનભાઈ તથા અસલમભાઈ અમારી વચ્ચે નથી.

# ED RSSના ઈશારે કામ કરી રહ્યું છે : પોપ્યુલર ફ્રન્ટ, જમાત-એ-ઈસ્લામીએ ફ્રન્ટ સામેના દરોડાને આકરા શબ્દોમાં વખોડ્યા

## તેમણે કહ્યું કે, ભારતના લોકો જાણે છે કે પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયાને હંમેશાં નિશાન બનાવવામાં આવે છે કેમ કે, તે હંમેશાં RSSની વિચારધારાનો જાહેરમાં વિરોધ કરે છે, પોતાના નિવેદનમાં સંગઠને કહ્યું કે, પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા એ લોકોનું સંગઠન છે જે હાંસિયામાં ધકેલાયેલા મુસ્લિમ સમુદાયના લોકોના સશક્તિકરણ માટે કામ કરે છે

(એજન્સી) તા.૭

પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા, નેશનલ એક્ઝિક્યૂટિવ કાઉન્સિલના દેશભરમાં આવેલા જુદા જુદા કાર્યાલયો તથા ઠેકાણા પર પાડવામાં આવેલા દરોડાને વખોડ્યા છે. ઈડી દ્વારા આ દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી. તેણે જણાવયું કે ઈડી આરએસએસના હથકંડા તરીકે કામ કરી રહ્યું છે અને નિષ્પક્ષ તપાસ એજન્સી તરીકે કામ કરી રહી નથી. તેમણે કહ્યું કે ભારતના લોકો જાણે છે કે પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયાને હંમેશા નિશાન બનાવવામાં આવે છે કેમ કે તે હંમેશા આરએસએસની વિચારધારાનો જાહેરમાં



વિરોધ કરે છે. પોતાના નિવેદનમાં સંગઠને કહ્યું કે પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા એ લોકોનું સંગઠન છે જે હાંસિયામાં ધકેલાયેલા મુસ્લિમ સમુદાયના લોકોના સશક્તિકરણ માટે કામ કરે છે. અમે એક સંગઠન તરીકે લોકો દ્વારા મળતાં દાન પર નિર્ભર કરીએ છીએ. અમે સરકારના નિયમોનું પાલન પણ કરીએ છીએ અને તમામ નાણાકીય વ્યવહારો તે મુજબ જ થાય છે. જોકે એવા અનેક પુરાવા અમારી પાસે છે જે દર્શાવે છે કે તપાસ એજન્સી ઈડીનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું કે એવા અનેક પુરાવા છે કે ઈડી દ્વારા એવા તમામ સંગઠનોના મોઢે તાળા મારી દેવાના પ્રયાસ કરવામાં આવે જે વિભાજનકારી અને કોમવાદી આરએસએસના એજન્ડા તથા ભાજપના રાજકીય પાંખનો વિરોધ કરે છે. આ લોકો સામે માથું ઊંચકનારા સંગઠનોને દબાવી દેવાનો જ પ્રયાસ કરવામાં આવે છે. તેમણે વધુમાં આરોપ મૂક્યો કે ઈડી અને અન્ય સરકારી તપાસ એજન્સીઓ આવા નાના સંગઠનો પાછળ જ દોડી રહી છે પરંતુ જે મોટામોટા કોર્પોરેટ ઘરોબો તથા રાજકીય સંગઠનો મોટી મોટી નાણાકીય લેવડ-દેવડ કરે છે અને જેઓ આરએસએસના હિતોને પૂરા કરે છે તેમને સ્પર્શ પણ કરતી નથી.

# સુરત જિલ્લામાં બપોર સુધી કોરોના પોઝિટિવના વધુ ૧૨૨ કેસ નોંધાયા

સુરત, તા.૭

દિવાળી તહેવાર બાદ સુરત સહિત રાજયમાં કોરોના સંક્રમીત કેસોમાં ભારે વધારો થયો હતો. રોજના ૨૦૦ ઉપરાંત કેસો સપાટી ઉપર આવવા લાગ્યા હતા. કોરોના કેસમાં વધારો થવા લાગતા તંત્ર ફરી એકવાર હરકતમાં આવી દોડતું થયું હતું અને કોરોના નિયંત્રણમાં લેવા માટે જરૂરી પગલા ફરવાની શરૂઆત કરી હતી. તે વચ્ચે કોરોનાનું સંક્રમણ ઘટ્યું હોય તેમ ઓછા કેસ બહાર આવી રહ્યા છે. આજે બપોર સુધીમાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યામાં ઘટાડો જાવા મળ્યો છે. બપોર સુધીમાં સુરતમાં ૧૨૨ કેસ નોધાયા છે જેમાં સુરત શહેરમાં ૮૮ અને ગ્રામ્યમાં ૩૨ કેસ બહાર આવ્યા છે. સુરતમાં અત્યાર સુધીમાં પોઝિટિવ કેસની સંખ્યા ૪૫ હજારને પાર કરી ૪૫,૨૬૪ ઉપર પહોંચી છે અને કોરોમાં સપડાયેલા દર્દીઓ પૈકી ૧૦૭૫ દર્દીઓના મોત થઈ ચુક્યા છે. ગ્રામ્યમાં નવા ૩૬ કેસ આવ્યા હતા જે સાથે કુલ કેસાની સંખ્યા ૧૧,૭૮૦ ઉપર પહોંચી છે.

# તાલાલામાં માત્ર ૫ કલાકમાં ભૂકંપના ૧૫ આંચકા આવ્યા

તાલાલા, તા.૭

છેલ્લા કેટલાક સમયથી જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં ભૂકંપના આંચકા આવી રહ્યાં છે. ગત રાત્રે પણ ગીર સોમનાથ જિલ્લાના તાલાલામાં આશરે ૧૫ જેટલા ભૂકંપના આંચકા અનુભવાયા છે. રાત્રે ૧.૧૫ કલાકથી સવારે ૬ કલાક સુધીમાં આશરે ૧૫ ભૂકંપના આંચકા આવ્યા છે. સૌથી સારી વાત તે રહી કે આ તમામ આંચકાની તીવ્રતા ખુબ ઓછી હતી. ઓછી તીવ્રતાને કારણે જાન-માલને કોઈ નુકસાન થયું નથી. આ તમામ ભૂકંપના આંચકાનું કેન્દ્રબિન્દુ તાલાલાથી ૧૨થી ૧૩ કિ.મી. દૂર ઈસ્ટનોર્થમાં નોંધાયું છે. છેલ્લા ઘણા સમયથી સતત આવી રહેલા ભૂકંપના આંચકાને કારણે લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. આ પહેલા જુનાગઢ જિલ્લામાં પણ ભૂકંપના આંચકા આવ્યા હતા. તો હવે તાલાલામાં માત્ર એક રાતમાં ૧૫ જેટલા ભૂકંપના આંચકા આવ્યા છે. આ ૧૫ આંચકામાં રાત્રે ૩.૪૬ કલાકે આવેલા ભૂકંપની તીવ્રતા ૩.૩ હતી. આ સૌથી મોટો આંચકો હતો.

# ભાવનગરમાં આધેડ મહિલાએ અગ્નિસ્નાન કરી લેતાં મોત

ભાવનગર, તા.૭

ભાવનગર શહેરના ગાયત્રીનગર મીરા પાર્કમાં રહેતી પ્રભાબેન ધીરજભાઈ મકવાણા (ઉ.વ.૫૬) નામની આધેડ મહિલાએ બહેનના પુત્રના એક પખવાડિયા બાદ લગ્નમાં મુંબઈ જવાનું હોય પરંતુ હાલમાં કોરોના મહામારીને લઈ પતિ ધીરજભાઈએ મુંબઈ જવાની ના પાડતા તેણીને લાગી આવતા પોતાના ઘરે કેરોસીન છાંટી અગ્નિસ્નાન કરી લેતા તેમને ગંભીર હાલતે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયેલ જ્યાં સારવાર દરમ્યાન તેણીનું મોત નિપજ્યું હતું.

## મિત્રએ મિત્રને છરીના ઘા ઝીંક્યા

મહુવાના જનતા પ્લોટ-૧માં રહેતા રાકેશ જેન્તીભાઈ ગોહિલ, (ઉ.વ.૨૨) નામના યુવાને પોલીસ ફરિયા નોંધાવી હતી કે, પોતાના જ મિત્ર મેહુલ નાનજીભાઈ વાજા તેમની મજાક કરતો હોઈ તેમણે મજાક કરવાની ના પાડતા મેહુલે ઉશ્કેરાઈ જઈ તેમની ઉપર છરી વડે હુમલો કરી પેટના ભાગે છરીના ઘા ઝીંકી દીધા હતા. આ બનાવની પોલીસો ફરિયાદ નોંધી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

## મારામારીમાં ઈજા

ભાવનગર શહેરના વડવા ચાવડીગેઈટ વિસ્તારમાં રહેતા મહેન્દ્રસિંહ પ્રવીણસિંહ ઝાલા (ઉ.વ.૪૪) નામના યુવાને ચાવડીગેઈટ નજીક થયેલી મારામારીમાં તેમને ઈજાઓ પહોંચતા તેમને સારવાર અર્થે ભાવનગરની સર.ટી.હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે બીજા બનાવમાં વલ્લભીપુરના વાલ્મિકીવાસમાં થયેલી મારામારીમાં ભગવાનભાઈ પોપટભાઈ વેગડ (ઉ.વ.૬૨) નામના વૃદ્ધને અશોક ઉર્ફે વિલિયન બાલાભાઈ વેગડ સાથે મારામારી થતા તેમને ઈજા પહોંચતા સારવાર માટે ભાવનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ ઉક્ત બંન્ને બનાવોની પોલીસે તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ‘‘ભારત બંધ’’નાં એલાનને સમર્થન

જૂનાગઢ, તા.૭

જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ નટુભાઈ પોંકિયાએ આવતીકાલે ભારત બંધનાં એલાન અંતગર્ત ગુજરાતમાં બંધ પાળવામાં આવશે. તેમ જણાવી શહેર અને જિલ્લામાં બંધ પાળવા અપીલ કરી છે. તા.૮-૧૨-૨૦૨૦નાં રોજ બંધના એલાનને જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ સમિતિ સમર્થન કરે છે અને આ બંધના એલાનમાં જૂનાગઢ જિલ્લાની જનતાને અપીલ કરવામાં આવી છે. વેપાર-ધંધો અને ખેડૂત અને ખેતી ઉપર નિર્ભર છે. વેપાર ક્ષેત્રે ૬૦ ટકા ખેડૂતોના સંતાનો પણ છે. ખેડૂતો સધ્ધર હશે તો બજારો પણ કાયમ માટે ધમધમતા રહેશે. આવતીકાલનાં બંધમાં તમામ લોકો સહકાર આપે, વેપાર-ધંધા બંધ રાખી સમર્થન આપે તેમજ આ બંધ દરમિયાન સરકાર કાળો કાયદો પાછો ખેંચે તેવા પોસ્ટરો પણ બતાવી અને શાંતિપૂર્ણ રીતે દેખાવો કરી અને વિરોધ દર્શાવનાર છે.

# જૂનાગઢમાં માસ્ક વિના ફરતા લોકો પાસેથી રૂા.૧ લાખનો દંડ વસૂલાયો

જૂનાગઢ, તા.૭

તાલુકા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પ્રોબેશનલ આઈપીએસ વિશાખા ડબરાલ, એ ડિવિઝન પીઆઈ આર.જી ચૌધરી, બી ડિવિઝન પીઆઈ આર.બી. સોલંકી, સી ડિવિઝન પીએસઆઈ કે.એસ.ડાંગર, પીએસઆઈ એસ.એન.સગારકા અને સ્ટાફ દ્વારા જૂનાગઢ શહેરમાં ચેકિંગ હાથ ધરાયું હતું. દરમિયાન માસ્ક વગર ફરતા ૧૧૮ લોકોને પકડી પાડી તેમની પાસેથી ૧,૧૮,૦૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. જ્યારે સોશિયલ ડિસ્ટન્સનો ભંગ કરનાર ૯ લોકોની ધરપકડ કરી તેની સામે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# રિલાયન્સ શો રૂમમાંથી ચોરી કરનાર ટોળકીનો કબજો લેવા વરાછા પોલીસ હૈદરાબાદ રવાના

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૭

વરાછા મેઈન રોડ ઉપર આવેલ રિલાયન્સ ડિજિટલ મોલમાં થયેલી રૂપિયા ૪૩.૬૪ લાખના મતાની ચોરીમાં સંડોવાયેલી ટોળકી હૈદરાબાદમાં ઝડપાતા સ્થાનિક વરાછા પોલીસની એક ટીમ ટોળકીનો કબજા લેવા માટે રવાના થઈ છે. જો કે ટોળકી હૈદરાબાદના સ્થાનિક ચોરીના ગુનામાં રીમાન્ડ હેઠળ છે. જેથી રીમાન્ડ પુરા થયા બાદ વરાછા પોલીસને તેનો કબજો મળશે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વરાછા મેઈન રોડ વરાછા પોલીસ સ્ટેશનની બરોબર સામે રિલાયન્સ ડિઝીટલ મોલમાં મળસ્કે તસ્કરો ત્રાટક્યા હતા. ઈનોવા ગાડી લઈને આવેલા ત્રણ ચોરોએ શો રૂમમાંથી અને ૨૦૫ મોબાઈલ, ૨૩ ટેબલેટ અને બ્લ્યુટુથ મળી કુલ રૂપિયા ૪૩.૬૪ લાખના મતાની ચોરી કરી નાસી ગયા હતા. વરાછા પોલીસે સીસીફુટેજના આધારે તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં તસ્કરોએ શો રૂમ પહેલા કાપોદ્રામાં ચીકુવાડી સોસાયટીમાં આવેલ યુરોના નામના ઠંડા પીણા તેમજ જ્યુશની દુકાનને પણ નિશાન બનાવ્યો હોવાનું બહાર આવ્યું હતુ. ચોરીમાં બિહારની ઘોડાસહન કે મોતીહારી ગેંગની સંડોવણી હોવાની આશંકા સાથે તે દિશામાં તપાસ શરૂ કરી હતી. તે વચ્ચે થોડા દિવસ પહેલા હૈદરાબાદમાં મદીનાગુડા વિસ્તારમાં આવેલ રિલાયન્સ મોલમાં પણ ચોરી થઈ હતી અને તેમાં પણ તસ્કરો ઈનોવા ગાડીમાં જ આવ્યા હતા અને શટર ઉંચુ કરી મોબાઈલ સહિતની ઈલેકટ્રોનિક્સ વસ્તુઓ ચોરી ગયા હતા. જો કે હૈદરાબાદ પોલીસે સીસીફુટેજ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે ટોળકીના એક સાગરિતને ઝડપી પાડ્યો છે. ઝડપાયેલા ધોડાસહન ગેંગના સાગરીતે સુરતના વરાછાની પણ ચોરીની કબૂલાત કરી હતી જે અંગે હૈદરાબાદ પોલીસે સ્થાનિક વરાછા પોલીસને જાણ કરતા પીએસઆઈ સાઢે સહિતની એક ટીમ આરોપીનો કબજો લેવા હૈદરાબાદ ગયા છે.

# ડભોઈ : ટ્રકની ટક્કરે બાઈકચાલકનું મોત

ડભોઈ, તા.૭

વડોદરા તુલજાનગર બે અલવા નાકા કોતર તલાવડી પાસે વડોદરા ખાતે રહેતા રાકેશ મથુરા પ્રસાદ વર્માએ (ઉ.વ.૨૫)ના ડભોઈના નારિયા ગામે મિત્રના ઘરે લગ્ન હોવાથી તેઓ પોતાની મોટરસાયકલ લઈ નીકળ્યો હતો. દરમિયાન ડભોઈ તાલુકાના અંગુઠણ કંડ કોઈ ગામની સીમ વચ્ચે ટ્રક નં.જીજે-એક્સએક્સ-૭૪૦૯નો ચાલક પોતાનું વાહન ગફલતભરી રીતે હંકારી જતાં બાઈકચાલકને અડફેટમાં લઈ લેતા તેઓ રોડ ઉપર ફંગોળાઈ જતાં ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# સાબરકાંઠા જિલ્લામાં કોરોના પોઝિટિવના વધુ ૧૭ કેસ નોંધાયા

હિંમતનગર, તા.૭

સાબરકાંઠા જિલ્લામાં કોરોના પોઝિટિવના વધુ ૧૭ કેસ નોંધાતાની સાથે જિલ્લામાં કોરોના પોઝિટિવના કુલ આંકડો ૨૩૧૧ પહોંચી ગયો છે.

આરોગ્ય વિભાગના જણાવ્યા પ્રમાણે હિંમતનગર શહેરમાં કર્ણાવતી સોસાયટીમાં ૫૧ વર્ષીય પુરૂષ, મહાવીરનગરમાં ૪૧ વર્ષીય પુરૂષ, મહાકાલી મંદિર પાસે ૨૯ વર્ષીય પુરૂષ, શારદાકુંજ સોસાયટીમાં ૬૨ વર્ષીય મહિલા, ખેડ ગામમાં ૩૫ વર્ષીય મહિલા, કરણપુર ગામમાં ૨૬ વર્ષીય પુરૂષ, ગાંભોઈ ગામમાં ૨૯ વર્ષીય પુરૂષ અને ઈડર તાલુકાના રામપુર નવા ગામમાં ૩૭ વર્ષીય પુરૂષ તથા ખેડબ્રહ્મા તાલુકાના કલોલ ગામમાં ૫૧ વર્ષીય પુરૂષ, ખેડબ્રહ્મામાં ગાયત્રી સોસાયટીમાં ૬૦ વર્ષીય મહિલા તથા વિજયનગરમાં ૪૦ વર્ષીય પુરૂષ, ૩૫ વર્ષીય પુરૂષ તેમજ પ્રાંતિજમાં ભગત વાસમાં ૫૪ વર્ષીય પુરૂષ અને તલોદ તાલુકાના રાયણિયા ગામમાં ૪૨ વર્ષીય મહિલા, વાવ ગામમાં ૨૫ વર્ષીય પુરૂષ, રામપુરા ગામમાં ૪૭ વર્ષીય પુરૂષ, તલોદમાં ગીરીરાજ સોસાયટીમાં ૪૪ વર્ષીય પુરૂષનો કોવિડ-૧૯નો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

# સુરત જિલ્લા-તાલુકા પંચાયતમાં વહીવટદાર શાસન મુદ્દે સરકારના નિર્ણયની જોવાતી રાહ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૭

સુરત જિલ્લા પંચાયત અને નવ તાલુકા પંચાયતમાં ચૂંટાયેલા પદાધિકારી અને સદસ્યોની મુદ્દત આ માસના અંતે પૂર્ણ થઈ રહી છે. જેથી વહીવટદાર શાસન લાગુ કરવામાં આવનાર છે. જો કે વહીવટદાર શાસન મુદ્દે સરકારી ગાઈડલાઈનની રાહ સેવાતી હોવાનું જાણવા મળે છે. મળતી વિગત મુજબ ૨૦૧૫ના નવેમ્બર માસમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાઈ હતી. ૨ ડિસેમ્બરે સુરત જિલ્લા પંચાયત અને નવ તાલુકા પંચાયતના સભ્યો જાહેર થયા હતા. જેમની પાંચ વર્ષની મુદ્દત આગામી ૨૨મી ડિસેમ્બરના રોજ પૂર્ણ થઈ રહી છે. જેથી વહીવટદાર શાસન લાગુ થશે. સુરત જિલ્લા પંચાયતના ૪૦ સદસ્યો છે. જેમાં હદ વિસ્તાર થતાં સદસ્યોની સંખ્યામાં ઘટાડો થયો છે. જિલ્લા પંચાયતનો વહીવટ ઉપસચિવને સોંપી દેવામાં આવશે. તેમજ પ્રમુખ પ્રીતિ પટેલ સહિતના અન્ય સમિતિઓના અધ્યક્ષની ચેમ્બરને તાળા લાગી જશે. વહીવટદારના શાસનમાં તંત્રના અધિકારીઓ જિલ્લા પંચાયતનું સુકાન સંભાળી લેશે. જેથી જિલ્લાના નેતાઓને ઘરે બેસવાનો વારો આવશે. જો કે, આમ પણ સુરત જિલ્લા પંચાયતમાં ગણ્યાગાઠ્યાને બાદ કરતા બાકીના સભ્યો નિષ્ક્રીય હોય આગામી ચૂંટણીમાં નોરીપીટ થીયરી જોવા મળી શકે છે. જિલ્લા વિકાસ અધિકારીના મતે આગામી એક પખવાડિયામાં વહીવટદારને શાસન સોંપી દેવાશે. વધુમાં તેમણે જણાવ્યું કે, સરકારની ગાઈડલાઈન આવ્યા બાદ નિર્ણય લેવામાં આવશે.

# સાવરકુંડલામાં રેલવે ફાટક સતત બંધ રહેતાં નગરજનોને હાલાકી

(સંવાદદાતા દ્વારા) અમરેલી, તા.૭

સાવરકુંડલામાં ટ્રેન વ્યવહાર શરૂ થયો ત્યારે રેલવે સ્ટેશનની એક બાજુ જ માનવ વસાહત હતી. ધીમે-ધીમે શહેરનો વિકાસ થતાં ચારે તરફ વેપાર-ધંધા સાથે માનવ વસાહત વધવા લાગેલ છે. આજે રેલવેફાટક શહેરની વચ્ચે આવી ગયેલ છે. વર્ષોથી રેલવે ફાટક લોકોનો કિંમતી સમય બરબાદ કરી રહેલ છે. તેમ છતાં પણ નેતાઓનાં પેટનું પાણી હલતું નથી આ સમસ્યા દિવસે-દિવસે વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહેલ છે. ત્યારે વંડા ગામનાં ખેડૂત અગ્રણી મનજીબાપા તળાવિયાએ ભારે આક્રોશ સાથે જણાવેલ હતું કે આ રેલવે ફાટક ઉપરથી ૨૪ કલાકમાં ૩૦ જેટલી માલગાડીઓ પસાર થાય છે. એક માલગાડી પસાર થાય એટલે ૧૫થી ૨૦ મિનિટ ફાટક બંધ કરી દેવામાં આવે છે. આમ ૨૪ કલાકમાં સરેરાશ ૧૦ કલાક ફાટક બંધ રહેશે. જેસર રોડ. માર્કેટયાર્ડ રોડ તેમજ બાઢડા રોડ સહિત ત્રણ ફાટક ઉપર ટ્રાફિક ખૂબ જ રહેવાથી વાહનોની કતારો લાગે છે. જેથી લોકોનાં નાણાં અને શક્તિનો વ્યય થાય છે. તેમજ આ રૂટ ઉપર ટ્રેનોનું વીજળીકરણનું કામ લાંબા સમયથી ચાલે છે. ગોકળગતિએ થઈ રહેલા કામમાં છેલ્લા છ માસથી ગાળવામાં આવેલા ખાડા પણ પૂરવામાં ન આવતા અકસ્માતનો ભય સતાવી રહેલ છે. સરકારે રેલવે ફાટક પહોળા કરી સમય સાથે ચાલવા ઓવરબ્રિજ બનાવવા ખૂબ જ જરૂરી બનેલ છે.

# ભાવનગર પંથકના આરોગ્ય કર્મીઓને કોરોના વેક્સિન અપાશે

ભાવનગર, તા.૭

ભાવનગર મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત અને સર.ટી.હોસ્પિટલ તથા ખાનગી તબીબો, સ્ટાફને કોરોના વેક્સિન આપવાના પ્રથમ રાઉન્ડમાં સમાવી લેવા લિસ્ટ તૈયાર થયું છે. શહેર જિલ્લાના ૧૧ હજાર જેટલા આરોગ્ય કર્મચારીઓને કોરોના વેક્સિન અપાશે તેમ જાણવા મળી રહ્યું છે. જ્યારે હાલમાં ભાવનગર શહેર જિલ્લામાં ૫૩૦૦ ઉપરાંતના કોરોના પોઝિટિવ કેસો નોંધાયા છે.

### છાપી નજીક રજોસણા ગામે

# ખેતીની જમીનની માલિકીને લઈ બે જૂથ બાખડ્યા : પાંચને ઈજા

છાપી, તા.૭

વડગામ તાલુકાના છાપી નજીક આવેલ રજોસણા ગામે ખેતીની જમીન માલિક બાબતે બે જૂથ વચ્ચે અથડામણ સર્જાતા પાંચ જણાને ઈજાઓ પહોંચતા હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

બનાવની વિગતો અનુસાર છાપી પાસે આવેલ રજોસણા ગામે ખેતીની જમીનની માલિકીને લઈ બે જૂથ વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. જેમાં ગત સાંજે એક જૂથના લોકો ખેતરમાં ટ્રેકટર લઈ ખેડવા ગયા હતા. ત્યારે સામેના જૂથે આ ખેતર અમારૂં છે કહી હથિયારો વડે હુમલો કરી દેતા પાંચ જણાને ઈજાઓ પહોંચતા ૧૦૮ દ્વારા પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યારે હુમલો કરનાર જૂથના સાત ઈસમો વિરૂદ્ધ છાપી પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સુરત જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા ઈ-લોક અદાલતનું આયોજન

સુરત, તા.૭

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ, (નાલ્સા)ના આદેશ મુજબ તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ તા.૧૨-૧૨-૨૦૨૦ના શનિવારના રોજ સમગ્ર રાજયમાં ઈ-લોક અદાલત યોજાનાર છે.

આ ઈ-લોક અદાલતમાં ‘ફોજદારી સમાધાનપાત્ર કેસો, નેગોશિયેબલ ઈન્સટ્રુમેન્ટની કલમ ૧૩૮ અન્વયેના ચેક બાઉન્સના કેસો, બેંકોના નાણાં વસૂલાતના કેસો, મોટર અકસ્માતના કેસો, મજૂર વિવાદના કેસો, પાણી અને વીજ બિલના કેસો (બિન સમાધાન પાત્ર સિવાયના) ફોજદારી સમાધાનપાત્ર કેસો, લગ્ન વિષયક તકરારના કેસો, જમીન સંપાદન અધિનિયમ અન્વયેના કેસો, સેવાઓ અંગેના કેસો (પગાર, ભથ્થા અને નિવૃત્તિ લાભો સબંધિત), મહેસૂલી કેસો અન્ય સિવિલ કેસો (ભાડા, સુખાધિકાર, મનાઈ હુકમના દાવા, ખાસ કરાર પાલનના દાવા.) વગેરે પ્રકારના કેસો મૂકવામાં આવનાર છે. આમ સુરત જિલ્લા અને શહેરના લોકો આ ઈ-લોક અદાલતનો મહત્તમ લાભ લે તેવો અનુરોધ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરતના સચિવ કે.એન. પ્રજાપતિએ કરેલ છે.

## અવસાન નોંધ

### પાલીતાણા

પાલીતાણા ખાતે રહેતા બાનુબેન તાજભાઈ ભટ્ટા તા.૭-૧૨-૨૦ સોમવારના રોજ અલ્લાહની રહેમતમાં પહોંચી ગયા છે. મર્હૂમાની ઝિયારત તા.૯-૧૨-૨૦ બુધવારના રોજ સવારે ૯ વાગે પંચબીબી મસ્જિદ અને ઔરતો માટે સિપાઈ જમાત વાડી હાથિયાઘાટ ખાતે રાખેલ છે.

### ૭મી ડિસેમ્બર સશસ્ત્ર સેના ધ્વજદિન નિમિત્તે

# સાબરકાંઠાવાસીઓને દેશના વીર જવાનો માટે ફાળો આપવા જિ. કલેક્ટરની અપીલ

હિંમતનગર, તા.૭

દેશની રક્ષા માટે દિન-રાત ખડેપગે રહી સીમાડાઓની રક્ષા કરનારા વીર જવાનો તથા તેમના પરિવારજનો પ્રત્યે ઋણ અદા કરવાના અનેરો અવસર ૭મી ડિસેમ્બર સશસ્ત્ર સેના ધ્વજદિન નિમિત્તે સાબરકાંઠા જિલ્લા કલેકટર સી.જે. પટેલે પોતાનો વ્યક્તિગત ફાળો આપીને જવાનો પ્રત્યે ઋણ અદા કર્યું હતું. સાબરકાંઠા કલેકટર તેમજ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી કમાન્ડર શશીકુમાર ગુપ્તા(નિવૃત)એ દેશના સીમાડાઓથી માડીને પૂર-વાવાઝોડા-ભૂકંપ જેવી કુદરતી આપત્તિઓના સમયે નાગરિકોના જાન-માલ બચાવ અને રાહતની કામગીરી કરનારા વીર જવાનોના કલ્યાણ અર્થે સશસ્ત્ર સેના ધ્વજદિનમાં જિલ્લાવાસીઓને ઉદાર હાથે ફાળો આપવા અનુરોધ કર્યો હતો. દેશની રક્ષા કાજે પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર બહાદુર સૈનિકોના પરિવારજનો સ્વમાનભેર અને સુરક્ષિત રીતે પોતાનો જીવનનિર્વાહ કરી શકે તેવા ઉમદા હેતુસર ૭ ડિસેમ્બર ૧૯૪૯થી સમગ્ર દેશમાં ‘સશસ્ત્ર સેના ધ્વજ દિવસ’ ઉજવણી કરવામાં આવે છે. રાષ્ટ્રીય સુરક્ષાને સુનિશ્ચિત કરતા સમગ્ર દેશમાં, ત્રણેય સેવાઓનું પ્રતિનિધિત્વ કરતા લાલ, વાદળી, બ્લ્યુ રંગોમાં નાના ફલેગ અને કાર ફલેગ્સ સૈનિક વેલ્ફેર ફંડમાં ફાળો આપ્યા બાદ આપવામાં આવે છે. કોઈપણ વ્યક્તિ પોતાનો ફાળો હિંમતનગર ખાતે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, બ્લોક-સી/૧૦૮, પ્રથમ માળ, બહુમાળી ભવન, જિલ્લા સેવાસદન, સાબરકાંઠા, હિંમતનગર ખાતે રોકડમાં અથવા ડ્રાફટ/ચેક કલેકટર અને પ્રમુખ, જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, સાબરકાંઠાના નામનો જમા કરાવીને સરકારી પહોંચ મેળવી શકે છે.

### અઠવા-રાંદેરમાં કોરોના કેસમાં વધારો

# સુરતમાં પાલિકા અને પોલીસ સંયુક્ત રીતે લોકોને જાગૃત કરવા રસ્તા પર ઊતર્યા

સુરત, તા.૭

સુરતમાં કોરોનાના કેસો દિવસેને દિવસે વધી રહ્યા છે. જ્યારે શહેરમાં કુલ કેસોની સંખ્યા ૩૩ હજારને પાર થઈ ગઈ છે. રોજ ૨૦૦ વધુ કેસો નોંધાઈ રહ્યા છે જેમાં અઠવા અને રાંદેર વિસ્તારમાં વધુ કેસો આવી રહ્યા છે. જેથી પાલિકા અને પોલીસ સંયુક્તરીતે લોકોને કોરોના અંગે જાગૃત કરવા માટેની કામગીરી કરવામાં આવી રહી છે.

સુરતમાં વધી રહેલા કેસોને કાબૂમાં લેવા માટે પાલિકા દ્વારા શહેરના વિવિધ ઝોનમાં કોરોનાની સાવચેતી માટેની ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે, જેમાં રાંદેર ઝોન દ્વારા રાંદેર-અડાજણ વિસ્તારમાં સ્થાનિક પોલીસ સાથે સંયુક્તરીતે લોકોને કોરોના અંગે જાગૃત કરવા માટેની કામગીરી કરવામાં આવી રહી છે. જે કામગીરીમાં લોકોને માસ્ક પહેરવા માટે જરૂરી બાબતે કાળજી લેવા પણ જણાવવામાં આવ્યું હતું. તેમજ માસ્ક વગર દેખાનાર લોકોને દંડ પણ કરવામાં આવ્યો હતો. લોકો કોરોનાથી સચેત રહેવાની જગ્યાએ બેદરકાર બની ગયા હોવાથી શહેરમાં કેસોની સંખ્યામાં વધારો થયો છે. જ્યારે કેટલાક મોલ, કોમ્પ્લેક્ષ તેમજ શીપિંગ કોમ્પ્લેક્ષ અને દુકાનોમાં હજુ પણ લોકો માસ્ક વગર જોવા મળી રહ્યા છે, જેઓ માત્ર દેખાવ પૂરતા જ માસ્ક પહેરતા હોય તેવું લાગે છે. જ્યારે આવી બેદરકારી લોકો બંધ કરે અને કોરોનાથી સાચે જ સચેત રહે તે માટે રાંદેર ઝોનની ટીમ દ્વારા સ્થાનિક પોલીસ સાથે મળીને લોકોને જાગૃત કરવા માટે કામગીરી શરૂ કરવામાં આવી હતી. દુકાનો, શોપિંગ મોલ્સ અને કોમ્પ્લેક્ષ, મલ્ટિપ્લેક્ષ અને ખાણીપીણીની દુકાનોમાં તપાસ શરૂ કરવામાં આવી હતી.

# અપડાઉન કરનાર મુસાફરો માટે છ મહિનાથી બંધ થયેલ ટ્રેનો પુનઃ શરૂ કરવા DRMને રજૂઆત

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૭

દક્ષિણ ગુજરાતમાંથી મોટી સંખ્યામાં લોકો સુરત રેલવે સ્ટેશનથી અપડાઉન કરે છે. પરંતુ કોરોનાને કારણે ટ્રેનો બંધ થઈ જતા અપડાઉન કરતા લોકોની હાલત કફોડી બની ગઈ છે. રેલવે તંત્ર દ્વારા હવે ધીરે-ધીરે ઘણી બધી ટ્રેનો શરૂં કરવામાં આવી છે. ત્યારે છેલ્લા છ મહિનાથી બંધ થયેલી ટ્રેનોની સેવા ફરીથી શરૂં કરવા માટે ડીઆરયુસીસી મેમ્બર સનીત પટેલ દ્વારા સુરત સ્ટેશન ડાયરેક્ટર અને ડી.આર.એમને રજૂઆત કરવામાં આવી છે. ડીઆરયુસીસી મેમ્બર સનીત પટેલે રજૂઆત કરતા જણાવ્યું હતું કે, કોવિડ-૧૯ના કારણે ૨૨ માર્ચથી રેલવે યાત્રી ટ્રેનો બંધ કરવામાં આવી છે. જેમાંથી ઘણીબધી ટ્રેનો રેલવે મંત્રાલય અને સરકારના આદેશથી પુનઃ શરૂં કરવામાં આવી છે. પરંતુ દક્ષિણ ગુજરાતમાં રહેતા જુદા જુદા વર્ગના લોકો મોટી સંખ્યામાં રોજગારી અર્થે ટ્રેનોમારફતે સુરતથી અપડાઉન કરે છે. છેલ્લા છ મહિનાથી અપડાઉન કરવા માટે મુશ્કેલી અનુભવી રહ્યા છે. હાલની પસ્થિતિમાં લોકોની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ નબળી હોય તેવા સંજાગોમાં રેલવે યાત્રીઓએ ખાનગી વાહનોથી રોજગાર અર્થે અવર જવર કરવી પડે છે. જેનો આર્થિક બોજો વધુ પ્રમાણમાં પડે છે. ઘણાને નોકરી અને રોજગારી ઉપર સીધી અસર પડે છે. વધુમાં સનીત પટેલે રેલવે યાત્રીઓના હિતમાં વલસાડ-દાહોદ ઈન્ટરસિટી, સુરત-જામનગર ઈન્ટરસિટી, વડોદરા-ભીલાડ ટ્રેન, સુરત-બ્રાન્દ્રા ઈન્ટરસિટી, સુરત-વિરાર મેમુ, સુરત-અમદાવાદ મેમુ, સુરત-ભુસાવલ મેમુ, સુરત-નંદુરબાર ટ્રેન, વલસાડ-વિરમગામ અને ગુજરાત ક્વીન શરૂ કરવા માટે રજૂઆત કરી હતી.

### ડીસીબીએ ૧૨.૦૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

# લિંબાયતમાં ગેરેજની આડમાં ચાલતા દારૂના વેપલા પર પોલીસની રેડ

સુરત, તા.૭

લિંબાયત કેનાલ રોડ પાસે આવેલી એક ઓટો ગેરેજની આડમાં ચાલતા દારૂના વેપલા પર સુરત ક્રાઈમ બ્રાંચે રેડ કરી હતી. ત્યારે દારૂની હેરાફેરી કરતા એક બૂટલેગર રંગેહાથ પકડાઈ ગયો હતો. જ્યારે ૬ જેટલા બૂટલેગરોને પોલીસે વોન્ટેડ જાહેર કરી કુલ રૂા.૧૨ લાખથી વધુની મત્તા કબજે કરી હતી.

સુરત ક્રાઈમ બ્રાંચને બાતમી મળી હતી કે, લિંબાયત કેનાલ રોડ અંબિકાનગર સોસાયટીની બાજુમાં તૌફીક નામના વ્યક્તિનું ઓટો ગેરેજ આવેલું છે, જેમાં ગેરકાયદેસર રીતે દારૂનો વેપલો ચાલી રહ્યો છે. આ હકીકતના આધારે સુરત ક્રાઈમ બ્રાંચે ફોરવ્હીલ ગાડીના ગેરેજમાં છાપો માર્યો હતો. ત્યારે રાજસ્થાન રાજસમદ જિલ્લાના તાતગઢ ગામનો વતની પ્રેમસિંગ ખેતીસિંગ કુમાવત દારૂની હેરાફેરી કરતા રંગેહાથ પકડાઈ ગયો હતો. પોલીસે ગેરેજની તલાસી લેતાં રૂા.૪.૮૨ લાખથી વધુની ૪૦૫૬ નંગ દારૂની બોટલ મળી આવી હતી. પોલીસે ગેરેજમાંથી દારૂની હેરાફેરી માટે ઉપયોગમાં લેવાતી પિકઅપ વાન, જીજે-૫-વીવી-૧૭૪૪ નંબરની રિક્ષા અને જીજે- ૫-એસક્યુ-૩૩૫૬ નંબરની મોપેડ ગાડી પણ મળી આવી હતી. ક્રાઈમ બ્રાંચે પ્રેમસિંગની ધરપકડ કરી અન્ય ૬ વ્યક્તિઓને વોન્ટેડ જાહેર કરી ગેરેજમાંથી દારૂનો જથ્થો અને અન્ય સાધનો મળી કુલ રૂા.૧૨.૦૨ લાખથી વધુની મત્તા કબજે કરી હતી.

# ભાવનગર યુનિ.ખાતે યુ.જી.સેમ. તેમજ પી.જી.સેમનો પ્રારંભ

ભાવનગર, તા.૭

ભાવનગર મહારાજા કૃષ્ણાકુમારસિંહજી યુનિવર્સિટી ખાતે આજથી યુ.જી.સેમ-૩ અને ૫ તેમજ પી.જી.સેમ-૩ પરીક્ષાનો પ્રારંભ થયો છે. પ્રથમ સત્રની પરીક્ષાના પ્રથમ રાઉન્ડમાં ૨૭,૦૦૦ કરતા વધુ વિદ્યાર્થીઓ કોરોનાના નિયમોનું સંપૂર્ણ પાલન સાથે પરીક્ષા આપવા પહોંચ્યા છે. જ્યારે યુનિવર્સિટી દ્વારા પણ કોરોના અંગેની સરકારની ગાઈડલાઈન્સને અનુસરી આજથી વિધિવત ૩ સેશનમાં પરીક્ષા લેવાનો પ્રારંભ કર્યો છે.

# મોસાલી : ભારત બંધના એલાનને લઈ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો

મોસાલી, તા.૭

આવતીકાલે તા.૮મી ડિસેમ્બરના મંગળવારે વિવિધ ખેડૂત સંગઠનોએ ભારત બંધનું એલાન આપ્યું છે. આ એલાનને વિરોધપક્ષે સમર્થન જાહેર કર્યું છે. આ એલાનને પગલે માંગરોળ પોલીસ મથકના PSI પરેશ એચ.નાયીએ માંગરોળ, મોસાલી બજાર, મોસાલી ચાર રસ્તા, વાંકલ, ઝંખવાવ ચાર રસ્તા વગેરે વિસ્તારોમાં બંધ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે એને ધ્યાનમાં લઈ ૨૫૦ પોલીસ જવાનોને તૈનાત કર્યા છે. જેમાં ૨૦૦ ગ્રામ રક્ષકદળના જવાનો તથા આશરે ૫૦ જેટલા સ્થાનિક પોલીસ જવાનો મળી કુલ ૨૫૦ જવાનોને તૈનાત કર્યા છે. સાથે જ બંદોબસ્તનું આયોજન પણ કરી દેવામાં આવ્યું છે.

# ઈરાન દ્વારા આયોજિત સેન્ટ્રીફ્યુજસ 'અત્યંત ચિંતાજનક' : ફ્રાન્સ, યુકે, જર્મની

(એજન્સી) તા.૭



ફ્રાન્સ, જર્મની અને બ્રિટને ૭ ડિસેમ્બરે કહ્યું હતું કે, તેઓ ઈરાની ઘોષણાથી આશ્ચર્યચકિત થઈ ગયા છે કે, ઈરાન વધારાના અદ્યતન યુરેનિયમ-સમૃદ્ધ સેન્ટ્રીફ્યુજ સ્થાપિત કરવા અને તેના પરમાણુ કાર્યક્રમને વિસ્તૃત કરી શકે તેવા ઠરાવ દ્વારા સ્થાપિત કરવાનો ઈરાદો રાખે છે. 'જો ઈરાન મુત્સદ્દીગીરી માટે જગ્યા બચાવવા અંગે ગંભીર છે, તો તેણે આ પગલાને અમલમાં મૂકવાની જરૂર નથી.' JCPoA તરીકે ઓળખાતા તહેરાન સાથે ૨૦૧૫માં પરમાણુ સંરક્ષણ કરાર માટે ચીન અને રશિયા સહિત ત્રણેય શક્તિઓ ભાગીદાર છે. એક સંયુક્ત નિવેદનમાં એમ કહેવાયું હતું. રોઈટર્સ દ્વારા મેળવેલા એક ગોપનિય આંતરરાષ્ટ્રીય અણુ ઉર્જા એજન્સી (IAEA)ના અહેવાલમાં કહેવાયું છે કે, ઈરાન તેના નતાંઝ ખાતેના સંવર્ધન પ્લાન્ટમાં અદ્યતન IR-2m સેન્ટ્રીફ્યુજસના ત્રણ વધુ કાસ્કેડ અથવા ક્લસ્ટર્સ સ્થાપિત કરવાની યોજના ધરાવે છે. જે દેખીતી રીતે કોઈપણ પ્રકારના હવાઈ બોમ્બ હુમલા સામે ટકી રહેવા માટે નિર્માણ કરવામાં આવ્યું હતું. મોટા શક્તિશાળી દેશો સાથે ઈરાનનો પરમાણુ કરાર કહે છે કે, તહેરાન ફક્ત પ્રથમ પેઢીના IR-1 સેન્ટ્રીફ્યુજસનો ઉપયોગ કરી શકે છે. જે યુરોનિયમને નતાંઝ ખાતે ધીરે-ધીરે સુધારે છે અને તે જ માત્ર તે મશીનો છે જેની સાથે ઈરાન સમૃદ્ધ સંગ્રહ કરી શકે છે.

# ઈરાનના ન્યુક્લિયર વૈજ્ઞાનિક મોહસિનની હત્યામાં સેટેલાઈટથી કન્ટ્રોલનો ઉપયોગ : રિપોર્ટ

(એજન્સી) તહેરાન, તા.૭



ઈરાનના પરમાણુ કાર્યક્રમના જનક પૈકીના એક મોહસિન ફકરીઝાદેહની હત્યાને લઈને ઈસ્લામિક રેવેલોશન ગાર્ડ કોર્પ્સના પ્રવક્તા બ્રિગેડિયર જનરલ રમજાન શરીફે સનસનાટીભર્યા દાવો કર્યો છે. રમજાન શરીફે આરોપ લગાવ્યો કે મોહસિનની હત્યા જે હથિયાર વડે કરવામાં આવી હતી તેનું સંચાલન સેટેલાઈટથી કરવમાં આવી રહ્યું હતું. મોહસીન ઈરાનમાં પરમાણુ કાર્યક્રમ પાછળ મોટું માથુ માનવામાં આવી રહ્યું હતું. તેહરાને ફખરીજાદેહની હત્યાનો આરોપ ઈઝરાયેલ પર લગાવ્યો હતો. તેમની હત્યાને અંજામ ઈઝરાઈલની જાસુસી સંસ્થા મોસાદે આપ્યો હતો. ત્યાર બાદ તેહરાને ખુલ્લેઆમ ઈઝરાયેલને બદલાની ચેતવણી આપી હતી. કેટલાક ઈરાની અધિકારીઓએ તો મોહસિન ફકરીઝાદેહની હત્યામાં અમેરિકા અને સાઉદી અરેબિયાની સંડોવણી હોવાનું કહીં રહ્યાં છે. ૧૯૭૯માં ઈરાન ક્રાંતિ બાદથી ઈઝરાયેલને ખત્મ કરવાની માંગ ઉઠતી રહે છે. ઈરાને તો ઈઝરાયેલના અસ્તિત્વ સામે જ વિરોધ છે. ઈરાનના કટ્ટર ધાર્મિક નેતાઓનું કહેવું છે કે ઈઝરાયેલે અયોગ્ય રીતેથી મુસ્લિમ જમીન પર કબ્જો કર્યો છે. તેના કારણે ઈઝરાયેલ પણ ઈરાનને પોતાના માટે સમસ્યા માને છે. ઈઝરાયેલ હંમેશાથી ઈરાનને પરમાણુ શસ્ત્રથી સજ્જ થવાથી વિરોધ કરતું આવ્યું છે.

# ઈઝરાયેલ સાથે કરાર બાદ UAE પર સાયબર હુમલો થઈ શકે : અધિકારીઓ

(એજન્સી) દુબઈ, તા. ૭



ઈઝરાયેલ સાથે સામાન્ય કરાર કર્યા બાદ યુએઈ પર હવે સાયબર હુમલાનું જોખમ તોળાઈ રહ્યું છે તેમ અખાતી અરબ દેશોના સાયબર સુરક્ષા પ્રમુખે એક નિવેદનમાં જણાવ્યું હતું. યુએઈએ અરબની દશકોથી ચાલી આવતી નીતિઓને નેવે મુકીને ઈઝરાયેલ સાથે કરાર કરવાની સંમતિ આપી હતી જ્યારે તેણે પેલેસ્ટીનીઓ સહિત અનેક ઈસ્લામી દેશોની ટીકાઓનો ભોગ બનવું પડ્યું હતું. ત્યારબાદ બેહરીન અને સુદાને પણ ઈઝરાયેલ સાથે સંધિ કરી હતી પરંતુ સુદાને હજુ સુધીસામાન્ય કરાર પર હસ્તાક્ષર કર્યા નથી. દુબઈમાં મંચ પર આપેલા એક ઈન્ટરવ્યૂમાં મોહમ્મદ હમાદ અલ-કુવૈતીએ જણાવ્યું હતું કે, ઈઝરાયેલ સાથે અમારા સંબંધો સામાન્ય કરવાના પ્રયાસો કેટલાક લોકો દ્વારા યુએઈ પર કરાનારા સંભવિત હુમલાને રોકવા માટે છે. કુવૈતે આ દરમિયાન કહ્યું કે, નાણાકીય ક્ષેત્રોને નિશાન બનાવાયા પરંતુ હુમલા નિષ્ફળ બનાવાયા છે. જોકે, કયા હુમલા નિષ્ફળ બનાવાયા અને કોણ તેની પાછળ હતું તેની વિગતો આપવામાં આવી નથી. તેમણે કહ્યું કે, જ્યારથી કોરોના વાયરસ મહામારી શરૂ થઈ ત્યારથી યુએઈ પર સાયબર હુમલા વધી ગયા છે. પરંપરાગત રીતે મોટાભાગના હુમલા ઈરાન તરફથી કરવામાં આવી રહ્યા છે જોકે, હજુ સુધી આ હુમલા પાછળ કોણ છે તેની જાણકારી અપાઈ નથી.

# કુવૈતમાં સંસદીય ચૂંટણી પરિણામોની ઘોષણા બાદ સરકારે રાજીનામું આપ્યું

(એજન્સી) કુવૈત સિટી, તા. ૭



કુવૈતની ચૂંટણી સમિતિએ દેશના પાંચ ચૂંટણી જિલ્લાઓમાં થયેલી ૨૦૨૦ની સંસદીય ચૂંટણીના પરિણામોના ૫૦ વિજેતાઓની ઘોષણા કરી છે. ૫૦ બેઠકો ૨ થયેલી ચૂંટણીઓમાં ૩૨૬ ઉમેદવારો મેદાનમાં હતા જેના માટે શનિવારે મતદાન થયું હતું. મતદાન પ્રક્રિયા સવારે આઠ વાગે શરૂ થઈ હતી અને સાંજે આઠ વાગે પૂરી થઈ હતી. અહેવાલ અનુસાર ૫,૬૭,૬૯૪ મતદારો મત આપવા પાત્ર હતા. ચૂંટાયેલા સાંસદો હવે સંસદસભ્ય તરીકે ચાર વર્ષ સુધી પોતાની સેવાઓ આપશે. ચૂંટણીમાં ૩૧ નવા સાંસદો ચૂટાઈને આવ્યા છે જ્યારે ૧૯ સાંસદાઓ પોતાની બેઠકો જાળવી રાખી છે. ચૂંટણીમાં ૨૯ મહિલા ઉમેદવારો પણ હતી પરંતુ એકપણ મહિલા ઉમેદવાર જીતી શકી ન હતી. બીજી ચૂંટણી જિલ્લામાં પોતાની જીતની ઘોષણા બાદ કુવૈતના પૂર્વ સંસદ અધ્યક્ષ મરકૂઝ અલ-ઘનિમે મતદારોનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે, મને તમારા પર ગર્વ છે અને તમે મને મોટી જવાબદારી આપી છે. દરમિયાન કુવૈતના પ્રધાનમંત્રી શેખ સબા ખાલિદ અલ-હમદ અલ-સબાહે રવિવારે કુવૈતના બંધારણ અનુસાર ચૂંટણીઓ બાદ પોતાની સરકારમાંથી રાજીનામું અમીર શેખ નવાફ અલ-હમદ અલ-જબર અલ-સબાને સોંપ્યું હતું. આ દરમિયાન નવા અમીરની પસંદગી સાથે જ દેશમાં આર્થિક પડકારોનો સામનો કરવો પડશે. દેશમાં છેલ્લા કેટલાક દશકોમાં આ સૌથી મોટી આર્થિક કટોકટી છે.

# નેતાન્યાહુ જુઠ્ઠાં છે, રાજકુમારે તેમની સાથે મુલાકાત જ નથી કરી : સઉદી પ્રિન્સ

(એજન્સી) તા.૭



સઉદી ઈન્ટેલિજન્સના પૂર્વ વડા પ્રિન્સ તૂર્કી અલ ફૈસલે કબજો કરનારા ઈઝરાયલ દેશ સાથે સંબંધો સામાન્ય કર્યાના અહેવાલોને રદીયો આપતાં કહ્યું હતું કે રાજકુમાર મોહમ્મદ બિન સલમાન અને ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ વચ્ચે ક્યારેય મુલાકાત થઈ જ નથી. તેમણે કહ્યું કે ઈઝરાયલી વડાપ્રધાન જુઠ્ઠાં છે. આ ટિપ્પણી તેમણે એક જાણીતા મીડિયા સીએનએનને આપેલા ઈન્ટરવ્યૂ દરમિયાન કરી હતી. તેમણે આ દરમિયાન સઉદી અરબના રાજકુમાર મોહમ્મદ બિન સલમાન અને ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ વચ્ચેની સંભવિત બેઠક અંગેના સમાચારો અંગે પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું કે સઉદી અરબ તમામ પ્રકારના અહેવાલોને નકારે છે. તેમણે આ દરમિયાન અમેરિકા સાથેના સાઉદી અરબના સંબંધો અંગે પણ ચર્ચા કરી હતી અને તેમાંય ખાસ કરીને તેમણે વ્હાઈટ હાઉસમાં આવનારા પરિવર્તન અંગે પણ ચર્ચા કરી હતી. સઉદી રાજકુમાર અવારનવાર વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ સાથેની મુલાકાતને નકારતા રહ્યાં છે. તેમની વચ્ચે ગત અઠવાડિયે નાઓમ સિટીમાં બેઠક થયાની ચર્ચા હતી. અમેરિકા તથા ઈઝરાયેલના ગુપ્ત સૂત્રોએ આ બેઠકના સમાચાર લીક કર્યા હતા. અલ ફૈસલે કહ્યું કે સઉદી અરબના વિદેશ બાબતોના મંત્રી રાજકુમાર ફૈસલ બિન ફરહાન સાથે મારી વાતચીત થઈ હતી અને તેમણે આવી કોઈપણ જાતની બેઠક યોજાયાના અહેવાલોને રદીયો આપ્યો હતો.

# ઓક્ટોબરથી અત્યાર સુધી પશ્ચિમી યમનમાં ૧૩૯ લોકોનાં મોત થયા અને ઘાયલ થયા

(એજન્સી) તા.૭



સંયુક્ત રાષ્ટ્રએ જણાવ્યું કે પશ્ચિમી યમનના ઓક્ટોબરથી અત્યાર સુધી ૧૩૯ નાગરિક મૃત્યુ પામ્યા છે અથવા ઘાયલ થયા છે. સંયુક્ત રાષ્ટ્રના માનવીય મામલાઓના સમન્વય માટે ઓફિસે જણાવ્યું કે ઓક્ટોબરમાં ૪૯ અને નવેમ્બરમાં અલ હુદેદા રાજયમાં ૭૪ નાગરિક મૃત્યુ પામ્યા છે અથવા ઘાયલ થયા છે. અલ હુદાયદારમાં એક વ્યાપાર પરિસરમાં ૩ ડિસેમ્બરે થયેલા હુમલામાં છ શ્રમિકોના મોત થયા અને ૧૦ ઘાયલ થયા. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે મૃત્યુ પામેલા અને ઘાયલ લોકોની સંખ્યા વિશે કોઈ અન્ય માહિતી આપવામાં આવી નથી. ઓસીએચએ મુજબ અલ હુદેદામાં સંઘર્ષ હાલના મહિનાઓમાં વધી ગયો છે અને યમનમાં વિરોધી દળોને આંતરરાષ્ટ્રીય માનવીય કાયદાનું ઉલ્લંઘન કરનારા નાગરિકોની વિરૂદ્ધ હુમલાઓને રોકવા જોઈએ. યમન ૨૦૧૪ પછીથી હિંસા અને અરાજકતાથી ઘેરાઈ ગયું છે, જ્યારે હૌથી વિદ્રોહીઓએ દેશના વધુ પડતા ભાગ પર કબજો કરી લીધો હતો, જેમાં રાજધાની અમલદારશાહી પણ સામેલ હતી. ૨૦૧૫માં સંકટ વધી ગયું જ્યારે સઉદીના નેતૃત્વવાળા ગઠબંધને હૌથી પ્રાદેશિક લાભ પરત કરવાના ઉદ્દેશથી વિનાશકારી હવાઈ અભિયાન શરૂ કર્યું. માનવામાં આવે છે કે, નાગરિકો સહિત ૧૦,૦૦૦થી વધુ યમનીઓને સંઘર્ષમાં મારી નાખવામાં આવ્યા છે, જેનાથી વિશ્વનું સૌથી મોટું માનવીય સંકટ ઊભું થયું છે. જેમાં લાખો લોકોના ભૂખમરાનું જોખમ છે.

# ફ્રાન્સના કારાબાખનો ઠરાવ એક "આપત્તિ" : એર્દોગન

(એજન્સી) અંકારા, તા.૭



તુર્કીના રાષ્ટ્રપતિએ શનિવારે ફ્રાન્સની સંસદ દ્વારા ઉત્તરીય કારાબાખ માટે પસાર કરાયેલ ઠરાવને 'સંપૂર્ણ આપત્તિ' તરીકે જણાવ્યું હતું. ફ્રાન્સની સંસદે મિન્સ્ક ગ્રુપ સાથે એક દિવસ પહેલાં નિર્ણય કર્યો હતો, જે આ કૌભાંડ પાછળની એક સંપૂર્ણ આપત્તિ છે, "એર્દોગને પૂર્વ તુર્કીમાં બનાવાયેલ જાહેરમાર્ગના લોકાર્પણ સમયે કહ્યું હતું. નાગોરનો-કારાબાખને એક સ્વતંત્ર રાજ્ય તરીકે જાહેર કરતો કથિત ઠરાવ ફ્રાન્સ દ્વારા કરવામાં આવ્યો હતો. એર્દોગને નોંધ્યું કે, અઝરબૈજાને કોઈની ઉપર અથવા કોઈ જમીન પર હુમલો નથી કર્યો અને એમણે માત્ર પોતાની જમીનને મુક્ત કરી છે, જે આમેનિયાએ છેલ્લા ૩૦ વર્ષોથી યુએન અને ઓએસસીઈના ઠરાવો છતાંય કબજે કરી રાખી હતી. અઝરબૈજાને કાયદાના દાયરામાં રહીને બધું કર્યું છે, એમણે આર્મેનિયાની જેમ નાગરિકો અથવા નાગરિકી વસાહતો ઉપર હુમલાઓ નથી કર્યા. ફ્રાન્સના ઠરાવનો ઉલ્લેખ કરતા એમણે કહ્યું કે, કોઈપણ રાજયના સ્વાયતતાના અધિકારો ઉપર કરાયેલ હુમલો અસ્વીકાર્ય છે. અમને આશા છે કે, આંતરરાષ્ટ્રીય સમુદાય ફ્રાન્સ દ્વારા શરૂ કરાયેલ આ પગલાઓનો વિરોધ કરશે, જે ખૂબ જોખમી છે અને બધા રાજયોને ધમકીઓ આપનાર છે. તુર્કીના રાષ્ટ્રપતિએ ચેતવણી પણ આપી અને કહ્યું, યુરોપ આ વિકૃતિના લીધે વધુ નુકસાન સહન કરશે. કારણ કે, તે તેની અત્યારની રાજકીય એકતાને "ખૂબ જ લોહિયાળ અને સંઘર્ષનો અંધકારમય સમય" આપે છે.

# જો અમેરિકન પ્રતિબંધોમાં ઢીલ આપવામાં આવી તો ઈરાન તેલ ઉત્પાદન વધારવાની તૈયારી કરશે

(એજન્સી) તા.૭



સમાચાર મુજબ ઈરાને પોતાના તેલ મંત્રાલયને ત્રણ મહિનાની અંદર સંપૂર્ણ ક્ષમતાથી કાચા તેલના ઉત્પાદન અને વેચાણ માટે પ્રતિષ્ઠાનોને તૈયાર કરવાના નિર્દેશ આપ્યા છે. તેમણે રાષ્ટ્રપતિ હસન રૂહાનીના હવાલાથી જણાવ્યું કે ઈરાને અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ૨૦૧૮માં છ શક્તિઓની સાથે ૨૦૧૫ની પરમાણુ સમજૂતીથી બહાર કરવાના એક દિવસ પહેલા અને તે પ્રતિબંધોને ફરીથી લાગુ કર્યા. જેમણે પોતાના મહત્ત્વપૂર્ણ તેલ નિકાસમાં ત્યારે કાપ કરી ઈરાનની અર્થવ્યવસ્થાને મુશ્કેલમાં નાખી દીધી છે. અમેરિકન રાષ્ટ્રપતિ ચૂંટણી જો બાઈડેનને ૨૦ જાન્યુઆરીએ પદભાર ગ્રહણ કરશે. તેમણે જણાવ્યું છે કે તે સમજૂતી પર પરત ફરશે અને જો તેહરાન પરમાણુ સમજૂતીની સાથે સખત અનુપાલન પર પરત આવ્યું તો પ્રતિબંધ હટાવી દેશે. રૂહાનીએ રવિવારે જણાવ્યું કે તેમનો દેશ પોતાના તેલ ઉત્પાદનમાં ઝડપથી વૃદ્ધિ માટે તૈયારી કરી રહ્યો હતો. આઈઆરએનએએ રૂહાનીના હવાલાથી જણાવ્યું કે તેલ મંત્રાલય આગામી ત્રણ મહિનાની અંદર તેલ ઉદ્યોગની સુવિધાઓને તૈયાર કરવા અને વેચવા માટે ઉપલબ્ધ ક્ષમતાના ગુણાંકમાં તૈયાર કરવા માટે તમામ જરૂરી પગલાં ભરશે. આ અંદાજ છે કે ઈરાન ૨૦૧૮માં ૨.૮ મિલિયન બીપીડીના શિખરની સરખામણીમાં દરરોજ ૩૦૦૦૦૦ બેરલથી ઓછું તેલ નિકાસ કરે છે.

# ઈઝરાયેલનું બર્બર વલણ, કોરોના ટેસ્ટ માટે જરૂરી વસ્તુઓ ગાઝા જતી અટકાવી, ગાઝામાં કોરોના ટેસ્ટ રોકવો પડશે

(એજન્સી) તા.૭



ઈઝરાયેલની નાકાબંધીથી ઘેરાયેલ ગાઝાપટ્ટીમાં કોરોનાનું ટેસ્ટિંગ રોકાઈ ગયું છે કારણ કે ઈઝરાયેલે નાકાબંધી સખત કરી દીધી છે. ગાઝાના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે ગાઝાની કેન્દ્રીય લેબમાં જરૂરી વસ્તુઓ સમાપ્ત થવાના કારણે કોરોનાનો ટેસ્ટ રોકાઈ ગયો છે. તેમણે જણાવ્યું કે જાયોની શાસન બહારથી મેડિકલ વસ્તુઓ ગાઝામાં દાખલ થવા દઈ રહ્યું નથી, જેના કારણે ગાઝાના આરોગ્ય તંત્રની સ્થિતિ ખૂબ જ ખરાબ થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે ઈઝરાયેલે ૨૦૦૬થી ગાઝાની જમીની, હવાઈ તેમજ દરિયાઈ નાકાબંધી કરી રાખી છે. જેના કારણે આ વિસ્તારના ૨૦ લાખ લોકો ખૂબ જ દયનીય જીવન પસાર કરવા માટે વિવશ છે. આંતરરાષ્ટ્રીય સંગઠન પણ ગાઝામાં કોરોનાના ઈમરજન્સી ટેસ્ટિંગ તેમજ સારવાર માટે જરૂરી મેડિકલ સામાનના હોવાના કારણે અવ્યવસ્થા તરફ વારંવાર સચેત કરી ચૂક્યા છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........
ગુજરાત ટુડે
મંગળવાર ૮ ડિસેમ્બર ૨૦૨૦
૨૨ રબીઉલ આખર ૧૪૪૨
કારતક વદ આઠમ સંવત ૨૦૭૭

# કોરોના રસીની આડ અસરના વળતર માટે ફાઈઝર-સરકાર વચ્ચે મડાગાંઠ

કોરોના વાયરસ માટેની રસી માટે સમગ્ર વિશ્વ ખૂબ જ ઉત્સુક છે. હજી કેટલીક રસીઓ પર ટ્રાયલ બેઝ ચાલે છે. આપણે ત્યાં સ્વદેશીથી લઈને કેટલીય રસીઓની પ્રેક્ટિકલ ટ્રાયલ શરૂ થઈ ગઈ છે. જે સ્વાસ્થ્ય સ્ટાફ ડૉક્ટરો, નર્સો વગેરેને શરૂમાં અપાઈ રહી છે. એ દરમ્યાન જ સપ્તાહ પહેલાં એક દર્દીએ રસીની આડ અસર થઈ કહી જે તે કંપની સામે પાંચ કરોડનો દાવો ઠોક્યો, એ માટેનું લખાણ WHO સુધી કર્યું. એ સિવાય હરિયાણાના આરોગ્ય મંત્રી અનિલ વિજને ટ્રાયલ રસી અપાઈ. એ પ્રથમ ડોઝ આપ્યા પછી દસ-પંદર દિવસે તેઓ કોરોના પોઝિટિવ થયા. સ્વાસ્થ્ય નિષ્ણાંતોનું કહેવું છે કે, ૨૦-૨૫ દિવસના આંતરે બે ડોઝ એ રસીના આપવા જરૂરી છે.

આ સમયે આડ અસરના વળતર દવા નિર્માતા ફાઈઝર કંપનીએ સરકારને જણાવ્યું કે, કોરોના વેક્સિનના ડોઝ આપ્યા પછી જો કોઈને આડઅસર થાય તો તેનું વળતર આપવાની જવાબદારી ભારત સરકારની રહેશે. ફાઈઝરે સરકાર સામે મૂકેલી આ શરત સ્વાભાવિક રીતે સરકારને મંજૂર ન હોય, નારાજ જ થાય. પણ હવે ગૂંચ એ ઊભી થયેલી ગણાય કે, દવા નિર્માતા ફાઈઝર કંપની રસીની આડ અસરના વળતરની કોઈ જ જવાબદારી લેવા તૈયાર નથી. જોઈએ સરકાર-ફાઈઝર કંપની આનો શું નિવેડો લાવે છે.

કોરોના વેક્સિનની અન્ય ટ્રાયલો પણ ચાલે છે એ દરમ્યાનમાં બ્રિટન, રશિયા વગેરેએ પોતાની રીતે કોરોના વેક્સિન આપવાનું ચાલુ કરવા માંડ્યું છે. જો કે ત્યાંની સરકારો આ માટે કોઈ ચાર્જ વસૂલ નહીં કરે, જ્યારે ભારત સરકારના સત્તાધીશોએ પ્રથમ તો બિહાર ચૂંટણી જીતવા ત્યાંના મતદારો ખુલ્લેઆમ જાહેરાત કરેલી અમારો પક્ષ ચૂંટણી જીતી સરકાર બનાવશે તો બિહારના લોકોને કોરોના રસી 'મફત' આપીશું. એ જાહેરાતનો વિપક્ષ દ્વારા વિરોધ થયો ત્યારે સરકારે ફેરવી તોળ્યું કે, ફક્ત બિહાર નહીં; સમગ્ર દેશની પ્રજાને મફત રસી અપાશે.

હવે કોરોના રસીનો કાર્યક્રમ સમગ્ર દેશમાં ૮-૧૦ સપ્તાહના ગાળામાં થવા જઈ રહ્યો છે ત્યારે સત્તાધીશોએ ફરી એકવાર ફેરવી તોળ્યું કે, રસી કોઈને 'મફત' નહીં અપાય. આમ અભી બોલા, અભી ફોકવાળી વાત થવા જઈ રહી છે. તો પછી રસી મફત કે પૈસા ખરચી જે લોકો લેશે તેમને જો આડ અસર થાય તો તેના વળતરની જવાબદારી કોની ? એ રસી આપતા પહેલાં જ નક્કી થઈ જવું જોઈએ. વિશ્વના જુદા-જુદા દેશના વૈજ્ઞાનિકો દ્વારા તૈયાર થઈ રહેલી વેક્સિનમાંથી કઈ રસી સફળ નિવડશે તે અત્યારથી કહેવું કવેળાનું છે. પણ બ્રિટનની રસી અગ્રેસર હોવાનું હાલ કહેવાય છે. કોરોના રસીનું સંભાળપૂર્વક રસીકરણ એ દેશ માટે ઘણો મોટો પડકાર એટલા માટે છે કે, કોરોના રસીને -૪૦ ડિગ્રીના તાપમાને રાખવી એમ વૈજ્ઞાનિકો કહે છે. ભારતમાં દૂર દરાજના ગામોમાં ફ્રીઝ કે જેમાં ૨ ડિગ્રી ઠંડું તાપમાન અને ડીપફ્રીઝમાં ૪૦ ડિગ્રી તાપમાન રહે છે તેની સામે વેક્સિન ટક્કર લઈ શકશે કે કેમ ? આ બધી ક્વાયત સરકારના સ્વાસ્થ્ય વિભાગ માટે મોટા પડકાર સમાન હશે. વળી રસી આપનાર કર્મી એ માટે નિવડેલ હોય તો જ યોગ્ય રીતે રસીકરણ કરી શકે. આ બધું સુખરૂપ પાર ઊતરે એવું આપણે જરૂર ઈચ્છીએ, પણ એ માટે સરકાર કેટલી તંતોતંત રહીને અગાઉથી તૈયારી કરે છે એ સૌથી વધુ અગત્યનું છે.

# ભારતીય મુસ્લિમોની દુર્દશા માટે અસદુદ્દીન ઓવૈસીનો ઉપાય રોગ કરતાં વધુ ખરાબ છે

## એક ખોટો પ્રયોગ

**- મોહમ્મદ અયૂબ**



અસદુદ્દીન ઓવૈસી

મહાગઠબંધનના ભોગે બિહારના પાંચ મતદારક્ષેત્રમાં ઓલ ઇન્ડિયા મજલિસ-એ-ઈતેહાદુલ મુસલીમિન (AIMIM)ની જીત એ ચૂંટણીના પરિણામ માટે નિર્ણાયક તફાવત બનાવ્યો. અસદુદ્દીન ઓવૈસી હવે પશ્ચિમ બંગાળ અને પછીથી ઉત્તરપ્રદેશમાં નોંધપાત્ર મુસ્લિમ વસ્તીવાળા જિલ્લાઓમાં વિધાનસભા બેઠકો લડીને તેમના પક્ષના રાષ્ટ્રીય પગલાંને વિસ્તૃત કરવાની યોજના ધરાવે છે.

**ખોટું નિદાન**

ઓવૈસી ભાજપની કાર્યસૂચિની કડક ટીકા કરે છે, તેઓનું કહેવું છે કે એ લોકો બંધારણના મૂળભૂત સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરે છે. પરંતુ તેઓ કહે છે કે તેમનો મુખ્ય ઉદ્દેશ, “સેક્યુલર” પક્ષો, ખાસ કરીને કોંગ્રેસના “ઢોંગ”ને ખુલ્લો પાડવાનો છે, જેમણે ભાજપનો ડર ઊભો કરીને અને તેમના બચાવકર્તા તરીકે રજૂ કરીને મુસ્લિમોનું શોષણ કર્યું હોવાની દલીલ કરે છે. જો કે, શ્રી ઓવૈસીના મતે, આ પક્ષોએ મુસ્લિમોની આર્થિક સ્થિતિમાં સુધારો કરવા અથવા તેઓ સત્તામાં દાયકાઓ સુધી રહ્યા છતાં તેમના રાજકીય સશક્તિકરણ માટે કંઇ કર્યું નથી.

**અસદુદિન ઓવૈસી ઓળખ રાજકારણના ચેમ્પિયન**

**ઓવૈસીના આરોપને સચર સમિતિના તારણો દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે, જે મુસ્લિમોની સામાજિક-આર્થિક પરિસ્થિતિઓનો અભ્યાસ કરવા માટે બનાવવામાં આવી હતી. ૨૦૦૬માં પ્રકાશિત તેના અહેવાલમાં સરકારી સેવાઓમાં મુસ્લિમોના રોજગારના અતિશય નીચા દરની પુષ્ટિ કરવામાં આવી છે. તેમાં એવું દર્શાવ્યું હતું કે મુસ્લિમોમાં ઉચ્ચ જાતિ અને ઓબીસી હિન્દુઓ કરતાં પણ ગરીબીનું પ્રમાણ વધુ છે અને તેમની આર્થિક સ્થિતિ શહેરી વિસ્તારોમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની તુલનામાં વધુ ખરાબ છે.**

ઓવૈસીએ મુસ્લિમોની દુર્દશા પ્રત્યેના “બિનસાંપ્રદાયિક” પક્ષોની ઉદાસીનતા અને વોટ બેન્ક તરીકે બાદમાં તેમનો ઉપયોગ કરવા અંગે નિદાન આપ્યું, તેમનું નિદાન સમસ્યાને વધુ વિકટ બનાવશે. ઓવૈસી પ્રમાણે મુસ્લિમોની કરૂણ સ્થિતિનો ઉપાય એ છે કે દેશભરમાં એઆઈએમઆઈએમની પહોંચને ફક્ત એક વિશિષ્ટ મુસ્લિમ પક્ષ તરીકે વિસ્તૃત કરવાની છે કે જેથી તેમની સામાજિક; આર્થિક સ્થિતિમાં સુધારો થાય અને તેઓ તેમના નાગરિક અને રાજકીય અધિકારની ખાતરી મેળવવાની માંગ કરી શકે.

ઓવૈસી ગંભીરતાથી - અને કદાચ ઈરાદાપૂર્વક - આ ઉકેલના પ્રતિકૂળ પરિણામોને ઓછો આંકે છે. એઆઈએમઆઈએમ વધુ મુસ્લિમ વસ્તીવાળા મતદારક્ષેત્રની થોડી બેઠકો મેળવી શકે છે, પરંતુ આ બિન-ભાજપ પક્ષોના ભોગે થશે, આમ ભાજપ અને તેના સાથી પક્ષોને ચૂંટણી જીતવા માટે સરળતા ઊભી કરશે. આ વ્યૂહરચના વધારે ધ્રુવીકરણ અને ભાજપ પાછળ હિન્દુ મતોના એકત્રીકરણ તરફ દોરી જશે, આમ મુસ્લિમ લઘુમતીને રાજકીય પરિણામોમાં પણ વધુ સીમાંત બનાવશે. વધતા ધ્રુવીકરણવાળા સમાજમાં બહુમતી પ્રતિક્રિયા “બિનસાંપ્રદાયિક” પક્ષોને અનિવાર્યપણે નુકસાન પહોંચાડી શકે છે અને બફરને દૂર કરી શકે છે, પછી ભલે તે કેટલાય ખામી ભરેલા હોય, પણ તેઓ ભારતના બહુવચનવાદી વિચાર અને રાષ્ટ્રની બહુમતીવાદી વિભાવના વચ્ચે હાજર છે.

**ઈન્ટરવ્યુ . સીએએ, એનઆરસી વિશે વાત કરતાં કોંગ્રેસ, આરજેડી પણ ડરી ગયા : અસદુદ્દીન ઓવૈસી**

બિહારમાં આ પરિણામે સ્પષ્ટ કર્યું કે, જ્યાં એઆઈએમઆઈએમએ સીમાંચલમાં મુસ્લિમ મતોને નોંધપાત્ર પ્રમાણમાં ખેંચ્યા, અને મહાગઠબંધનની બહુમતી મેળવવાની સંભાવનાને બગાડી. પશ્ચિમ બંગાળમાં જ્યાં રાજ્યની ચૂંટણીઓ ટૂંક સમયમાં થવાની છે ત્યાં આ જ વાર્તાનું પુનરાવર્તન થઈ શકે છે. પશ્ચિમ બંગાળમાં હરીફાઈ મુખ્યત્વે તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) અને ભાજપ વચ્ચે હશે. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ટીએમસીએ ૨૨ બેઠકો જીતી હતી અને બીજેપીએ ૧૮ બેઠકો મેળવી હતી. બીજેપીનો વોટશેર ટીએમસી કરતાં ફક્ત ૩% ઓછો હતો. ટીએમસીથી ૨% મતોનું સ્થળાંતર પણ પશ્ચિમ બંગાળમાં ભાજપ સરકાર સ્થાપિત કરી શકે છે. સંભવ છે કે એઆઈએમઆઈએમ મુર્શિદાબાદ, માલદા અને ઉત્તર દિનાજપુરમાં મુસ્લિમ મતનો મોટો હિસ્સો ખેંચી શકે છે, જ્યાં ટીએમસીએ અગાઉની ચૂંટણીઓમાં સારું પ્રદર્શન કર્યું હતું, તો આ સ્થિતિ આગામી વર્ષે વાસ્તવિકતા બની શકે છે.

**સંબંધો બાંધવા**

મુસ્લિમની ફરિયાદો અંગે એઆઈએમઆઈએમના અમુક ધારાસભ્યો મોટા અવાજે બૂમો પાડીને સમુદાયની સમસ્યાઓ હલ નહીં કરી શકે. જે જરૂરી છે તે સંબંધો બાંધવાનું છે, તેને ખતમ કરવાના નથી. “સેક્યુલર” પક્ષોના પગમાં આગ લગાવવી જરૂરી છે, તેમને એક બાજુ ફેંકી દેવા નહીં, કારણ કે એઆઈએમઆઈએમ થોડીક બેઠકો જીતી શકે તેનો ફક્ત આજ રસ્તો છે. ઓવૈસી ઉપભોક્તા કલાકાર છે; જો કે, તેઓ એક ખોટા મસીહા છે જેમનો ઉપાય ભારતીય મુસ્લિમોની દુર્દશા માટે રોગ કરતાં પણ ખરાબ છે. આજે ભારતીય મુસ્લિમોને મૌલાના આઝાદની જરૂર છે, મોહમ્મદ અલી ઝીણા જેવા બીજા ખોટા મસીહાની નહીં.

(મોહમ્મદ અયૂબ મિશિગન સ્ટેટ યુનિવર્સિટી, એમિરેટસ ઓફ ઈન્ટરનેશનલ રિલેશન્સ માટે યુનિવર્સિટીના વિશિષ્ટ પ્રોફેસર છે)

> **ઓવૈસી ગંભીરતાથી - અને કદાચ ઈરાદાપૂર્વક - આ ઉકેલના પ્રતિકૂળ પરિણામોને ઓછો આંકે છે. એઆઈએમઆઈએમ વધુ મુસ્લિમ વસ્તીવાળા મતદારક્ષેત્રની થોડી બેઠકો મેળવી શકે છે, પરંતુ આ બિન-ભાજપ પક્ષોના ભોગે થશે, આમ ભાજપ અને તેના સાથી પક્ષોને ચૂંટણી જીતવા માટે સરળતા ઊભી કરશે. આ વ્યૂહરચના વધારે ધ્રુવીકરણ અને ભાજપ પાછળ હિન્દુ મતોના એકત્રીકરણ તરફ દોરી જશે, આમ મુસ્લિમ લઘુમતીને રાજકીય પરિણામોમાં પણ વધુ સીમાંત બનાવશે.**

> **બિહારમાં આ પરિણામે સ્પષ્ટ કર્યું કે, જ્યાં એઆઈએમઆઈએમએ સીમાંચલમાં મુસ્લિમ મતોને નોંધપાત્ર પ્રમાણમાં ખેંચ્યા, અને મહાગઠબંધનની બહુમતી મેળવવાની સંભાવનાને બગાડી. પશ્ચિમ બંગાળમાં જ્યાં રાજ્યની ચૂંટણીઓ ટૂંક સમયમાં થવાની છે ત્યાં આ જ વાર્તાનું પુનરાવર્તન થઈ શકે છે. પશ્ચિમ બંગાળમાં હરીફાઈ મુખ્યત્વે તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) અને ભાજપ વચ્ચે હશે. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ટીએમસીએ ૨૨ બેઠકો જીતી હતી અને બીજેપીએ ૧૮ બેઠકો મેળવી હતી. બીજેપીનો વોટશેર ટીએમસી કરતાં ફક્ત ૩% ઓછો હતો. ટીએમસીથી ૨% મતોનું સ્થળાંતર પણ પશ્ચિમ બંગાળમાં ભાજપ સરકાર સ્થાપિત કરી શકે છે.**

# દઈ દીધું એણે મને, તે પણ મુકદરથી વધુ ! 'મસ્ત', મારે તો દુઆ પણ માંગવી ઓછી પડી !

**– મસ્ત મંગેરા**

## વ્યક્તિ વિશેષ



**ડૉ. એસ.એસ. રાહી**



મસ્ત મંગેરા

નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના મુખ્ય આદિવાસી વસ્તી ધરાવતા કાંગવઈ નામે ગામમાં ૨ મે ૧૯૩૪ના રોજ અહમદભાઈ મંગેરાનો જન્મ થયો હતો. અહમદભાઈ માત્ર ૨ વર્ષના હતા ત્યાં તેમના માતા અમીનાબહેનનું અવસાન થયું. તો ઈ.સ.૧૯૫૧માં પિતા ઈબ્રાહીમભાઈ પણ ખુદાની રહેમતમાં પહોંચી ગયા.

અહમદભાઈએ પ્રાથમિક શિક્ષણ કાંગવઈમાં લીધું. નવસારીમાં મેટ્રિક થયા તો સુરતની સર કે.પી. કોમર્સ કોલેજમાં આંકડાશાસ્ત્ર સાથે સ્નાતક થયા. તેમણે ૧૯૬૫માં બી.એડ. કર્યું. તે પછી એલ.એલ.બી. અને એમ.એડ્. જેવી ઉચ્ચ પદવીઓ પણ તેમણે પ્રાપ્ત કરી. તેમણે પુનાની મોલેદિના એંગ્લો ઉર્દૂ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે કામ કર્યું.

મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરીને અહેમદભાઈએ શિક્ષણ કાર્યને જ પોતાનો જીવનમંત્ર બનાવી દીધો. શિક્ષણના આ જીવે ઈ.સ. ૧૯૬૨માં સુરત જિલ્લાના મહુવા તાલુકાના અનાવલમાં માધ્યમિક શાળાનો પાયો નાખ્યો. આ પછી ઈ.સ. ૧૯૬૪માં આલીપોરમાં હાઈસ્કૂલની સ્થાપના કરી તેનું આચાર્યપદ તેમણે શોભાવ્યું હતું. ઈ.સ. ૧૯૬૯માં પોતાના માદરે વતન કાંગવઈમાં સાર્વજનિક હાઈસ્કૂલની સ્થાપના કરી. આમ આજીવન શિક્ષક અને સેવકને ઈ.સ. ૧૯૬૯માં ગુજરાત સરકારે શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ એનાયત કરી તેમનું બહુમાન કર્યું હતું. અનેક જાણીતી હસ્તીઓ સાથે ગાઢ સંપર્ક અને સંબંધ ધરાવતા આ શાયરે લગભગ ૧૦ વખત યુ.કે.નો પ્રવાસ કર્યો છે. ઉપરાંત સાઉથ આફ્રિકા અને હજ માટે સઉદી અરેબિયા અને ઈરાકનો પ્રવાસ કર્યો છે. સુરતથી નીકળતા 'વહોરા સમાચાર' માસિકપત્રના તંત્રી તરીકે ૧૯૮૧થી તેઓ નિયમિત રીતે પોતાની સેવાઓ આપે છે. તેમણે પોતાના વતન કાંગવઈની ગ્રામ પંચાયતના સરપંચ તરીકે ૧૦ વર્ષ સુધી સેવા બજાવી હતી.

શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં કાર્યરત હોવાની સાથે તેમણે સાહિત્ય સર્જનનો શોખ પણ જાળવી રાખ્યો. શરૂમાં તેમણે જુદા જુદા વર્તમાનપત્રોમાં નાના નાના લેખો લખ્યા. તેમણે પોતાનું તખલ્લુસ 'મસ્ત મંગેરા' રાખ્યું અને શે'ર-શાયરીની દુનિયામાં તેઓ આ જ ઉપનામથી ઓળખાય છે. તે જમાનામાં આ શાયર હઝલસમ્રાટ ઈબ્રાહીમભાઈ દાદાભાઈ 'બેકાર' સાહેબના પરિચયમાં આવ્યા હતા. તે વખતે મુશાયરા પ્રવૃત્તિ જોર પકડતી હતી. ગુજરાતભરમાં યોજાતા, મોટાભાગના મુશાયરામાં ભાગ લેવાનું સદ્ભાગ્ય 'મસ્ત મંગેરા'ને મળ્યું હતું. તેમણે તેમના ઉસ્તાદ શાકિર ઉનિઆ પાસેથી ગઝલ લેખનના પાઠ શીખ્યા હતા. 'મસ્ત મંગેરા'ની ગઝલો ગુજરાત અને ગુજરાત બહાર દેશ-વિદેશના કેટલાક સામયિકો અને દૈનિકોમાં પ્રગટ થતી રહી છે.

તેમની ગઝલો, નઝમો, મુકતકોનો સંગ્રહ 'મિજાજ' ઈ.સ. ૨૦૦૯માં પ્રગટ થયો છે. 'આઠમો વાર' તેમની નવલકથા છે તો 'સરવાળો'માં તેમની ટૂંકી વાર્તાઓ ગ્રંથસ્થ થયેલ છે. મહાકવિ ડો.અલ્લામા ઈકબાલના જીવન કવન વિશે પણ તેમણે પુસ્તક પ્રગટ કરેલ છે. 'સુન્ની વહોરા મુસ્લિમ આંતરરાષ્ટ્રીય ડિરેક્ટરી' અને 'શિક્ષણની સરવાણી' તેમના અન્ય પુસ્તકો છે. 'વહોરા સમાચાર'માં છપાયેલા જ. શાકિર ઉનિઆના લેખો તેમણે સમજ અપની અપની નામે સંપાદિત કર્યા છે. આકાએ નામદાર (સ.અ.વ.)ના જીવનને સરળ ભાષામાં રજૂ કરતા 'સીરા વાંચનમાળા'ના ૧થી ૭ ભાગ તેમણે પ્રગટ કર્યા છે. તેમણે જાણીતા ગઝલકાર 'મસ્ત હબીબ' સારોદી (ઈ.સ.૧૯૧૨-૧૯૭૨)ની ગઝલોનું સંપાદન 'મસ્તી'(૧૯૬૫) નામે કર્યું છે. જે ગઝલકારનો એક પણ ગઝલસંગ્રહ થયો ન હોય અને જે શાયર સાવ વિસરાઈ ગયા હોય તેવા શાયરોના પુસ્તકો તૈયાર કરવા માટે 'મસ્ત મંગેરા'એ શ્રી જય નાયક (નવસારી)ના સથવારે 'આવાઝ પ્રકાશન' નામે પ્રકાશન સંસ્થા શરૂ કરી છે. આ સંસ્થાએ વિવિધ શાયરોના ૧૪ ગઝલસંગ્રહો બહાર પાડ્યા છે. માત્ર ૧૩ વર્ષની ઉંમરે લેખનનો આરંભ કરનાર દક્ષિણ ગુજરાતના આ સમાજસેવક શાયરના કેટલાક મજેદાર શે'રનો હવે રસાસ્વાદ કરીએ :

**પીઠનો આશરો તો આપે છે,**
**એટલી તો ભલી છે દીવાલો.**

**દિવસમાં યે નથી દેખાતો દિવસ,**
**દિવસ જાણે અમારી રાતમાં છે.**

**દિલ જેવી છે એક જ દૌલત,**
**એની યે થૈ જાય સખાવત.**

**હસી એ શકે છે બધા હાલ પર,**
**ગજબ 'મસ્ત'ની એ અમીરાત છે.**

**આજ મળ્યાં ને કાલ મળીશું,**
**પ્રેમનો કંઈ અંજામ ન આવે.**

**એક અમાનત રૂપે એનો સાચવી,**
**પારકું ધન છે અમારી જિંદગી.**

**મદભરી આંખ શું હતી ઓછી,**
**એમાં કાજળની આવી રેખા-શ્યામ.**

**હાથમાં શસ્ત્ર દઈ શરાબીના,**
**આપ કરવાના આજે કત્લેઆમ.**

**બેઉમાંથી પસંદ એક જણ પણ નથી,**
**આ જીવન પણ નથી, આ મરણ પણ નથી.**

**દર્શનની મુગ્ધતાની હું ફરિયાદ શું કરું ?**
**કહેવાનું કહી શક્યો નહીં એવું મિલન હતું.**

**ખૂલેલા દ્વાર આપોઆપ બંધ થઈ ગયા,**
**નિજના જ ઘરથી કોઈથી પાછા ફરાય છે ?**

**પાછા ફર્યા સિવાય અહીં ક્યાં બીજી ગતિ ?**
**કહેવાય છે કે જિંદગી સીધો પ્રવાસ છે.**

**દઈ દીધું એણે મને, તે પણ મુકદ્દરથી વધુ,**
**'મસ્ત', મારે તો દુઆ પણ માંગવી ઓછી પડી !**

**મંઝિલની સરસ વાત અમે સાંભળી તો છે,**
**બાકી ચરણના ભાગ્યમાં કેવળ પ્રવાસ છે.**

**વિરહની વેદનાઓ લઈ હૃદય જંપી ગયું હમણાં,**
**અરે, ભારેલો અગ્નિ છે, રખે એને પવન લાગે !**

**પ્રશ્ન એ છે, કાફલો ક્યાંથી જશે મંઝિલ ઉપર ?**
**આમ વારંવાર જો રસ્તાઓ બદલે રાહબર.**

**જીવનના ધૂપછાંવનો બીજો શો અર્થ હોય ?**
**અલ્લાહ, તારું ધ્યાન કદી છે, કદી નથી !**

**મદભર્યા કોનાં નયન, આ જામ છલકાવી ગયાં,**
**પાનખરને પણ વસંતી રંગમાં લાવી ગયાં !**

**તમારા આગમનનું એ પરિવર્તન કે આકર્ષણ-**
**જૂના ખંડેર પર મ્હેલાત સ્વપ્નોની ચણાતી થઈ.**

## સંસ્કાર સૌરભ

સૌથી વધુ ઉદાર તે છે, જે એવાને આપે કે જેની પાસેથી કોઈ આભારની ઉમ્મીદ પણ ન રાખતો હોય. (હદીસ બોધ)

### બોધ વચન

સલાહ આપવી બહુ સહેલી છે પણ લેવી બહુ અઘરી છે. - જોશ બિલિંગ્સ

### આજની આરસી

૮ ડિસેમ્બર મંગળવાર ૨૦૨૦
૨૨ રબીઉલ આખર ૧૪૪૨
કારતક વદ આઠમ સંવત ૨૦૭૭
સુબ્હ સાદિક ૫-૪૮
ખત્મે ઝવાલ ૧૨-૩૧
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૭-૦૮
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૫ -૫૪

### ફુરસદિયું

પતિ : તું એકદમ ક્યૂટ છે.
પત્ની : થેન્કસ.
પતિ : એકદમ રાજકુમારી જેવી લાગે છે
પત્ની : થેન્કસ, (શરમાઈને) બીજું બોલો શું કહો છો ?
પતિ : મજાક.

### અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. -વ્યવસ્થાપક

અંજારમાં શ્રદ્ધાંજલિ સભા યોજાઈ

# પીર સૈયદ હાજી મખ્દુમ અલી બાપુ કોમી એકતાના પ્રતીક હતા : વાસણભાઈ આહીર



અંજાર, તા.૭

કોમી એકતાના પ્રતીક સૌના દુઆગીર પીર સૈયદ હાજી મખ્દુમ અલી બાપુને પીર ગરીબુલ્લાહ સાંઈ અને પીર ઝાહીદશા ઈનાયતુલ્લાહ શાહ ટ્રસ્ટ તથા અંજાર મોહરમ તાજિયા કમિટીના સંયુક્ત ઉપક્રમે સર્વે કોમી શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સચ્ચિદાનંદ મંદિર અંજારના મહંત ત્રિકમદાસજી મહારાજ તથા રામસખી મંદિર અંજારના મહંત કિર્તીદાજી મહારાજ તેમજ સૈયદ મહેબૂબસા બાપુએ પીર સૈયદ હાજી મખદુમ અલી બાપુને કોમી એકતાના પ્રતીક ગણાવી અંજાર અને સમગ્ર કચ્છને તેમના અવસાનથી ન પૂરી શકાય તેવી ખોટ હોવાનું જણાવી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. રાજયકક્ષાનાં મંત્રી વાસણભાઈ આહિર બાપુના અવસાનથી સમગ્ર ગુજરાતએ કોમી એકતાનાં મસીહા ગુમાવ્યા હોવાની લાગણી વ્યક્ત કરી પીર સૈયદ સાદાત હાજી મખ્દુમ અલી બાપુ સાથેના સંસ્મરણો સદાય તેમની યાદ અપાવતી રહેશે એવું જણાવી ગુજરાત સરકાર વતી શ્રદ્ધાંજલિ પાઠવી હતી. આ પ્રસંગે અંજાર નગરપાલિકાના પ્રમુખ રાજેશભાઈ પલણ, કચ્છ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ જીવાભાઈ આહીર, હિંદુ મહાસભાના ગોવિંદભાઈ કોઠારી, કચ્છ જિલ્લા ભાજપના ઉપપ્રમુખ ભરતભાઈ શાહ, અંજાર શહેર ભાજપના પ્રમુખ ડેની ભાઈ શાહ, અંજાર ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રસમીન ભાઈ પંડયા, આચાર્ય શાસ્ત્રી લાલા મહારાજ, પૂર્વ નગરપતિ ધનજીભાઈ, સોરઠીયા મુસ્લિમ સમાજના આગેવાનો સૈયદ મોહમ્મદ ઉવૈશશા હૈદરશા, સૈયદ મોહસીનઅલી હૈદરશા, સૈયદ નશીબશા હબીબશા, સૈયદ અશરફશા હુસૈનશા, અનવર ભાઈ નોડે, ખોજા છોટુ શેઠ, સત્તારભાઈ ખત્રી, સંજયભાઈ દાવડા, દિગંત ભાઈ ધોળકિયા, મહેશભાઈ દોશી, હસમુખભાઈ કોડરાણી મહેન્દ્રભાઈ કોટક, ગોપાલભાઈ માતા, માદેવાભાઈ આહિર, શિક્ષણ સમિતિના ચેરમેન તેજસભાઈ મહેતા, બાલુભાઈ ઠક્કર, વિવિધ મંદિરોના પૂજારીઓ, સામાજિક સંસ્થાના અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. પીર સૈયદ હાજી મખદુમ અલી બાપુ ને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

## જંબુસર : ઢાઢર નદીમાં કેમિકલયુક્ત પાણી છોડતાં ખેતપાકને નુકસાન

(સંવાદદાતા દ્વારા) જંબુસર, તા.૭

ઢાઢળ નદીમાં કેમિકલયુક્ત પાણી છોડવાના કારણે જંબુસર તાલુકાના ઢાઢર નદી કિનારે આવેલા મહાપુરા ગામ કુઢળ ગામ સહિતના ખેડુતોની મહામુલી ખેતીને પારાવાર નુકસાન થઈ રહ્યું છે

જંબુસર આમોદને જોડતા માર્ગ પરથી ઢાઢર નદી વહી રહી છે ઢાઢર નદીના પાણીથી નદીના કિનારે આવેલ મહાપુરા, કુઢળ સહિતના ગામોના ખેડુતો નદીના પાણીનો ઉપયોગ કરી પોતાની ખેતી જીવંત રાખતા હોય છે જંબુસર તાલુકાના નદીકાંઠા વિસ્તારના ગામડાંના ખેડૂતો ઉપર કુદરતી આપત્તિ આવતી હોયછે ઢાઢર નદીમાં પૂર આવતાં ધાધર કિનારાના ખેતરોમાં ખેડુતોની મહામુલી ખેતી નાશ પામતી હોય છે અને ચોમાસા સિવાય માનવસર્જિત આપત્તિનો ખેડુતો સામનો કરી રહ્યાં છે વડોદરા તરફ આવેલ જીઆઈડીસી વિસ્તારમાં આવેલ કંપનીઓ દ્વારા ઢાઢર નદીમાં કેમિકલયુક્ત પાણી છોડવામાં આવતું હોય છે ઢાઢર નદીના પાણીથી ખેડૂતો ખેતી કરી પોતાનું જીવન નિર્વાહ ચલાવતા હોય છે કેમિકલયુક્ત પાણીને લઈ ખેડુતોની મહામુલી ખેતી કપાસ મગ તુવેર નષ્ટ પામે છે જેને લઈ ખેડૂતોને પારાવાર નુકસાન થાય છે ઢાઢર નદીમાં પાણીનો કલર પણ બદલાતો નજરે પડે છે તંત્ર દ્વારા આ બાબતે ચોક્કસ ધ્યાન આપવામાં આવે અને જવાબદાર ઔદ્યોગિક એકમો સામે કડક પગલા ભરવામાં આવે તો ખેડુતોની મહામુલી ખેતી બચી શકે.

## જબુગામ નજીક ટાયર ફાટતાં ટ્રક બળીને ખાખ

પાવીજેતપુર, તા.૭

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના જબુગામ રેફરલ હોસ્પિટલ પાસે એક ટ્રકમાં સવારના પાંચ વાગ્યાના આસપાસ આગ લાગવાનો બનાવ બનતા ૧૪ પૈંડા વાળી આખી ટ્રક બળીને ખાખ થઈ જવા પામી હતી.

બળી ગયેલ ટ્રકના ચાલક ના જણાવ્યા મુજબ ટ્રક મધ્યપ્રદેશથી ભરીને ટ્રક ચાલક સેવાલિયા જઈ રહ્યો હતો. ત્યારે રસ્તામાં ટાયર ફાટતા ટ્રકમાં આગ લાગી હતી એક બાજુ ગાડી સળગી અને થોડીક વાર પછી બીજી બાજુ પણ સળગવાનું ચાલુ થયું તેમ ટ્રકચાલક જણાવ્યું હતું. સ્થાનિક લોકો સહિત ટ્રકચાલક આગ ઓલવવાની કોશિશ કરી પણ એ નિષ્ફળ નીવડી હતી.

## ભારત બંધના એલાનને મોસાલીના વેપારીઓ અને ખેડૂતોનું સમર્થન

માંગરોળ, તા.૭

મોસાલી-છેલ્લા કેટલાંક દિવસોથી ખેડૂત વિરોધી કાયદાઓ રદ કરવા માટે ખેડૂતો આંદોલનો કરી રહ્યા છે.જેનાં ભાગરૂપે આવતી કાલે તારીખ ૮ મી ડિસેમ્બરનાં રોજ ખેડૂતોના વિવિધ સંગઠનોએ ભારત બંધનું એલાન આપ્યું છે. આ એલાનને વિરોધપક્ષો સમર્થન આપ્યું છે. ત્યારે માંગરોળ તાલુકાનાં મોસાલી બજાર અને મોસાલી ચારરસ્તા ખાતેના વેપારી અને ખેડૂતોએ પણ આ બંધના એલાનને સમર્થન જાહેર કર્યું છે. આ પ્રશ્ને મોસાલીના અગ્રણીય ખેડૂત અને મોસાલી દૂધ ઉત્પાદક સહકારી મંડળીના પ્રમુખ મકસુંદભાઈ માજરા (લાલભાઈ) એ જણાવ્યું છે કે ખેડૂતોએ આપેલા આવતી કાલના બંધના એલાનને અમોએ ટેકો જાહેર કર્યો છે.પરંતુ આ કાર્યક્રમ શાંતિપૂર્ણ રીતે પૂરો કરવામાં આવશે.

## રાજેન્દ્રનગર ચોકડી નજીક ટ્રકની ટક્કરે બાઈકસવાર યુવકનું મોત

મોડાસા, તા.૭

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના મગોડી ગામના કોદરસિંહ મકવાણા રાજેન્દ્રનગર ચોકડી નજીક આવેલા અન્ડરબ્રીજમાંથી બાઈક લઈ બહાર હાઈવે પર આવતા હતા ત્યારે રાજસ્થાન તરફથી આવી રહેલા ટ્રક ચાલકે બાઈકને ટક્કર મારી બાઈક ટ્રકના ટાયર નીચે રોડ પર ઢસડતા બાઈક ચાલક કોદરસિંહ મકવાણાના શારીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યુ મોત નિપજતાં ભારે ચકચાર મચી હતી અકસ્માતના પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા મૃતક બાઈક ચાલક કોદરસિંહના પરિવારજનો અને સગા-સંબંધીઓ મોટી સંખ્યામાં ઘટનાસ્થળે પહોંચી રોકોકકળ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી અકસ્માતના પગલે મોડાસા રૂરલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

## વડોદરાનું હાથીખાના બજાર આજે બંધ રહેશે

વડોદરા, તા.૭

ખેડૂતો દ્વારા ભારત બંધના એલાનને પગલે ૮ ડિસેમ્બરે હાથીખાના બજાર બંધ રહેશે. ખેડૂતો દ્વારા નવા પસાર કરાયેલા ત્રણેય કૃષિ કાયદાને રદ કરવાની માંગ કરવામાં આવી રહી છે. ખેડૂતો અને સરકાર વચ્ચે ૯ ડિસેમ્બરે ફરો બેઠક થવાની છે. આ પહેલા ૮ ડિસેમ્બરે ભારત બંધની જાહેરાત કરવામાં આવી છે. તેવામાં વડોદરાના સૌથી મોટા હાથીખાના અનાજ કરિયાણા માર્કેટ એસોસિએશને ખેડૂતોને સમર્થન આપવાની જાહેરાત કરી છે. વેપારીઓએ ભારત બંધને સમર્થન આપ્યું છે. આવતીકાલે ૮ ડિસેમ્બરે હાથીખાના બજાર બંધ રહેશે. એસોસિએશનના પ્રમુખ નિમેષ મહેતાએ આ જાહેરાત કરી છે.

## શહેરા BRC ભવન ખાતે જવાહર નવોદય પરીક્ષા માર્ગદર્શન શિબિર યોજાઈ

શહેરા, તા.૭

શહેરા તાલુકાના આર્થિક નબળી સ્થિતિ અને પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે કેન્દ્ર સરકાર સંચાલિત જવાહર નવોદય પરીક્ષા માટેનો માર્ગદર્શન વર્કશોપ દેવાનંદ થુલ જવાહર નવોદય વેજલપુર પ્રાચાર્યની અધ્યક્ષસ્થાને બી.આર.સી.ભવન શહેરા ખાતે શહેરા તાલુકાના તમામ પગાર કેન્દ્રના આચાર્યો સાથે યોજવામાં આવ્યો. તાલુકાની તમામ શાળાઓમાં ધોરણ - ૫૩૩૯ વિદ્યાર્થીઓ પરીક્ષામાં વધુ લાભ લે તેવો પ્રયાસ શિક્ષણ પરીવાર અને સમગ્ર શિક્ષા શહેરા દ્વારા કરવામાં આવ્યો છે. વર્તમાન સ્થિતિએ ૩૯૪ જેટલા વિદ્યાર્થીઓનું જવાહર નવોદય પરીક્ષા માટે રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી વિનોદ પટેલ અને બ્લોક રીસોર્સ કૉ.ઓર્ડીનેટર ડૉ.કલ્પેશ આર.પરમારે વધુ વિદ્યાર્થીઓ જોડાય તે માટે શાળા કક્ષાએ સી.આર.સી.કો.ઓર્ડીનેટરો દ્વારા વ્યક્તિગત માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓ અને શિક્ષણ પરિવારને પ્રોત્સાહિત કરવામાં આવ્યો છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સી.આર.સી. નવી વાડી ગોવિંદકુમાર મહેરાએ કર્યું હતું.

## માંડવીના પુના ગામમાંથી ૧૧ લાખનો દારૂ ઝડપાયો

માંગરોળ, તા.૭

સુરત જિલ્લાના માંડવી તાલુકાનાં પુના ગામેથી સ્ટેટ વિજિલન્સની ટીમે રેડ કરી ખૂબ મોટા માત્રામાં વિદેશી દારૂની જથ્થો ઝડપી પાડ્યો હતો. સાથે જ ૧૨ થી વધુ વાહનો પણ જપ્ત કર્યા હતા. સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ વિદેશી દારૂ જેની કિંમત ૧૧,૧૮,૦૪૦ રૂપિયા કિંમત થાય છે.જ્યારે ૧૨ જેટલા વાહનોની કુલ કિંમત ૩૪,૮૦૦૦૦ રૂપિયા, મોબાઈલ એક મળી કુલ ૪૬,૦૩,૦૪૦ રૂપિયાનાં મુદામાલ સાથે મયુર શાંતિલાલ પટેલ,રહેવાસી માતા ફળિયું,બારડોલીની અટક કરવામાં આવી હતી. જ્યારે આ ગુનામાં સંડોવાયેલા અન્ય ૧૨ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.આ અંગેની ફરિયાદ માંડવી પોલીસ મથક ખાતે સ્ટેટ મોનીટરીંગ સેલના ચેતનકુમાર હિતેષભાઈ બારેયાએ નોંધાવી છે.

## ધોળકાના મફલીપુરમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ

ધોળકા, તા.૭

ભારતના બંધારણના ઘડવૈયા ડોક્ટર ભીમરાવ આંબેડકરની ૬૪મા મહાપરિનિર્વાણ દિને મફલીપુર મુકામે પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નગરપાલિકાના પ્રમુખ ભરતભાઈ પટેલ અને સંગઠનના પ્રમુખ જેડી પટેલ જિલ્લા ભાજપના મંત્રી માણેક બેન પરમાર. મંત્રી ભારતીબેન રાણા. સામાજીક આગેવાન બળવંતરાય મકવાણા. કાઉન્સિલર કનુભાઈ પરમાર તથા અન્ય આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.




# ઝેહાન દારૂવાલાએ ઈતિહાસ સર્જ્યો F2 રેસ જીતનાર પ્રથમ ભારતીય બન્યો

સાખીર, તા.૭

ભારતીય ડ્રાઈવર ઝેહાન દારૂવાલાએ અહીંયા સાખીર ગ્રાપી દરમિયાન ઈતિહાસ સર્જ્યો છે, તે ફોર્મ્યુલા ટુ રેસ જીતનાર પ્રથમ ભારતીય બની ગયો છે. ફોર્મ્યુલા ટુ ચેમ્પિયન શુમાકર અને ડેનિયલ ટિક્ટુમ વિરૂદ્ધ રોમાંચક મુકાબલામાં ૨૨ વર્ષીય ભારતીય સત્રની અંતિમ ફોર્મ્યુલા વન ગ્રાપીની સ્પોર્ટ રેસમાં ટોચના સ્થાને રહ્યો. રેયો રેસિંગ માટે ડ્રાઈવિંગ કરી રહેલા દારૂવાલાએ ગ્રીડ પર બીજા સ્થાનેથી શરૂઆત કરી અને ડેનિયલ ટિક્ટુમ સાથે હતો. ટિક્ટુમે ઝેહાનને સાઈડ કરવાનો પ્રયાસ કર્યો જેનાથી શુમાકર બંનેથી આગળ નીકળી ગયો ઝેહાન ત્યારબાદ બંનેથી પાછળ પડી ગયો પણ તેણે હાર માની નહીં અને સંઘર્ષ ચાલુ રાખી પોતાની પ્રથમ એફઆઈએ ફોર્મ્યુલા ટુ રેસ જીતી લીધી તેનો જાપાની સાથી યુકી સુનાંડા બીજા સ્થાને રહ્યો હતો. તે ઝેહાનથી ૩.૫ સેકન્ડ પાછળ રહ્યો. જ્યારે ટિક્ટુમ ત્રીજા સ્થાને રહ્યો. ઝેહાને કહ્યું કે, મારે ભારતમાં પોતાના લોકોને સાબિત કરવું હતું કે, ભલે અમારી પાસે યુરોપના ડ્રાઈવરોની જેમ સામાન સુવિધાઓ ના હોય પણ જ્યારે તમે આકરી મહેનત કરો તો તમે સારો પડકાર આપી શકો છો.

સિડનીમાં બપોરે ૧:૪૦ વાગે મેચ શરૂ થશે, ઓસ્ટ્રેલિયા લાજ બચાવવા ઊતરશે

# આજે અંતિમ ટી-૨૦ : ભારત ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ વ્હાઈટવોશના ઈરાદે મેદાને ઊતરશે

સિડની, તા.૭

વન-ડે શ્રેણી ૨-૧થી ગુમાવ્યા બાદ ટી-૨૦માં ઘાયલ સિંહની માફક ત્રાટકનારી ટીમ ઈન્ડિયાએ ૨-૦થી આ શ્રેણી પોતાના નામે કરી લીધી છે. ત્રણ મેચ પૈકીના બે મેચ પૂર્ણ થઈ ગયા બાદ આવતીકાલે શ્રેણીની અંતિમ ટી-૨૦ મેચ સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર બપોરે ૧:૪૦ વાગ્યાથી શરૂ થશે. 'ઔપચારિક' મેચમાં કોહલીસેના કાંગારૂંઓના સુપડા સાફ કરવાના ઈરાદા સાથે મેદાને ઉતરશે. આમ તો પ્લેઈંગ ઈલેવનમાં ફેરફાર થવાની સંભાવના નહિંવત્ છે છતાં ટેસ્ટ શ્રેણીને ધ્યાનમાં રાખી અમુક સિનિયર ખેલાડીઓને આરામ આપવામાં આવે તેવી શક્યતા નકારી શકાતી નથી.

જે રીતે પ્રથમ બે વન-ડેમાં ઓસ્ટ્રેલિયા સામે ભારતની હાર થઈ હતી તેને જોતાં એવું લાગી રહ્યું હતું કે, ટી-૨૦માં પણ કાંગારૂંઓનો ગજ વાગશે પરંતુ તેનાથી તદ્દન ઉલટું થવા પામ્યું છે.

હવે આવતીકાલે ત્રીજી ટી-૨૦ મેચ રમાવાની છે ત્યારે તેમાં પણ પાછલી બે મેચ જેવું જ પ્રદર્શન કરીને ૩-૦થી શ્રેણી પોતાના નામે કરવાના મક્કમ ઈરાદા સાથે ટીમ ઈન્ડિયા મેદાને ઉતરશે. આ પહેલાં ન્યુઝીલેન્ડને પણ તેની જ ધરતી ઉપર ૫-૦થી હરાવી ભારતે ઈતિહાસ રચી દીધો હતો ત્યારે કાલની મેચમાં ઓસ્ટ્રેલિયા જેવી ધરખમ ટીમને તેના જ આંગણે ૩-૦થી હરાવી ફરી એક વખત ધૂમ મચાવવા ભારતના રણબંકાઓ મેદાને ઉતરશે. બીજી બાજુ ઓસ્ટ્રેલિયન ટીમની વાત કરવામાં આવે તો બીજા ટી-૨૦માં કેપ્ટન આરોન ફિન્ચ ઉપરાંત ઘાતક બોલર જોશ હેઝલવુડ, મિચેલ સ્ટાર્ક સહિતના ખેલાડીઓ ગેરહાજર હોવાથી તેનો ફાયદો ટીમ ઈન્ડિયાને ભરપૂર મળ્યો હતો. દરમિયાન આવતીકાલની મેચમાં પણ આ ત્રણ ખેલાડીઓ રમે તેવી સંભાવના નહિંવત્ હોવાથી ભારતનું પલડું અત્યારથી જ ભારે થઈ ગયું છે.

# ICC ટેસ્ટ રેંકિંગ : સ્મિથ પ્રથમ સ્થાને, કોહલી-વિલિયમ્સન સંયુક્તપણે બીજા ક્રમે

દુબઈ, તા.૭

આઈસીસીએ ન્યૂઝીલેન્ડ અને વેસ્ટ ઈન્ડિઝની પ્રથમ ટેસ્ટ સમાપ્ત થયા બાદ લેટેસ્ટ રેંકિંગ જાહેર કર્યા છે. વિન્ડીઝ સામે ૨૫૧ રનની શાનદાર ઈનિંગ્સ રમનાર કિવિઝ કેપ્ટન કેન વિલિયમ્સન બીજા સ્થાને આવી ગયો છે તેના અને ભારતીય કેપ્ટન વિરાટ કોહલીના ૮૮૬ પોઈન્ટ્સ છે. ઓસ્ટ્રેલિયાનો પૂર્વ કપ્તાન સ્ટિવ સ્મિથ ૯૧૧ પોઈન્ટ્સ સાથે પ્રથમ સ્થાને છે. કાંગારૂં બેટ્સમેન સ્ટીવ સ્મિથ પોતાની ૨૫ પોઈન્ટ્સની લીડને વધારી શકે છે. કોહલી ઓસ્ટ્રેલિયા સામેની ચારમાંથી માત્ર ૧ ટેસ્ટ રમશે. ત્યારબાદ તે પેટરનિટી લિવ પર જશે અને ઓસ્ટ્રેલિયાથી ભારત પરત ફરશે. જ્યારે વિલિયમ્સન પણ પાકિસ્તાન સામેની પ્રથમ ટેસ્ટમાં નહીં રમે, તે પણ પેટરનીટી લિવ પર જવાનો છે. તેવામાં સ્મિથ વધુ મેચ રમવાનો હોવાથી તેની પાસે લીડને વધારવાનો ચાન્સ છે. જો કે, તે સતત ખરાબ રમે તો પોઈન્ટ્સના નુકસાન સાથે પ્રથમ સ્થાન ગુમાવી પણ શકે છે.

**ટોપ ૫ ટેસ્ટ બેટ્સમેન**

| રેન્ક | ખેલાડી | દેશ | પોઈન્ટ્સ |
|---|---|---|---|
| ૧ | સ્ટીવ સ્મિથ | ઓસ્ટ્રેલિયા | ૯૧૧ |
| ૨ | વિરાટ કોહલી | ભારત | ૮૮૬ |
| ૩ | કેન વિલિયમ્સન | ન્યૂઝીલેન્ડ | ૮૮૬ |
| ૪ | માર્નસ લબુશેન | ઓસ્ટ્રેલિયા | ૮૨૭ |
| ૫ | બાબર આઝમ | પાકિસ્તાન | ૭૯૭ |

# ઓસ્ટ્રેલિયા કોચ લેંગરે હાર્દિક પંડ્યાની તુલના ધોની સાથે કરી

સિડની, તા.૭

બીજી ટી-૨૦માં ભારતે ઓસ્ટ્રેલિયાને ૬ વિકેટથી હાર આપી હતી. આ સાથે ત્રણ મેચની સીરિઝ પર ભારતે ૨-૧થી કબજો કર્યો હતો. મેચ જીતવા ૧૯૫ રનના ટાર્ગેટને ભારતીય ટીમે ૧૯.૪ ઓવરમાં હાંસલ કર્યો હતો. ભારત તરફથી કે.એલ.રાહુલે ૨૨ બોલમાં ૩૦ રન, શિખર ધવને ૩૬ બોલમાં ૫૨ રન, વિરાટ કોહલીએ ૨૪ બોલમાં ૪૦ રન અને શ્રૈયસ ઐયરે ૧૦ બોલમાં ૧૫ રન બનાવ્યા હતા. હાર્દિક પંડ્યા ૨૨ બોલમાં ૪૨ અને શ્રેયસ ઐયર ૫ બોલમાં ૧૨ રન બનાવી નોટ આઉટ રહ્યા હતા.

મેચ બાદ લેંગરે પંડ્યાની ઈનિંગને અશ્વિસનીય પ્રદર્શન ગણાવીને તેની પ્રશંસા કરી હતી અને તેની તુલના ભારતના પૂર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની સાથે કરી હતી. તેણે કહ્યું, આ ગેમનું અવિશ્વસનીય પ્રદર્શન હતું. અમે જાણીએ છીએ કે પંડ્યા કેટલો ખતરનાક છે. પહેલાં એમ.એસ.ધોની હતો અને આજે પંડ્યા છે, તે સારો ખેલાડી છે, તેણે મેચ વિજેતા ઈનિંગ રમી.

ઓસ્ટ્રેલિયાના કોચે કહ્યું, એક વખત અમને લાગ્યું કે મેચ અમારા કબજામાં આવી ગઈ છે. અમારી ફિલ્ડિંગ પણ સારી હતી. પરંતુ પંડ્યાએ બાજી ફેરવી નાંખી. તેણે કોહલીને લઈ કહ્યું, મેં વર્ષોથી કહ્યું છે કોહલી સૌથી સારો ખેલાડી છે તેણે કેટલાક અકલ્પનીય શોટ રમ્યા હતા, જે જોઈ હું હેરાન રહી ગયો હતો. લેંગરના કહેવા મુજબ, તેમની ટીમે વિચાર્યુ કે મેચ જીતવા પૂરતા રન છે અને ભારતને મેચ જીતવા ખરેખર સારી બેટિંગની જરૂર હતી. ભારતીય ટીમે ખૂબ સારી બેટિંગ કરી હતી. આ એક રોમાંચક મેચ હતી.


**ટેન્ડર નોટિસ**

સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત નીચે મુજબના કામો માટે રસ ધરાવતા અનુભવી એજન્સી પાસેથી સીલ બંધ કવરમાં ફકત રજિસ્ટરથી ટેન્ડર આઈડબલ્યુ એમપી-૧૩ કોટલીંડોરા જળસ્ત્રાવ સમિતિ દ્વારા મંગાવવામાં આવે છે. સમિતિ અંતર્ગત કોટલીંડોરામાં વર્કફેઝના કામોની અંદાજિત રકમ રૂા.૦,૧૮થી રૂા.૧.૪૯ સુધીના અર્થન ચેકડેમ, અર્થન ગલીપ્લગ, પેરીફેરલ બંધ અને ખેતર પાળા છે. જેના માટે કોરા ટેન્ડર ફોર્મ રજાના દિવસો સિવાય ૧૧:૦૦થી ૧૬:૦૦ કલાક સુધીમાં નીચે દર્શાવેલ સ્થળેથી આપવામાં આવશે. ટેન્ડર ફોર્મ શરતો ટેન્ડર ફોર્મમાં દર્શાવેલ છે. ટેન્ડર ફોર્મ લેવા આવનારે જરૂરી દસ્તાવેજોની નકલ આપવાની રહેશે. કોઈપણ ટેન્ડર સ્વીકારવું કે બધા જ ટેન્ડર રદ કરવા તે સત્તા કોટલીંડોરા જળસ્ત્રાવ સમિતિ અને પ્રોજેકટ ડાયરેકટર જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમ ખેડા-નડિયાદ પોતાની પાસે અબાધિત રાખે છે. ટેન્ડર મેળવતી વખતે રજૂ કરવાના જરૂરી દસ્તાવેજો.
૧. રજિસ્ટેશન, પાનકાર્ડ, જી.એસ. ટીની નકલ
૨. ટેન્ડર ફીની રકમનો ડી.ડી
૩. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા.૧૪-૧૨-૨૦૨૦
૪. ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તા.૨૧-૧૨-૨૦૨૦

અધ્યક્ષ શ્રી,
કોટલીંડોરા જળસ્ત્રાવ સમિતિ
લીલાબેન નરવતસિંહ રાઠોડ મુ-રાઠોડપુરા,
ગામ-કોટલીંડોરા, તા.ઠાસરા, જિ-ખેડા.
માહિતી/નડિ/૪૩૧/૨૦૨૦



**IDFC ફર્સ્ટ બેન્ક લિમિટેડ**
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને હાલમાં આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે.
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટ્રેડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ - ૬૦૦૦૩૧, ટેલિ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦/ ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**પરિશિષ્ટ -૪ [રૂલ-૮ (૧)]**
**કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

જે અંતર્ગત, નીચે સહી કરનાર કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને હાલમાં આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના અધિકૃત અધિકારી છે અને કલમ ૧૩ (૧૨)નાં સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨નાં નિયમ ૩ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા **તા.૦૮/૦૯/૨૦૧૭** રોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં **૧. શ્રી અનમોલ અગ્રવાલ, ૨. શ્રીકાંત અગ્રવાલ, ૩. શ્રીકાંત વી.અગ્રવાલ, (૪) એએ ફેબટેક્સ પ્રાઈવેટ લિમિટેડ**ના **રૂા.૩,૪૮,૩૦,૨૯૬.૦૬/- (ફક્ત રૂપિયા ત્રણ કરોડ અડતાલીસ લાખ ત્રીસ હજાર બસ્સો છણ્ણું અને છ પૈસા પૂરા)** દેણદાર અને સહ-દેણદારો/ગેરેન્ટરોને નોટિસ જણાવેલ દેણદારો સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ કે **તા.૨૮/૦૮/૨૦૧૭** મુજબ સુધી પુનઃ ચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવે છે.
દેણદાર અને આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાથી દેણદાર અને જાહેર જનતાને આ દ્વારા સુચના આપવામાં આવે છે કે, નીચે સહી કર્તા દ્વારા સૂચિત કાયદો નિયમ ૮ સાથે વાંચતા તેની કલમ ૧૩ પેટા કલમ (૪) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો પ્રતિકાત્મક કબજો **૦૭મી ડિસેમ્બર, ૨૦૨૦**નાં રોજ લેવામાં આવ્યો છે.
ખાસ કરીને દેણદાર તથા જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે અહીં વર્ણવેલી મિલકતના સોદામાં પડવું નહીં અને જો તે મિલકતને લગતા કોઈપણ સોદા **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને IDFC બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે) રૂા.૩,૪૮,૩૦,૨૯૬.૦૬/- (ફક્ત રૂપિયા ત્રણ કરોડ અડતાલીસ લાખ ત્રીસ હજાર બસ્સો છણ્ણું અને છ પૈસા પૂરા)** ઉપરાંત વધારા વ્યાજ અને અન્ય ખર્ચ સહિત ચુકવણીની તારીખ સુધી સહિતની રકમ માટેના હકને આધીન રહેશે.
દેણદારોનું ધ્યાન દોરવાનું કે કાયદાની ૧૩ની પેટા કલમ (૮) મુજબની જોગવાઈ અનુસાર ઉપલબ્ધ સમયમાં મિલકત પરત મેળવી શકે છે.

**સ્થાવર મિલકતનું વર્ણન**

**મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ** ફ્લેટ નં.૪૦૧, ચોથો માળ, ફ્લેટ નં.૫૦૧, પાંચમો માળ અને ફ્લેટ નં.૫૦૨, પાંચમો માળ સ્કીમ નામે હિમાલયા ઓએસીસ બાંધકામ મેસર્સ પ્રોગ્રેસીવ એન્જિનિયર દ્વારા થયેલ સ્થિત અત્રે જૂના સર્વે નંબર ૩૧૩/૩ (વેજલપુર) નવા સર્વે નં.૨૧૮/૩, (જોધપુર), જૂનો ફાઈનલ પ્લોટ નં.૯૩ નવો ફાઈનલ પ્લોટ નં.૨૨૧ ટીપીએસ નં.૫, મોજે જોધપુર, તાલુકા : સીટી, જિ.અમદાવાદ.

અધિકૃત અધિકારી
તારીખ :-૦૭-૧૨-૨૦૨૦ આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ
સ્થળ : અમદાવાદ (અગાઉ કેપિટલ ફર્સ્ટ અને લિમિટેડ તરીકે
લોન એકા.નં. : ૧૩૩૫૧૫૮ હાલમાં આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)

# ભારત ગલ્ફ દેશો સાથે સંબંધો વધારે છે, પાકિસ્તાન સાથે વિરોધ વધુ તીવ્ર કરે છે

## ભારત ગલ્ફ દેશોને રોગચાળા દરમિયાન પાછા આવેલા હજારો કામદારો માટે તેના દરવાજા ખોલવાનું શરૂ કરવાનું કહે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ભારતના વિસ્તૃત પડોશી તરીકે વર્ણવેલ ભારતના ગલ્ફ દેશોમાં સતત પહોંચના ભાગ રૂપે વિદેશ પ્રધાન એસ જયશંકર આ મહિનાની શરૂઆતમાં કતાર અને કુવૈત અને તેમના નાયબ વી મુરલીધરન ઓમાન જશે. રવિવારે ભારતીય સૈન્યના વડા જનરલ એમએમ નરવાને સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત (યુએઈ)ની તેમની મુલાકાતની તૈયારી કરી લીધી છે. કોવિડ રોગચાળા દ્વારા પશ્ચિમ એશિયા સાથેના ગાઢ સંબંધો પર ધ્યાન કેન્દ્રિત કરનારા જયશંકરે ગયા મહિને વાર્ષિક રાજકીય સંવાદમાં ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલના નેતાઓને સંબોધન કર્યું હતું અને બાદમાં યુએઈ અને બહેરિનની યાત્રા કરી હતી.



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૫ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનમાં બ્રાઝિલના રાષ્ટ્રપતિ જેયર બોલ્સોનારોના ઔપચારિક સ્વાગત દરમિયાન ભારતીય વિદેશ પ્રધાન સુબ્રમણ્યમ જયશંકર સાથે વાત કરી રહ્યા છે. - બ્રાઝિલના રાષ્ટ્રપતિ ૨૭ જાન્યુઆરી સુધી ભારતની ચાર દિવસીય સરકારી યાત્રા પર છે.

આ મહિનાની શરૂઆતમાં કતાર, કુવૈત અને ઓમાનની બંને મંત્રીઓની મુલાકાત માટેની તારીખો અને વિશિષ્ટ કાર્યસૂચિ પર હજી કામ કરવામાં આવી રહ્યું છે.

ભારત ગલ્ફ દેશોને રોગચાળા દરમિયાન પાછા આવેલા હજારો કામદારો માટે તેના દરવાજા ખોલવાનું શરૂ કરવાનું કહે છે. પશ્ચિમ એશિયાના છ દેશો - યુએઈ, સાઉદી અરેબિયા, કુવૈત, ઓમાન, કતાર અને બહેરીન વિદેશોમાં વસતા તમામ ભારતીયોમાં આશરે ૭૦% હિસ્સો છે. યુએઈમાં ભારતીયોની સંખ્યા ૩.૪ મિલિયન છે, જે વિશ્વના તમામ NRIનો લગભગ એક ક્વાર્ટર છે. બીજા ૨.૬ મિલિયન સાઉદી અરેબિયા અને કુવૈતમાં છે, ઓમાન, કતાર અને બહેરીનમાં બીજા ૨.૯ મિલિયન NRI છે.

તેઓ ભારતના ૮૦ અબજ યુએસ ડોલરના કુલ વિદેશી હુંડિયામણમાંથી લગભગ અડધા ભાગનું મોકલે છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે યુએઈ-ઈઝરાઈલ ડીલ માટે પાકિસ્તાનનાં વિરોધને કારણે પાછલા અઠવાડિયામાં નિક્કી એશિયન સમીક્ષાના એક અહેવાલ મુજબ, પાકિસ્તાની કામદારોએ ગુમાવેલી ઘણી નોકરીની તકો ભારતીય કામદારો પાસે જઈ રહી છે.

ભારતીય અધિકારીઓએ કહ્યું કે પાકિસ્તાન પર યુએઈનો વિઝા પ્રતિબંધ ઈસ્લામાબાદની વધતી જતી રાજદ્વારી અલગતાનું એક પાસું છે.

- શિશિર ગુપ્તા

(સૌ. : હિન્દુસ્તાન ટાઇમ્સ)

# યુપી MLC ચૂંટણી : ભાજપને ૧૧માંથી ૫ બેઠકો મળી, મોદીના વારાણસીમાં સમાજવાદી પાર્ટીએ મોટી જીત મેળવી

## ચાર સ્નાતકોની બેઠકોમાંથી, ભાજપે આગ્રા અને મેરઠથી બે જીતી હતી, જ્યારે સપાએ અલ્હાબાદ-ઝાંસી અને વારાણસી વિભાગમાં તેમની જીત મેળવી

(એજન્સી) નવી દિલ્હી,તા.૭

ઉત્તર પ્રદેશની ૧૧ વિધાનસભા સમિતિની બેઠકોની ચૂંટણીમાં, શાસક ભારતીય જનતા પાર્ટીએ પાંચ અને સમાજવાદી પાર્ટીએ ત્રણ બેઠકો જીતી લીધી છે. સપાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંસદીય મત વિસ્તાર વારાણસીની ત્રણમાંથી બે બેઠકો જીતી. રાજ્યના ઉચ્ચ ગૃહની ૧૧ બેઠકો માટે મતદાન ૧ ડિસેમ્બરે યોજવામાં આવ્યું હતું. આ બેઠકોમાંથી ૬ બેઠકો શિક્ષકો માટે અને પાંચ સ્નાતકો માટે અનામત છે. અહેવાલો અનુસાર, ભાજપ, સપા અને કોંગ્રેસના ૧૯૯ ઉમેદવારો ધારાસભ્ય પરિષદ (એમએલસી)ના સભ્ય



વારાણસીમાં, શનિવાર, ૫ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ સમાજવાદી પાર્ટી (સપા)ના નેતા આશુતોષ સિંહાએ એમએલસીની ચૂંટણીમાં વિજયી થયા બાદ ઉજવણી કરી.

બનવા માટે મેદાનમાં હતા. ગુરુવારે મતગણતરી શરૂ થઈ હતી અને એક સિવાય તમામ બેઠકોના પરિણામો જાહેર કરાયા છે. ગોરખપુર-ફૈઝાબાદ વિભાગના અપક્ષ ઉમેદવાર, ધ્રુવકુમાર ત્રિપાઠીએ ૪ ડિસેમ્બર, ૨૦૨૦, શુક્રવારે, ગોરખપુરમાં એમએલસીની ચૂંટણી જીત્યા બાદ વિજય સંકેત આપ્યો હતો. લખનૌ યુનિવર્સિટીના રાજકીય વિજ્ઞાન વિભાગના નિવૃત્ત વડા એસ.કે.દ્વિવેદીએ HTને કહ્યું, ''પરિણામો યુપી વિધાન પરિષદની અંદર અને બહાર શિક્ષકોની રાજનીતિ પર અસર કરશે.''

એનડીટીવીએ જણાવ્યું છે કે ભાજપ માટે અનુકૂળ અનુદાન હોવા છતાં, વારાણસીમાં શાસક પક્ષના ગઢમાં સપાને મળેલા ફાયદા આશ્ચર્યજનક છે. વારાણસીમાં સપાએ બંને બેઠકો જીતી હતી. વારાણસી વિભાગમાં શિક્ષકોની બેઠક માટે સમાજવાદી પાર્ટીના ઉમેદવાર લાલબિહારી યાદવે કહ્યું. "આ એક મોટી જીત છે. હું અમારા પરિણામથી ખુશ છું." યુપીના મુખ્ય ચૂંટણી અધિકારી અજયકુમાર શુક્લાના જણાવ્યા અનુસાર, લખનૌની છેલ્લી સ્નાતકોની બેઠકના પરિણામો રવિવારે મોડી રાત સુધી અપેક્ષિત છે.

(સૌ. : ધ વાયર.ઈન)

# ૯ વર્ષના વનવાસ બાદ CPI(M) નેતા સુશાંત ઘોષે કહ્યું 'TMC ખરાબ; પણ ભાજપ ૧૦૦૦ ગણું વધુ દુષ્ટ'

## કુખ્યાત 'બેનચપરા હાડપિંજર કેસમાં' દોષિત ઠેરવ્યા પછી તેમની પહેલી જાહેર રેલીમાં સુશાંત ઘોષે કોઈ પંચ માર્યો ન હતો અને ન તો TMC પર હુમલો કર્યો

(એજન્સી) તા.૭

નવ વર્ષથી વધુ સમયના વનવાસ બાદ રવિવારે પશ્ચિમ બંગાળના પશ્ચિમ મિદનાપુરમાં તેમના વતન અને રાજકીય ગઢમાં પરત ફરતાં હેવીવેઈટ સીપીએમના નેતા સુશાંત ઘોષે ટીએમસી અને ભાજપ બંને પર એક જ શ્વાસે પ્રહાર કર્યા હતા. પશ્ચિમ બંગાળમાં સત્તા પરિવર્તન બાદ ૨૦૧૧માં કુખ્યાત 'બેનચપરા હાડપિંજર કેસમાં' દોષિત ઠેરવવામાં આવેલા ઘોષને ૨૦૧૨માં જામીન અપાયા હોવા છતાં પણ પશ્ચિમ મિદનાપુરમાં પ્રવેશવાની અદાલતે મંજૂરી નકારી હતી. ઘોષ પર સાત વ્યક્તિની હત્યા કરવાનો આરોપ હતો. ૨૦૧૧માં ટીએમસી રાજ્યમાં શાસક પક્ષ બન્યા પછી પશ્ચિમ



'TMC ખરાબ છે; પરંતુ ભાજપ ૧૦૦૦ ગણું વધુ દુષ્ટ' : ૯ વર્ષના વનવાસ બાદ સીપીઆઈએમ નેતા સુશાંત ઘોષ.

બંગાળ પોલીસે નવ વર્ષ જૂના હત્યાના કેસમાં જોરશોરથી તપાસ ચલાવી હતી. પોલીસે પશ્ચિમ મિદનાપુરના બેનચપરા, ગરબેતામાં તેના પૂર્વજોના ઘરમાંથી સાત હાડપિંજર શોધી કાઢ્યા હતા. જો કે, સુપ્રીમ કોર્ટે આ વર્ષે નવેમ્બરમાં તેમના જામીનની આસપાસની શરતોને રદ કરી દીધી હતી, જેમાં પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ કેબિનેટ પ્રધાનને તેમના ગૃહ જિલ્લામાં પાછા ફરવાની મંજૂરી આપી હતી. ટીએમસી કરતા ભાજપને મોટો ખતરો ગણાવતાં ઘોષે લોકોને પશ્ચિમ બંગાળમાં એકમાત્ર વિકલ્પ તરીકે ભગવા પક્ષને ગણવાની મૂંઝવણ ન રાખવા અંગે જાગૃત રહેવા જણાવ્યું હતું. ઘોષે કહ્યું, ''જ્યારે લોકો કહે છે કે 'ટીએમસીથી છૂટકારો મેળવવા માટે, ભાજપના ધ્વજને ઉપાડવાની જરૂર છે' ત્યારે તે વધુ જોખમી છે. ટીએમસી એટલું ખરાબ છે કે તેનું વર્ણન કરી શકાતું નથી. પરંતુ ભાજપ ટીએમસી કરતા ૧૦૦-૧૦૦૦ ગણું વધારે દુષ્ટ છે.'' ''પશ્ચિમ બંગાળમાં, આ જૂઠાણાની સરકાર છે, જ્યારે કેન્દ્રમાં ફક્ત જૂઠ ચાલે છે. કેન્દ્રના તંત્ર દ્વારા અંબાણી અને અદાણીના પરિવારોની સેવા કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

- નીલાદ્રી સરકાર

# જામિયા સંશોધન કર્તાઓએ જાહેર સ્થળોએ કોવિડ-૧૯ને રોકવા માટે સોલાર સંચાલિત જીવાણુનાશક ટનલની શોધ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

જામિયા મિલ્લિયા ઈસ્લામિયા (JMI) યુનિવર્સિટીએ તેની યશકલગીમાં વધુ એક પીંછું ઉમેર્યું કારણ કે જામિયાના મિકેનિકલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટના સંશોધકોએ વિશાળ મેળાવડા, જાહેર અને ખાનગી સ્થળોએ કોરોનાવાયરસના ફેલાવાને રોકવા માટે સૌર-સંચાલિત સ્વ-ઉત્પન્ન જીવાણુ નાશક સિસ્ટમ વિકસાવી છે. આ શોધ ભારત સરકારની પેટન્ટ ઓફિસની ઓફિશિયલ જર્નલમાં પ્રકાશિત કરવામાં આવી છે અને પેટન્ટ મેળવવાની રાહમાં છે. સૌર-સંચાલિત સ્વ-ઉત્પન્ન કરાયેલ જીવાણુનાશક પ્રણાલીની શોધ સંયુક્ત રીતે મિકેનિકલ



જામિયા મિલ્લિયા ઇસ્લામિયાના સંશોધનકારોએ કોવિડ-૧૯ના ફેલાવાને રોકવા માટે જીવાણુનાશક સિસ્ટમની શોધ કરી.

એન્જિનિયરિંગ વિભાગના વડા પ્રોફેસર મોહમ્મદ એમરાન ખાન અને મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગના સહાયક પ્રોફેસર (કરાર પર) ડો.ઓસામા ખાને કરી છે. આ શોધ એ અવરોધોને દૂર કરવા પર આધારિત છે, જ્યારે દૂરસ્થ સ્થળોએ વીજળી કાપ ઘણો હોય છે. સૂચિત સિસ્ટમ આવશ્યક રૂપે વિશાળ સૌર સંભવિત અને વિશાળ મેળાવડાવાળી દૂરસ્થ જગ્યાઓ માટે બનાવવામાં આવી છે. સિસ્ટમમાં સોલાર ઈક્વિપમેન્ટ્સ (પીવી મોડ્યુલ્સ, ચાર્જ રેગ્યુલેટર, ઈન્વર્ટર અને બેટરી સિસ્ટમ) અને ઈલેક્ટ્રોલાઈટિક જંતુનાશક જનરેટર એક બીજા સાથે સંકળાયેલા છે. ચેમ્બરની અંદર એક સરસ જંતુનાશક ઝાકળ ઉત્પન્ન થાય છે જે આવનાર વ્યક્તિ પરના કોઈપણ નુકસાનકારક ચેપ અથવા બેક્ટેરિયાને દૂર કરે છે.

ગયા મહિને જામિયાના રસાયણશાસ્ત્ર વિભાગના પ્રોફેસર ઈમરાન અલીને અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોના જૂથે ભારતમાં વિશ્લેષણાત્મક રસાયણશાસ્ત્રના ક્ષેત્રમાં પ્રથમ ક્રમાંકિત વૈજ્ઞાનિક તરીકે ઘોષિત કર્યા હતા. આ ઉપરાંત, જામિયાના ૧૨ અન્ય સંશોધનકારોએ ૬૦ લાખથી વધારે વૈશ્વિક વૈજ્ઞાનિકોની યાદીમાં ટોચના બે ટકા વૈજ્ઞાનિકોમાં સ્થાન મેળવ્યું છે.

(સૌ. : ઈન્ડિયા ટુમોરો)

# 'આપણા વારસાને સુરક્ષિત રાખવો જોઈએ': કોલેજના વિદ્યાર્થીઓ ખેડૂતોના ધરણામાં શા માટે જોડાઈ રહ્યા છે



(એજન્સી) તા.૭

પંજાબના નાના શહેર શ્રી મુકતસર સાહેબના હરકીરત સિંહ અને કિરણ પાલ સિંહ બંને યુવકો વિશાળ સભામાં એક તરફ ભેગા થયા છે. તેઓએ અને અન્ય ઘણા માણસોએ ''સુરક્ષાના કારણોસર'' સભાની આસપાસ એક વર્તુળ બનાવ્યું છે. હરકીરત સિંહ પંજાબની સરકારી કોલેજમાં રાજકીય વિજ્ઞાનનો માસ્ટર વિદ્યાર્થી છે. અન્ય તમામ લોકોની જેમ, ઝ્રઁફૈંડ્ઢ-૧૯ રોગચાળાને કારણે તેના કોલેજમાં વર્ગો ઓનલાઈન કરવામાં આવ્યા છે. પરંતુ તે પાછલા અઠવાડિયે તેમાંથી કોઈપણમાં ભાગ લઈ શક્યો નથી. કેમ? કારણ કે તે તેમના પરિવારને અને અન્ય ખેડૂતોને મદદ કરવા માટે ટિક્રી બોર્ડર પર પૂર્ણ-સ્વયંસેવકની ભૂમિકા ભજવી રહ્યો છે. તે કહે છે કે ''હું અહીં વધુ સમય પસાર કરું છું, મારા ઓનલાઈન વર્ગો માટે ભાગ્યે જ હું કોઈ વ્યવસ્થા કરી રહ્યો છું. તે મુશ્કેલ છે, પરંતુ અમારા શિક્ષકો સમજી શકશે. આખરે અમે ખેડૂત છીએ, અને ખેતી નહીં કરીએ તો બીજું શું કરીશું? '' . તેમનું કહેવું છે કે તેમણે કોલેજ પછી નોકરી કરવાનું વિચાર્યું હતું, પરંતુ દેશમાં બેરોજગારીના ઉચ્ચ દરને કારણે તે હવે ''અશક્ય'' દેખાઈ રહ્યું છે. તે કહે છે કે ''અમે ખેડૂત તરીકે જ જીવન જીવી શકીશું, કોઈપણ રીતે આપણા દેશમાં કોઈ નોકરીની તકો નથી. અને તેથી, અમારે અમારું ભવિષ્ય સુરક્ષિત કરવું પડશે અને તેનો અર્થ હમણાં જ વિરોધ કરવો પડશે,'' તેણે એવા બહુવિધ મિત્રો વિષે પણ વાત કરી હતી જેમની પાસે ઔપચારિક ડિગ્રી છે પરંતુ તેઓને નોકરી મળી શકી નથી.

કિરણ પાલ સિંઘ પણ આ જ કોલેજમાં ભણે છે પરંતુ તે અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થી છે. તે તેના અંતિમ વર્ષમાં છે અને તેની પરીક્ષાઓ વિશે ચિંતિત છે, જેમાં થોડા મહિના જ બાકી છે. તે કહે છે કે ''પણ આપણે શું કરી શકીએ? અમને અમારા વડીલો પાસેથી ખેતી વારસામાં મળી છે. આપણે પહેલા આપણા વ્યવસાયનું રક્ષણ કરવું પડશે, ''. ઔપચારિક શિક્ષણથી તેમને ફાયદો કરશે અથવા નોકરી કરવામાં મદદ મળશે એ અંગે તે પણ શંકાસ્પદ છે. તે કહે છે કે ''ગ્રેજ્યુએશન પછી અમારા માટે કોઈ ભવિષ્ય નથી. નોકરીની અછત છે. એકમાત્ર વસ્તુ જેના પર અમે નિર્ભર રહી શકીએ છીએ તે છે આપણી ખેતી, તે પણ હવે અમારી પાસેથી છીનવી પણ લેવામાં આવી રહી છે, વધુ રોજગાર આપવાની જગ્યાએ, તેઓ અમારી પાસે પહેલેથી જ જે છે તે રોજગાર પણ છીનવી રહ્યા છે.''

તે કહે છે કે અમારો સંપૂર્ણ પરિવાર - ૭૦ વર્ષના દાદા સહિત - આ વિરોધમાં સામેલ છે. તો પછી, હું એક યુવાન સાથી તરીકે કેવી રીતે ઘરે બેસી શકું?

સિંઘુ, તિક્રિત અને ગાઝીપુર જેવા ખેડૂતોના વિરોધ સ્થળોએ સેંકડો કોલેજના વિદ્યાર્થીઓ જોડાયા છે. યંગસ્ટર્સ તરીકે, તેઓ સ્વયંસેવક કાર્યમાં સક્રિયપણે સામેલ થયા છે, ખાસ કરીને તેઓ મુખ્ય વિરોધ સ્થળોનું રક્ષણ કરે છે. ગુરમીત સિંહ હરિયાણાના ફતેહાબાદ જિલ્લાની એક શાળા, અકાલ એકેડમીમાં અભ્યાસ કરે છે. પાછલા અઠવાડિયાથી તે પણ અહી સ્વયસેવક તરીકે કામ કરે છે. તેના ગામના કેટલાક સભ્યો ઘરે પાછા ફર્યા પછી તેને સ્થળ પર તેની જગ્યા લેવાનું કહેવામાં આવ્યું હતું. બારમા ધોરણનો આ વિદ્યાર્થી જાગૃત છે કે આ નિર્ણાયક તબક્કે બોર્ડની પરીક્ષા માટેની તેની તૈયારીને આ કામ નુકસાન કરી શકે છે, પણ આ આંદોલન તેના માટે વધુ જરૂરી છે.

તે એક મહત્વપૂર્ણ પ્રશ્ન પૂછે છે કે ''જો આપણી ખેતરોમાંથી આપણી મૂળ આવક જ ન હોય તો ભવિષ્યમાં વિદ્યાર્થીઓ કેવી રીતે અભ્યાસ કરશે? તેઓ અભ્યાસ માટે સમર્થ હશે નહીં. આવતી કાલનાં બાળકોનાં સારા ભવિષ્યને સુરક્ષિત રાખવા માટે આપણે આ બલિદાન આપવું પડશે. '' તે મુખ્યત્વે લંગરમાં સ્વયંસેવક તરીકે કામ કરે છે અને વિરોધ સ્થળ પર સુરક્ષા વ્યવસ્થા પણ કરે છે. ૨૦ વર્ષની ઉંમરે, આ યુવાન સંપૂર્ણ ખેડૂત બનતા પહેલા પોતાનો અભ્યાસ પૂર્ણ કરવા માટે સમર્પિત છે.

હરિયાણાના હિસારનો એક યુવાન, સંતોષ સિંઘ, જન નાયક ખાતે શિક્ષણ સ્નાતકનો અભ્યાસ કરે છે. સિરસામાં દેવીલાલ વિદ્યાપીઠમાં તે ભણે છે. તે સ્થળ પર દૂધ અને શુધ્ધ પાણી જેવી મૂળભૂત જરૂરીયાતોની વ્યવસ્થા કરવા માટે પાછલા અઠવાડિયાથી દરરોજ દિલ્હીના વિરોધ સ્થળ પરથી હિસારની યાત્રા કરી રહ્યો છે. તે કહે છે કે ''અત્યારે, અમારા લોકોને અમારા જેવા યુવાનોની જરૂર છે. અને જો આપણે સરકારને આ કાયદાઓ બનાવતા રોકી ન શકીએ તો, કોલેજની ડિગ્રીથી અમને કોઈ લાભ નહીં થાય કારણ કે અમારી આવક જ બંધ થઈ જશે.''

(સૌ. : ધ વાયર.ઈન)

# ભાજપનું IT સેલ ખેડૂતોને અલગાવવાદી, રાષ્ટ્રવિરોધી જેવા નામોથી નવાજે છે

(એજન્સી) તા.૭

ભારતીય કિસાન સંઘ (બીકેયુ) ના હરિયાણાના પ્રદેશ અધ્યક્ષ, ગુરનામ સિંઘ કહે છે કે, ''હરિયાણા સરકારે ખેડુતો વિરુદ્ધ અનેક એફઆઈઆર નોંધાવી છે. કેટલીક એફઆઈઆર હત્યાના પ્રયાસ માટેની પણ છે. પરંતુ અમે વિરોધ કરવા અહીં આવ્યા છીએ અને અમે નિરાશ થઈને અહીંથી જઈશું નહીં''

લાલ બહાદુર શાસ્ત્રી મેદાન પર સૂત્ર 'જય જવાન જય કિસાન' ગુંજી રહ્યું છે. ગાઝિયાબાદથી મધ્ય દિલ્હી તરફ જવાના અભિયાન દરમિયાન, લોકો સરહદી વિસ્તારોની આસપાસ ભારે પોલીસ અને પેરા સૈન્યની હાજરી જોઈ શકે છે. હાથમાં રાઈફલો સાથે યુનિફોર્મમાં જવાનો ભારે સશસ્ત્ર વાહનો સાથે ઊભા છે, જ્યારે વિરોધ કરી રહેલા ખેડુતો પોતાની રીતે આગળ વધી રહ્યા છે. આ શહેર એક યુદ્ધ ક્ષેત્ર જેવું બની ગયું છે જે લોકો દેશનું રક્ષણ કરે છે જે લોકો દેશને ખવડાવે છે - એ બધા ખેડૂતો આજે આંદોલન કરી રહ્યા છે ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી વારાણસીના સારનાથમાં એક પુરાતત્ત્વીય સ્થળની મુલાકાત લેવામાં મસ્ત છે. આ દરમિયાન, સોશિયલ મીડિયા પર, જમણેરી ટ્રોલની સેનાએ વિરોધ કરી રહેલા ખેડુતો અને તેમના સમર્થકોને 'ખાલિસ્તાની,' ''બે રૂપિયાના ભાડૂતી વિરોધ કરનારા,'' ''રાષ્ટ્રવિરોધી'' અને ''આતંકવાદી'' જેવા અન્ય શબ્દો સાથે હુમલો કર્યો છે. ફિલ્મ ઉદ્યોગની કેટલીક હસ્તીઓ



દ્વારા પણ ટ્વિટર પર મજાક ઉડાવવામાં આવી હતી અને એવા આક્ષેપ કરવામાં આવ્યા છે કે ખરા અર્થમાં નારાજ થયેલા ખેડુતોને બદલે વળતર લઈને કામ કરનારા લોકો અને બિરયાની શોધનારા લોકો આ આંદોલનમાં સામેલ છે. જાણીતા પત્રકાર બરખાદત્તે પંજાબી અભિનેતા દીપ સિદ્ધુ સાથે એક ઈન્ટરવ્યૂ કર્યો હતો, જે ખેડૂતોના વિરોધમાં જોડાયા છે. અભિનેતા સન્ની દેઓલ સાથે પણ સંબંધ ધરાવતા આ વ્યકિતને હાલના વિરોધ પ્રદર્શન કરતાં ખાલિસ્તાન આંદોલન અને શીખ અલગતાવાદી જર્નાઈલ સિંહ ભિંદ્રવાલે વિશે વધુ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. જો કે, તેમણે આ મુદ્દાને હાથમાં લેવાનું પસંદ કર્યું હતું અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેઓ ખેડુતોને ટેકો આપવા વિરોધ પ્રદર્શનોમાં જોડાયા હતા કારણ કે તેઓ પણ કૃષિ પરિવારમાંથી આવે છે. અને આ વિરોધ પ્રદર્શન માટે ખાલિસ્તાન આંદોલન જેવા શબ્દો અપ્રસ્તુત છે. ખરેખર, ખેડૂતોના વિરોધને ''રાષ્ટ્રવિરોધી'' તત્વો દ્વારા શીખ અલગતાવાદને વેગ આપવા માટે પ્રાયોજિત કરવામાં આવે છે. ત્રણ વિવાદિત ખેતી બીલોની સમસ્યારૂપ પ્રકૃતિને લીધે આ લોકો વિરોધ કરી રહ્યા છે અને આ બિલો આ વર્ષે સપ્ટેમ્બરમાં ઉતાવળથી સંસદમાં પસાર કરવામાં આવ્યા હતા. ૨૦૧૭માં એક નિવેદનમાં કેન્દ્રએ સુપ્રીમ કોર્ટને કહ્યું હતું કે ભારતમાં દર વર્ષે ૧૨,૦૦૦ થી વધુ ખેડુતો આત્મહત્યા દ્વારા મૃત્યુ પામે છે.

કેન્દ્રએ સુપ્રીમ કોર્ટને વચન આપ્યું હતું કે, વર્ષ ૨૦૨૨ સુધીમાં તે ખેડૂતોની સમસ્યાઓ દૂર કરવા અને ખેડૂતોની આવક (નાના અને સીમાંત ખેડુતો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને) બમણી કરવા પગલાં લેશે. જોકે આ ખેતી બીલોમાં રાજ્યોને તે ખરીદદારો પર ટેક્સ વસૂલવાની મનાઈ ફરમાવવામાં આવી છે જેઓ મંડીઓથી ખરીદી કરતા નથી. મંડી એ એક સૂચિત એપીએમસી (કૃષિ પેદાશ બજાર સમિતિ) બજાર છે જેનો હેતુ જથ્થાબંધ ખરીદી કરવાનો છે. આનો અર્થ એ થયો કે જ્યાં લોકો તેમની મોટાભાગની પેદાશો વેચવા માટે આવે છે તે મંડીઓ આખરે બિનજરૂરી બની જશે. અને રાજ્ય અને મંડી બોર્ડની આવકમાં ભારે ઘટાડો થશે. આડતિયા (કૃષિ પેદાશો માટે પરંપરાગત વાટાઘાટોકારો અને કમિશન એજન્ટો) દ્વારા ભજવવામાં આવતી ભૂમિકા નાશ પામશે. હાલમાં, એક આડતિયા ૫૦-૧૦૦ ખેડુતો સાથે જોડાયેલ હોય છે અને તેમના ઉત્પાદન માટે ઉત્તમ ભાવની ખાતરી કરવા માટે તેઓ કામ કરે છે. પાકની નિષ્ફળતા અથવા વિલંબિત ચોમાસા જેવી મુશ્કેલીના સમયમાં, એ લોકો ખેડુતોને આર્થિક મદદ પણ કરે છે. આડતિયા અને ખેડુતો વચ્ચેના સંબંધો ફક્ત વ્યવહારિક જ નથી પરંતુ તેના કરતાં વધારે છે અને એ સદીઓ નહીં તો કમ સે કમ દાયકાઓથી ચાલ્યા આવે છે. આ કહેવાતા વચેટિયાઓને નાબૂદ કરવાથી ખેડૂતો સીધા કોર્પોરેટરોની રહેમ પર આવી જશે. એ જોવા માટે વધુ કલ્પના કરવાની જરૂર નથી કે બીજા નામથી સામંતવાદ ભારતના જ્ઞાતિવાદ સાથેના ગામોમાં ફરી સક્રિય થઈ જશે, જેમાં સૌથી વધુ સંવેદનશીલ ખેડુતોને ઉચ્ચ વ્યાજ અને ઉધારની જાળ, જમીનને ગીરવે મૂકવી, પાક માટેનું જોખમ અને વાસ્તવિક શારીરિક હિંસા જેવા જોખમોનો સામનો કરવો પડશે. સરકાર દ્વારા ભલે ખાતરી આપવામાં આવી છે કે આ બીલો આધુનિક કૃષિના નવા યુગની શરૂઆત કરશે, અને ખેડુતો માટે બેવડી આવક કરશે અને ''ભ્રષ્ટ'' મધ્યસ્થીઓને નાબૂદ કરશે, પણ દેશભરના કૃષિ સંઘો માટે આ બિલો અસંબંધિત છે. હકીકતમાં, કૃષિના કોર્પોરેટરાઈઝેશન અને ખેતી ક્ષેત્રના અતિશય કેન્દ્રીયકરણની આશંકાને કારણે આ લોકો આંદોલન કરી રહ્યા છે.

(સૌ. : નેશનલ હેરાલ્ડ)

### સિદી આદિવાસી યુવા સંગઠન દ્વારા કાર્યક્રમ યોજાયો

# શહીદ ઈમરાન સાયલીને સર્વપક્ષીય આગેવાનો દ્વારા શ્રદ્ધાંજલિ અપાઈ

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૭

તાજેતરમાં અરૂણાચલ પ્રદેશની સિમાં પર ભારત દેશના ત્રણ વીરલાઓએ આકસ્મિક ઘટનાને લઈ શહીદ થતા ભારતની ફોજરમાં ગમગીની છવાઈ હતી. જેમાં ગીર સોમનાથ જિલ્લાના તાલાળા તાલુકાના ઈમરાન સાયલી શહિદ થયેલ જેના માટે આજરોજ શહિદ સ્મારક તળાવ દરવાજા જૂનાગઢ ખાતે સિદી આદિવાસી યુવા સંગઠન દ્વારા શ્રદ્ધાંજલિ કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં જૂનાગઢના સર્વપક્ષીય આગેવાનો જોડાયા હતા. જેમાં સહુ પ્રથમ શહીદ વહોરનાર ઈમરાન સાયલીને પુષ્પ ગુચ્છ અર્પણ કરી શ્રદ્ધા સુમન અર્પવામાં આવેલ અને ત્યારબાદ ઉપસ્થિત જન મેદનીએ બે મિનિટ મૌન પાળી શહીદો અમર રહો ઈમરાન સાયલી અમર રહો નારા લગાવવામાં આવતા વાતાવરણ ગમગીની સાથે દેશ ભક્તિમય બની ગયેલ. આ શ્રધ્ધાંજલી કાર્યક્રમમાં સીપીએમના બટુકભાઈ મકવાણા.જિશાન હાલે પૌત્રા સોહેલ સિદ્દીકી. એજાઝ મકરાની. કેડી સગારકા. કોંગ્રેસના નટુભાઈ પોક્રીયા. અમિત પટેલ મનોજભાઈ જોશી. કેશુભાઈ ઓડેદરા. રજાકભાઈ હાલાં. કિશોર હદવાની. એનસીપીના નગર સેવક અશરફભાઈ થયીમ. લાતીફબાપુ કાદરી.




ભાજપના નગરસેવક આસિફભાઈ સાંધ રેહાન બાબી. સિદી સમાજના પ્રમુખ નૂર મોહંમદ મકવાણા. સોહેલ સિદ્દીકી સહિતના ઉપસ્થિત રહેલ આ કાર્યક્રમને સફળ બનાવવા સિદી આદિવાસી યુવા સંગઠનના પ્રમુખ આસિફભાઈ મોટલ.ઉપ્રમુખ મોઈન મકવાણા. મંત્રી સાજીદ ચોટીયારા. શાહબાઝ મુરીમાં. સોહિલ નોખી. ઈમરાન મજગુલ. સબીર વાસિંગા સહીતનાએ જહેમત ઉપાડી હતી.

### આણંદ નજીક જોળ ગામનો બનાવ

# લગ્નમાં લોકોની ભીડ એકત્ર કરનાર ડે. સરપંચ વિરૂદ્ધ ગુનો નોંધાયો

(સંવાદદાતા દ્વારા) આણંદ,તા.૭

આણંદ પાસે આવેલા જોળ ગામના ડેપ્યુટી સરપંચે તેમના પુત્રના લગ્નમાં ૨૫૦ માણસો ભેગા કરતા વિદ્યાનગર પોલીસે તેમના સહિત ત્રણ જણાં વિરૂદ્ધ જાહેરનામા ભંગ અને એપેડેમિક ડિસીઝ એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. વિદ્યાનગર પોલીસને કંટ્રોલમાંથી વર્ધી મળી હતી કે, જોળ ગામના ડેપ્યુટી સરપંચ ભરતભાઈ રાવજીભાઈ વાઘેલા પોતાના પુત્ર ધીરજના લગ્ન પ્રસંગમાં પોતાના ફળીયામાં તથા શેરીમાં મંડપ બાંધી-ડેકોરેશન કરી ૧૦૦થી વધુ માણસોને બોલાવ્યા છે. જેને પગલે વિદ્યાનગર પોલીસની એક ટીમ રવિવારે બપોરે એક વાગ્યે જોળ ગામે તપાસમાં ગઈ હતી. જોકે, પોલીસને આવતાં જોતાં જ લગ્ન પ્રસંગમાં અફડા-તફડી મચી ગઈ હતી. લોકો પોલીસને જોતાં જ છૂટા પડી ગયા હતા. પોલીસે એ સમયે જોયું કે મોટાભાગના લોકોએ માસ્ક પહેર્યા નહોતા. તેમજ સોશ્યલ ડિસ્ટન્સનું પણ પાલન કર્યું નહોતું. ડેપ્યટી સરપંચે ગાઈડલાઈનનું ઉલ્લંઘન કરતા વિદ્યાનગર પોલીસે તેમના સહિત કેટરીંગ અને મંડપ ડેકોરેશનનું કામ લેનારા સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# ભારત બંધના સમર્થનમાં અને વિરૂદ્ધમાં સોશિયલ મીડિયામાં પોસ્ટ વાયરલ

(સંવાદદાતા દ્વારા) મોડાસા, તા.૭

કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂતો દ્વારા આવતીકાલે ભારત બંધનું એલાન અપાયું છે. ત્યારે કોંગ્રેસ દ્વારા કેન્દ્ર સરકારને અલ્ટિમેટમ આપવામાં આવ્યું છે કે, ખેડૂતોના મનની વાત સરકાર સાંભળે અને કાળો કાયદો પાછો ખેંચે તેમજ મંગળવારે ખેડૂતોએ આપેલ ભારત બંધને સમર્થન જાહેર કરતા અરવલ્લી જિલ્લો પણ બંધ રહે તે માટે કોંગ્રેસના અગ્રણીઓ રણનીતિ તૈયાર કરી બંધને સંપૂર્ણ સફળતા મળે તેવા પ્રયત્નો આદર્યા હોવાની સાથે સોશિયલ મીડિયામાં ભારત બંધના સમર્થનમાં પોસ્ટ અને મેસેજ વાયરલ કરી લોકોને પ્રભાવિત કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. બીજીબાજુ અરવલ્લી જિલ્લામાં કોંગ્રેસે કરેલ ભારત બંધના સમર્થનનો ફિયાસ્કો થાય અને અરવલ્લી જિલ્લામાં બંધની અસર નહિંવત જોવા મળે તે માટે અથાગ પ્રયત્નો હાથ ધર્યા છે અને હું ભારત બંધના સમર્થનમાં નથી હું પીએમ સાથે છુંની પોસ્ટ સોશિયલ મીડિયામાં વાયરલ કરી કોંગ્રેસે આપેલ બંધને નિષ્ફળ બનાવવા માટેની કામગીરીમાં લાગી ગઈ છે. ત્યારે જોવું રહ્યું કે, મંગળવારે ખેડૂતોએ આપેલ ભારત બંધના એલાનમાં સમર્થન આપનાર કોંગ્રેસ અરવલ્લી જિલ્લામાં બંધની અમલવારીમાં સફળ રહે છે કે, પછી નિષ્ફળ રહેશે.

# ખંભાતના નેજા ગામે સામાન્ય અદાવતમાં ભરવાડોના ટોળાનો હુમલો, હત્યાનો પ્રયાસ

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૭

આણંદ જિલ્લાનાં ખંભાત તાલુકાના નેજા ગામે ભરવાડની જોકમાં સામાન્ય બાબતે ઝઘડો થતા ૧૩ જેટલા ભરવાડોએ મારક હથીયારો સાથે હુમલો કરી યુવકને માથામાં લાકડીઓ મારી ગંભીર જીવલેણ ઈજાઓ કરી હત્યાનો પ્રયાસ કરતા આ બનાવ અંગે ખંભાત ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.પોલીસે આ બનાવમાં સાત આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગતો અનુસાર નેજા ગામે રહેતા લઘરાભાઈ હોથીભાઈ ભરવાડના ભત્રીજા ઘનશ્યામભાઈ કાનજીભાઈ ભરવાડે બે દિવસ પુર્વે ગામમાં માતાજીને રમતો મુકેલ પાડા બાબતે મનુભાઈ વેલાભાઈ ભરવાડે ઠપકો આપ્યો હતો અને જે બાબતે મનુભાઈ અને ઘનશ્યામભાઈ વચ્ચે સામાન્ય બોલાચાલી થઈ હતી. જેની અદાવત રાખી ગત રાત્રીના સુમારે ગામની ભાગોળ પાસે મનુભાઈ વેલાભાઈ ભરવાડ સહિત તેર ભરવાડો હાથમાં લાકડીઓ અને મારક હથીયારો લઈ આવી લઘરાભાઈ અને ઘનશ્યાભાઈને તમે ગામના દાદા છો તેમ કહી ગાળો બોલતા લઘરાભાઈ અને ઘનશ્યામભાઈએ ગાળો બોલવાની ના પાડતા મનુભાઈ સહિત તેર શખ્સો ઉશ્કેરાઈ ગયેલા અને હત્યા કરવાના ઈરાદે હુમલો કરી માર મારતા નજીકમાંથી લઘરાભાઈના કુટુંબીઓ દોડી આવ્યા હતા અને વચ્ચે છોડાવવા પડતા મહેશભાઈ ભલાભાઈ ભરવાડની હત્યા કરવાના ઈરાદે માથામાં લાકડીઓ મારી ગંભીર જીવલેણ ઈજાઓ કરી હત્યાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે સાત આરોપીઓની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી કરી હતી.

### વકીલો દ્વારા નાયબ ચીટનીસને આવેદનપત્ર અપાયું

# આણંદ જિ.માં ગરીબ લાભાર્થીઓને મા અન્નપૂર્ણા યોજનાનો લાભ આપવાની માંગ



(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૭

રાજય સરકાર દ્વારા ગરીબ અને શ્રમિક પરિવારોને બે ટંકનું ભોજન મળી રહે તે માટે માં અન્નપૂર્ણા યોજના અમલમાં મુકવામાં આવી છે,પરંતુ આ યોજનાનો યોગ્ય રીતે અમલ નહી થતા અનેક સાચા લાભાર્થીઓ આ યોજનાથી વંચિત રહ્યા છે,જ્યારે બીજી તરફ જે પરિવારો સક્ષમ છે,તેવા પરિવારો આ યોજનાનો ગેરલાભ લઈ રહ્યા છે,ત્યારે અમારી માંગણી છે,કે ખરેખર જરુરીયાતવાળા સાચા લાભાર્થીઓ સુધી આ યોજનાનો લાભ પહોંચવો જોઈએ.તેવી માંગ સાથે આજે નોટરી એડવોકેટ ઈશ્વરીબેન શર્માનાં નેતૃત્વમાં આજે વકીલોએ કલેકટર કચેરી ખાતે નાયબ ચીટનીસને આવેદનપત્ર આપ્યું હતું.

આણંદ કલેકટર કચેરી ખાતે આજે નોટરી એડવોકેટ ઈશ્વરીબેન શર્મા અને વકીલોએ નાયબ ચીટનીસને આવેદપત્ર આપતા રજુઆત કરતા જણાવ્યું હતું કે, રાજય સરકારની યોજનાની અમલવારી કરાવતા અધિકારીઓ અને તંત્રની લાપરવાહીનાં કારણે સાચા લાભાર્થીઓને યોજનાનો લાભ મળતો નથી.ત્યારે રાજય સરકાર દ્વારા યોજનાની અમલવારી કરતા અમલદારોને કડક આદેશ આપવો જોઈએ જેથી સાચા ગરીબો અને વંચિતો યોજનાનાં લાભથી વંચિત રહી જાય નહી માં અન્નપૂર્ણા યોજનાનાં લાભ માટે નિરાધાર વૃદ્ધો પાસે ફરજીયાત પણે બીપીએલ કાર્ડની માંગણી કરવામાં આવે છે,જે યોગ્ય નથી.ત્યારે નિરાધાર વૃદ્ધોને બીપીએલ કાર્ડ વિના પણ આ યોજનાનો લાભ આપવો જોઈએ

ઉપરોકત મુદ્દાઓ તાકિદે ધ્યાનમાં લઈને તેનાં પર તાકીદે અમલવારી કરાવી ગરીબ અને શ્રમિકોને આ યોજનાનો લાભ મળે તે અંગે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી હતી,જેમાં મોટી સંખ્યામાં વકીલો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# કઠલાલના કોરોના વોરિયર્સના આશ્રિતનું ગૃહમંત્રીના હસ્તે અભિવાદન કરાયું

નડિયાદ, તા.૭

ખેડા જિલ્લામાં કોરોનાની મહામારી દરમિયાન ૧૩૮૦ હોમગાર્ડે ઉભા પગે સેવા આપી છે. કોરોનાએ વોરિયર્સ તરીકે તેમની કામગીરીને હોમગાર્ડ દળના સ્થાપના દિને મહાનુભવોએ બિરદાવી છે. કોરોનાની મહામારી દરમિયાન એક હોમગાર્ડ જવાનનું કોરોના સંક્રમણમાં મોત થયું હતું. તેના આશ્રિતનું ગૃહમંત્રીએ સંવેદનાપત્રથી અભિવાદન કર્યું હતું. ખેડા જિલ્લામાં કોરોના વોરિયર્સ તરીકે હોમગાર્ડ દળના જવાનોએ ખુબ જ ઉમદા સેવા આપી હતી. તેમની કામગીરીનું હોમગાર્ડ દળના સ્થાપના દિવસે મુખ્ય દંડક પંકજભાઈ દેસાઈ, સાંસદ દેવુસિંહ ચૌહાણ, જિલ્લા ભાજપના પ્રમુખ અર્જુનસિંહ ચૌહાણ સહિતના મહાનુભવોએ બિરદાવી અભિનંદન પાઠવ્યાં હતાં. ખેડા જિલ્લામાં ૧૬ યુનિટ હોમગાર્ડના કાર્યરત છે. ૧૩૮૦ હોમગાર્ડ જવાનોની સંખ્યાબળ છે. જેમાં ૯૭ મહિલાઓ પણ સેવા આપી રહી છે. જિલ્લા હોમગાર્ડ કમાન્ડર તરીકે મહેશભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ કામ કરી રહ્યાં છે. કોરોનાની મહામારીમાં તેમની સેવા ઉત્તમ રહી હતી. કઠલાલના હોમગાર્ડ સભ્ય મહેશકુમાર પ્રિતમદાસ રોહિતનું કોરોનાથી મોત થયું હતું. તેઓને રાજ્ય સરકારના મુખ્યમંત્રી રાહતફંડમાંથી રૂપિયા ૨૫ લાખની સહાય તેમના આશ્રિતોને મળે તો માટે કચેરીથી દરખાસ્ત કરી છે. ઉપરાંત તેમના આશ્રિત નંદાબેનનું અમદાવાદમાં ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાના હસ્તે સંવેદનાપત્રથી અભિવાદન પણ કરાયું હતું.

# કઠલાલના શાહપુર નજીક થાંભલા સાથે બાઈક અથડાતાં ચાલકનું મોત

નડિયાદ, તા.૭

કઠલાલ તાલુકાના ભાટેરામાં રહેતાં ૪૨ વર્ષીય જાલમભાઈ શનાભાઈ બારૈયા પોતાનું બાઈક નં જીજે ૦૧ એમએન ૬૪૭૬ લઈ અમદાવાદ-ઈન્દોર હાઈવે પર આવેલ કઠલાલ તાલુકાના શાહપુર તાબે ગંગાપુરાના લાટ નજીકથી પસાર થઈ રહ્યાં હતાં. દરમિયાન માર્ગ પરના વળાંકમાં સ્ટેયરીંગ પરનો કાબુ ગુમાવતાં બાઈક રોડની સાઈડમાં ઉભા કરાયેલા ટ્રાફિક સિગ્નલના લોખંડના થાંભલા સાથે અથડાયું હતું. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા બાઈકચાલક જાલમભાઈ શનાભાઈ બારૈયાનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે કઠલાલ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. મહેમદાવાદમાં ક્રિષ્ણાપાર્ક સોસાયટી નજીક માર્ગ પરથી વેગનઆર ગાડી નં જીજે ૧૬ એજે ૨૬૬૮ પસાર થઈ રહી હતી. તે વખતે માર્ગ પર પાછળથી પુરપાટ ઝડપે ડબલ સવારીમાં આવતાં બાઈક નં જીજે ૦૭ ઈબી ૬૬૧૦ ના ચાલકે આગળ જતી વેગનઆર ગાડીને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઈક પર સવાર બંને ઈસમોને ઈજા પહોંચી હતી.

### સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ થતાં લોકોમાં રોષ

# મોડાસામાં માસ્ક વગર ફરતા પોલીસકર્મીનો વીડિયો ઉતારતા યુવકને ફડાકો ઝીંક્યો

મોડાસા, તા.૭

કોરોનાની ગાઈડલાઈન પ્રમાણે ઘર બહાર નીકળતી વખતે માસ્ક પહેરવું ફરજિયાત છે.આવી રીતે જ કોરોનાની ચેનને તોડી શકાશે અને લોકો સુરક્ષિત રહેશે બીજી તરફ માસ્કને લઈને અનેક જગ્યા પર પોલીસ અને લોકો વચ્ચે તકરાર થતી રહે છે. તેમાં પણ સરકારે માસ્ક નહીં પહેરવાના દંડમાં વધારો કર્યો છે ત્યારથી આવા બનાવ છાસવારે બને છે હાલ સોશ્યલ મીડિયામાં એક વિડીયો વાયરલ થયો છે જેમાં મોડાસા શહેરની દૂઘરવાડા ચોકડી પાસે માસ્ક વગર રખડપટ્ટી કરતા વાહનચાલકો અને રાહદારીઓ પાસેથી દંડાત્મક કાર્યવાહી કરનાર પોલીસકર્મી જ માસ્ક નીચે લટકાવી દંડ ઉઘરાવી રહ્યો હોવાથી એક યુવકે ફેસબુક લાઈવ કરતાં પોલીસકર્મીની પોલ ઉઘાડી પડી જતા બીભસ્ત ગાળ બોલી યુવક વીડિયો ઉતારતાં થપ્પડ ઝિંકી દીધી હતી. જેને પગલે સોશિયલ મીડિયામાં વિડીયો વાયરલ થતાં પોલીસકર્મી સામે ભારે રોષ પ્રવર્તી રહ્યો છે

મોડાસા શહેરમાં પોલીસતંત્ર ફક્ત સામાન્ય વાહનચાલકો અને શ્રમિકો પાસેથી જ માસ્કની દંડની રકમ ઉઘરાવવામાં શૂરી હોવાની બૂમો ઉઠી રહી છે શહેરમાં અનેક રાજકીય અગ્રણીઓ અને પૈસાદાર લોકો માસ્ક વગર ટહેલતા હોવા છતાં તેમની સામે દંડનીય કાર્યવાહી કરવામાં પોલીસતંત્ર ઘૂંટણીયા ટેકવી દેતું હોવાનું આમ આદમી અહેસાસ અનુભવી રહ્યો છે કાયદો દરેક માટે સમાન હોવો જોઈએ તેવું આમ આદમી ઈચ્છી રહ્યા છે ત્યારે મોડાસા શહેરના દુઘરવાડા ચોકડી નજીક માસ્ક વગરના લોકો સામે પોલીસે મળેલ યુવકને પોલીસ દંડ ફટકારતા દંડની કામગીરી કરી રહેલ પોલીસ ટીમમાંથી એક કર્મીએ માસ્ક ગળા નીચે લટકાવી દંડ ઉઘરાવી રહ્યા હોવાથી એક યુવકે સમગ્ર ઘટના અંગે ફેસબુક લાઈવ કરતાં પોલીસકર્મી ઉશ્કેરાઈ ગયો હતો અને યુવકને બીભસ્ત ગાળ બોલી થપ્પડ ઝીંકી દીધી હતી તેમ છતાં યુવકે વિડીયો ઉતારવાનું ચાલુ રાખતા તમાશો થતા અન્ય પોલીસ કર્મીઓએ માસ્ક વગર દંડાત્મક કામગીરી કરતા પોલીસ કર્મી પાસેથી જ સ્થળ પર દંડ ફટકારી રકમ વસુલ કરવાની સાથે યુવકને તું ઉભો રહેજે કહી અન્ય પોલીસ કર્મીઓ યુવક સામે ગુન્હો નોંધવાની વાત કરતા યુવક સતત પૂછી રહ્યો છે કે કઈ વાત નો ગુન્હો પણ પોલીસકર્મીઓ પાસે કોઈ જવાબ જ ન હતો ત્યારે યુવકના સમર્થનમાં આવેલા લોકોએ થપ્પડ મારનાર પોલીસ કર્મચારી પાસે માફી મંગાવાની જીદ પકડાતા આખરે પોલીસે આ અંગે જે ફરિયાદ કરવી હોય તે ફરિયાદ પોલીસ સ્ટેશનમાં જઈ કરવા જણાવી મામલો થાળે પાડવાનો પ્રયત્ન કર્યો હતો.

# જૂનાગઢ સિવિલના ૯૭ વોરિયર્સ કોરોનાને હરાવી પોતાની ફરજમાં જોડાયા

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૭

જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા ડોક્ટરો, નર્સિંગ સ્ટાફ, પટ્ટાવાળા સહિતનો કુલ ૯૭ સ્ટાફ કોરોના પોઝીટીવ આવ્યો હતો. પરંતુ તેમણે કોરોના સામે જંગ જીતી તમામ સ્ટાફ પરત પોતાની ફરજ પર દર્દીઓની સારવારમાં લાગી ગયો છે.

કોરોનાની મહામારીમાં અનેક લોકો સપડાયા છે. કોરોના વોરિયર્સ બની દર્દીઓની સારવાર કરતા ડોક્ટરો અને નર્સિંગ સ્ટાફ પણ કોરોનાની ઝપટમાં આવી ગયા છે. ત્યારે જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સારવાર કરતા તબીબો, નર્સિંગ સ્ટાફ, પટ્ટાવાળા, સફાઈ કામદાર સહિતનો સ્ટાફ કોરોના પોઝીટીવ આવ્યો હતો. સિવીલના ૯૭ સ્ટાફને કોરોના પોઝીટીવ આવ્યો હતો. જેમાં ૫૪ પુરૂષ અને ૪૩ મહિલાઓનો સમાવેશ થાય છે. આ સ્ટાફમાં ડોક્ટરો, નર્સિંગ, પટ્ટાવાળા, સફાઈ કામદાર સહિતનો સમાવેશ થાય છે. ત્યારે આ તમામ સ્ટાફ કોરોનાની પુરતી સારવાર મેળવી કોરોનાને હરાવી પરત પોતાની ફરજમાં દર્દીઓની સારવારમાં લાગી ગયા છે.

દિવસ-રાત કોરોના વોરિયર્સ તરીકે દર્દીઓની સારવાર કરતા ડોક્ટરો, સ્ટાફ પણ કોરોનાની ઝપેટમાં આવી ગયા હતા. પરંતુ હિંમત ન હારી કોરોનાની સારવાર મેળવી પરત હોસ્પિટલમાં દર્દીઓની સારવાર કરવામાં લાગી ગયા છે.

# કેશોદમાં અગમ્ય કારણોસર યુવકે ગળેફાંસો ખાધો

જૂનાગઢ, તા.૭

કેશોદનાં આનંદ એપાર્ટમેન્ટ રૂમ નં.૧૩માં રહેતા સાગરભાઈ મનુભાઈ જોષી (ઉ.વ.૨૫) નામનાં યુવાને કોઈપણ અગમ્ય કારણોસર પોતાની મેળે તેમના ગળેફાંસો ખાઈ લીધો હોવાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવ અંગે કેશોદ પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

# વડોદરા : મકાનમાંથી ૬ લાખના દાગીના લઈ તસ્કરો ફરાર

વડોદરા, તા.૭

વડોદરાના અક્ષર ચોક નજીક હીરા નગર સોસાયટીમાં રહેતા હેતલબેન પરિવારજનો સાથે બહાર ગયા હતા અને સાંજે પરત ફર્યા હતા ત્યાં સુધી ઘર ની તિજોરીમાં દાગીના યથાવત હતા. બીજા દિવસે સાંજે તિજોરીમાં દવા શોધવા ગયેલા હેતલબેનને દાગીના નજરે નહીં પડતાં તપાસ કરી હતી, પરંતુ ક્યાંય મળી આવ્યા ન હતા. તસ્કરી તિજોરીની ચાવી વડે લોક ખોલી ૧૩ તોલા ઉપરાંતના સોનાના દાગીના અને ચાંદીની ડાયમંડ સાથેની વીંટી મળી અંદાજે રૂ.૬ લાખ ઉપરાંતની મતા ચોરી કરી જતા હેતલબેન ચોંકી ઉઠ્યા હતા. તાત્કાલિક બનાવ અંગે હેતલબેને પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે બનાવ અંગે તપાસ હાથ ધરી છે.

# આણંદમાં રેનબસેરાની સામે જ ઠંડીમાં ઠૂંઠવાઈ જતાં અજાણ્યા પ્રૌઢનું મોત

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૭

આણંદ શહેરમાં મહાવીર ઝુપડપટ્ટી નજીક રોડ ઉપરથી આજે સવારે અજાણ્યા પ્રૌઢનો મૃતદેહ મળી આવ્યો છે. જે અંગે સ્થાનિક રહીશોએ ટાઉન પોલીસ મથકે જાણ કરી છે. આ અજાણ્યા પ્રૌઢનો ઠંડીના કારણે ઠુંઠવાઈ જતા મોત નીપજ્યું હોવાનું અનુમાન થઈ રહ્યું છે.

મળતી વિગતો અનુસાર આણંદ શહેરમાં મહાવીર ઝુપડપટ્ટી નજીક માર્ગ પર આજે વહેલી સવારે કોઈ અજાણ્યા પ્રૌઢનો મૃતદેહ પડેલો મળી આવતા સ્થાનિક લોકોએ આ અંગે ટાઉન પોલીસ મથકે જાણ કરી હતી. આ અજાણ્યા પ્રૌઢે શરીરે આસમાની રંગની ટીશર્ટ અને પેન્ટ પહેરેલું છે તેમજ સફેદ દાઢી છે અને પગમાં સ્લીપર પહેરેલા છે. તેમજ તેના મૃતદેહની નજીક એક થેલો અને લાકડી પડેલી છે. આ અજાણ્યા પ્રૌઢનું મોત રાત્રીના સુમારે ઠંડીમાં ઠુંઠવાઈ જવાના કારણે થયું હોવાનું અનુમાન થઈ રહ્યું છે. નગરપાલિકા દ્વારા લાખો રુપિયાના ખર્ચે ગરીબ, શ્રમિક અને ભીક્ષુકોને ઠંડીથી રક્ષણ મળે તે માટે રેનબસેરા બનાવવામાં આવ્યો છે અને થોડા દિવસો પુર્વે જ રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણીએ તેનું ઓનલાઈન ઉદઘાટન કર્યું હતું. તેમ છતાં આ રેનબસેરામાં ગરીબ, શ્રમિકો અને ભીક્ષુકોને રહેવા માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવેલી નથી. જેના કારણે આ રેનબસેરાની સામે જ ઠંડીમાં ઠુંઠવાઈ જતા ગરીબ પ્રૌઢનું મોત નીપજતા આ રેનબસેરાની ઉપયોગીતા સામે અનેક સવાલો ઉભા થયા છે. ત્યારે નગરપાલિકા દ્વારા રેનબસેરાને તાકીદે ગરીબ, શ્રમિકો અને ભીક્ષુકો માટે ખુલ્લું મુકવામાં આવે તેવી લાગણી જોવા મળી રહી છે.

# આણંદમાં જાહેરનામાના ભંગ બદલ ત્રણ વેપારીઓ વિરૂદ્ધ ગુનો નોંધાયો

આણંદ, તા.૭

આણંદ શહેરમાં કોરોના મહામારી દરમિયાન કોવીડ-૧૯ નાં નિયમો અંતર્ગત સોશ્યલ ડીસ્ટન્સ અને માસ્ક પહેરવું ફરજીયાત હોવા છતાં કેટલાક લોકો દ્વારા કોવીડ-૧૯ નાં નિયમોનું પાલન કરવામાં આવતું નથી. જેને લઈને આણંદ ટાઉન પોલીસ દ્વારા ઓચીંતી તપાસ હાથ ધરી સોશ્યલ ડીસ્ટન્સનો ભંગ કરતા ૩ વેપારીઓને ઝડપી પાડી તેઓની વિરુદ્ધ જાહેરનામાનો ભંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# વડોદરા મ્યુનિ. કોર્પોરેશનના અધિકારીની ૭૦ લાખની અપ્રમાણસર મિલકતો મળી

વડોદરા, તા.૭

વડોદરા મહાનગરપાલિકાના તત્કાલિન જમીન સંપાદન અધિકારી અને અને હાલ વહીવટી વોર્ડ નં-૧૨ના વોર્ડ ઓફિસર તરીકે ફરજ બજાવતા મહેશ મણીલાલ પરનામી પાસે ૬૯.૯૧ લાખની અપ્રમાણસર મિલકત મળી આવતા વડોદરા એસીબી એ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ, વડોદરા મહાનગરપાલિકાના જમીન સંપાદન અધિકારો, વર્ગ-૨ મહેશ મણીલાલ પરનામીએ તેમની આવકની સામે અપ્રમાણિક રોતે ભ્રષ્ટાચારથી કરોડો રૂપિયાની જમીન અને મિલકતો પોતાના અને પરિવારના સભ્યોના નામ ખરીદી હોવાના આક્ષેપો અંગે વડોદરા એસીબીમાં અરજી કરવામાં આવી હતી. ત્યારબાદ એસીબીની ટીમે મહેશ પરનામીની અપ્રમાણસર મિલકતો અંગે તપાસ શરૂ કરી હતી. તપાસમાં મહેશ પરનામીની મિલકતો અને દસ્તાવેજોની તેમની કાયદેસરની આવકના સાધનોમાંથી થયેલી કુલ આવક ૯૦,૮૯,૯૨૧ રૂપિયાની સામે તેઓએ કરેલુ રોકાણ ૧,૬૦,૮૧,૨૨૭ રૂપિયા હતું. આમ તેઓની પાસે ૬૯,૯૧,૩૦૬ રૂપિયાની મિલકતો અપ્રમાણસર હોવાનું જણાઈ આવ્યું હતું. આમ તેમની કાયદેસરની આવકની સરખામણીમાં ૭૯.૫૧ ટકા જેટલી વધુ સંપત્તિ મળી આવી હતી. હાલમાં વહીવટી વોર્ડ નં-૧૨ના વોર્ડ ઓફિસર તરીકે ફરજ બજાવતા મહેશ પરનામી સામે અપ્રમાણસર મિલકતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.


**જાહેર નોટિસ**

અમારા અસીલ કાન્તીભાઈ લખાભાઈ પટેલ, રહે. હિંમતનગરનાની સ્વતંત્ર માલીકી તથા કબજા ભોગવટાની મિલ્કત હિંમતનગર શહેર મધ્યે સર્વે નં.૫૧/૨/૩૦ પ્લોટ નં.૪૦માં આવેલ મકાન જેના કુલ સમચોરસ મીટર ૧૪૩-૭૫, બાંધકામ મીટર : ૫૫-૭૪, માર્જિન ચોમી. ૮૮-૦૧ જેનો હિંમતનગર નગરપાલિકા મિલકત નં.૧૦/૧૪૬૩/૧ની આવેલ છે તે મિલકત ઉપર ટાઈટલ ક્લિયર સર્ટિફિકેટની માગણી કરતા આ મિલકત ઉપર કોઈ પણ સરકારી બેંક, સહકારી બેંક, પ્રાઈવેટ બેંકમાં કે અન્ય કોઈનો લાગ, ભાગ, હક્ક, હિત, હિસ્સો સમાયેલો હોય યા ગીરો યા તારણમાં મૂકેલ હોય તો તેના આધાર સહિત દિન-૭માં નીચે લખ્યા સરનામે રજૂ કરવા. દિન-૭માં કોઈના પણ તરફથી વાંધો રજૂ કરવામાં નહીં આવે તો ટાઈટલ ક્લિયર સર્ટિફિકેટ ઈસ્યુ કરવામાં આવશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મુ.હિંમતનગર
તા.૭/૧૨/૨૦૨૦

**A.A. KHALAK (Advocate)**
૨૪-વ્યાપાર ભવન, જિલ્લા સેવા સદન સામે, મુ.હિંમતનગર



**MISSING PASSPORT**

MY NAME IS RIZWANABEN MUSTAKBHAI KODI. MY PASSPORT NUMBER IS J5631720. MY PASSPORT IS FALLING SOMEWHERE WHEN WE CHANGING OUR HOUSE. SO IF ANYONE GETS IT PLEASE CONTACT ON 9737971273

ADDRESS : BEHIND JUMMA MASJID, TANKARIA



**પાસપોર્ટ ખોવાયેલ છે**

મારૂં નામ કોડી રિઝવાનાબેન મુસ્તાકભાઈ છે. મારો પાસપોર્ટ નં.J5631720 છે. જે અમારૂં રહેણાંક મકાન બદલતા ક્યાંક પડી જતા ગુમ થઈ ગયેલ છે જે કોઈને મળે તો ૯૭૩૭૯૭૧૨૭૩ પર સંપર્ક કરવા વિનંતી.

રહે. : જુમ્આ મસ્જિદ પાછળ, ટંકારીઆ



**GUJARAT STATE WAQF BOARD**

**ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ**

Dr.jivrajbhai Mehta Bhavan, Block No.8, Gandhinagar.
ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નંબર ૮, ગાંધીનગર.

વકફ અધિનિયમ ૧૯૯૫ની કલમ ૩૬

**વિષય :-"મસ્જિદે તૌહીદ વકફ"**

ઉપરોક્ત જણાવેલ વકફના મુતવલ્લી **ઘાંચી સાજીદભાઈ ઈમામભાઈ મું.રાઘનપુર જિ.પાટણ**નાઓએ મજકુર વકફના ઉદ્દેશો પૂર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલકત વકફ જંગમ/ સ્થાવર મિલકત વકફ અધિનિયમ ૧૯૯૫ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમૂનામાં દરખાસ્ત કરેલ છે. જે મિલકતની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો અને તાલુકો | ગામ/મુ.પો./હે. | મિલકતનો પ્રકાર | સર્વે નં./ મિલકત નં | ચો.મી. |
|---|---|---|---|---|
| તા.રાધનપુર જિ.પાટણ | મુ.પો. રાધનપુર | મસ્જિદ | સીટી સર્વે નં.૧૩૫૦ | ૨૭૧.૨ |

ઉક્ત જણાવેલ સ્થાવર મિલકત વકફ અધિનિયમ ૧૯૯૫ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઈ આ સંબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધા સૂચનો હોય તો તે દિન-૭માં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરીને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમય મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહીં મળે તો ઉક્ત જણાવેલ વકફના વકફ અધિનિયમ ૧૯૯૫ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(મુનીર વ્હોરા)
મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ,
ગાંધીનગર.

### નવા સંસદભવનની નિર્માણની રીત સામે કોર્ટ નારાજ

# સંસદની નવી ઈમારત : સુપ્રીમ કોર્ટે શિલાન્યાસની મંજૂરી આપી પણ બાંધકામ અટકાવ્યું

## પેન્ડિંગ અરજીઓ પર અંતિમ ચુકાદો ન આવે ત્યાં સુધી કન્સ્ટ્રક્શન, તોડફોડ કે વૃક્ષ કાપવાનું કામ ન થવું જોઈએ : કોર્ટ





## સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ : કોર્ટ તરફથી શિલાન્યાસને શરતી પરવાનગી

નવી દિલ્હી, તા.૭

કેન્દ્ર સરકારના મહત્વકાંક્ષી પ્રોજેક્ટ સેન્ટ્રલ વિસ્ટા એટલે કે દિલ્હીમાં નવા સંસદભવન સાથે જોડાયેલા નિર્માણ સંબંધિત અરજી પર સોમવારે સુપ્રીમ કોર્ટે સુનવણી કરી છે. નવા સંસદભવનના નિર્માણની રીત અંગે સુપ્રીમ કોર્ટએ નારાજગી વ્યક્ત કરી છે. આ મામલામાં દાખલ અરજીઓ પર સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું હતું કે સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ અંતર્ગત કોઈ કન્સ્ટ્રક્શન, તોડફોડ કે વૃક્ષ કાપવાનું કામ ત્યાં સુધી ન થવું જોઈએ જયાં સુધી કોઈ પેન્ડિંગ અરજીઓ પર અંતિમ ચુકાદો ન સંભળાવામાં આવે. કેન્દ્ર એ કોર્ટને ભરોસો આપ્યો છે કે આમ જ કરવામાં આવશે. કોર્ટે શિલાન્યાસ પર પ્રતિબંધ લગાવ્યો નથી. સુપ્રીમ કોર્ટની પેનલે આ અરજીના એક ગ્રુપ પર સુનવણી કરી જેમાં કેન્દ્ર સરકાર દ્વારા સેન્ટ્રલ વિસ્ટાના નિર્માણ કાર્યની રીત પર વાંધો ઉઠાવ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે તે સેન્ટ્રસ વિસ્ટા પ્રોજેક્ટનો વિરોધ કરનારી પેન્ડિંગ અરજીઓ પર કોઈ ચુકાદો આવે નહીં ત્યાં સુધી નિર્માણકાર્ય અથવા ઈમારતને પાડવાની મંજૂરી નહીં આપે. સુનવણી દરમ્યાન સુપ્રીમ કોર્ટે 'સેન્ટ્રલ વિસ્ટા' પ્રોજેક્ટના નિર્માણને લઈને સરકારના વિચારોની માહિતી આપવા માટે કેન્દ્રને ૫ મિનિટનો સમય આપ્યો છે. કોર્ટે કહ્યું કે કેન્દ્ર સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ માટે જરૂરી કાગળની કાર્યવાહી કરી શકે છે તથા શિલાન્યાસ કરવાના નક્કી સમારંભને આયોજિત કરી શકે છે. કેન્દ્ર એ ન્યાયાલયને ભરોસો અપાવ્યો છે કે તે આ મામલા પર મુખ્ય અદાલતનો ચુકાદો આવવા સુધી વિસ્ટા પ્રોજેક્ટની ઈમારતને પાડવા કે નિર્માણનું કામ નહીં કરે. જો કે કોર્ટે કેન્દ્રને સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેકટના માટે આધારશીલા રાખવાનો કાર્યક્રમ આયોજિત કરવાની પરવાનગી આપી દીધી છે. ઉલ્લેખનીય છે કે ૧૦ ડિસેમ્બરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવા સંસદની આધાર શિલા મુકશે. લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ કહ્યું હતું કે ૨૦૨૨માં દેશની આઝાદીનાં ૭૫ વર્ષ પૂરાં થવા પર અમે નવા સંસદભવનમાં બંને ગૃહોનાં સત્રાની શરૂઆત કરીશું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે નવા ભવનમાં લોકસભા સાંસદો માટે લગભગ ૮૮૮ અને રાજ્યસભા સાંસદો માટે ૩૨૬થી વધુ સીટો હશે. પાર્લમેન્ટ હોલમાં ૧૨૨૪ સભ્ય એકસાથે બેસી શકશે. ઉલ્લેખનીય છે કે ટાટા પ્રોજેક્ટસ લિમિટેડે ૮૬૧.૯૦ કરોડના ખર્ચે નવા સંસદ ભવનના નિર્માણની માટેની બિડ જીતી લીધી હતી. જ્યારે એલએન્ડટી એ ૮૬૫ કરોડની બોલી લગાવી હતી. નરેન્દ્ર મોદી સરકાર નવી દિલ્હીમાં કેન્દ્રીય વિસ્ટાના પુનર્વિકાસની યોજનાના ભાગ રૂપે નવું સંસદ ભવન બનાવવામાં માંગે છે. રિપોર્ટ અનુસાર સંસદના ચોમાસા સત્રાના અંત પછી નવા બિલ્ડિંગ પર કામ શરૂ થવાની સંભાવના છે. મોદી સરકારની આ યોજના ૨૦,૦૦૦ કરોડ રૂપિયાની છે. ૨૦, માર્ચ, ૨૦૨૦એ કેન્દ્રની સંસદ, રાષ્ટ્રપતિ ભવન, ઈન્ડિયા ગેટ, નોર્થ બ્લોક અને સાઉથ બ્લોક જેવી સંરચનાઓ દ્વારા ચિન્હિત લુટિયન્સ દિલ્હીના કેન્દ્રમાં લગભગ ૮૬ એકર જમીનથી સંબંધિત ભૂમિ ઉપયોગમાં બદલાવને સૂચિત કર્યું.

# સૂત્રોચ્ચાર, ભાષણો, ગર્જના : જ્યારે ભારતીય ખેડૂતોના સમર્થનમાં હજારો લોકોની રેલી યોજાઈ ત્યારે લંડન થંભી ગયું

## તાજેતરમાં બ્રિટનના ૩૬ સાંસદોએ ભારતમાં કૃષિ કાનૂનના વિરોધમાં યુકેના વિદેશ સચિવને પત્ર લખ્યો હતો



(એજન્સી) લંડન, તા.૭

ભારતમાં કૃષિ કાયદા પરત ખેંચવાની માંગ કરી રહેલા ખેડૂતોના સમર્થનમાં બ્રિટનની રાજધાની લંડનમાં એક જંગી રેલી યોજાઈ હતી. જેમાં હજારોની સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. જેના પગલે લંડન જાણે થંભી ગયું હતું.

ખેડૂત આંદોલનને સમર્થન આપનારા પ્રદર્શનકારીઓએ લંડનમાં ભારતીય દૂતાવાસની સામે ખાલિસ્તાની ધ્વજ લહેરાવ્યો. આ દરમિયાન મોદી સરકાર વિરુદ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર પણ કરવામાં આવ્યા હતા. આ ઘટનાનો વિડીયો પણ સામે આવ્યો છે. જેમાં વિરોધીઓ ખાલિસ્તાની ધ્વજ ફરકાવતા જોવા મળી રહ્યા છે. તેમજ કેટલાક મોદી સરકારના હાય-હાયના નારા લગાવતા જોવા મળ્યા. ભારતમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનના પડઘા હવે બ્રિટન, કેનેડા અને અમેરિકામાં પણ જોવા મળી રહ્યા છે. મોટી સંખ્યામાં શીખ અને અન્ય સમુદાયોના લોકો ખેડૂતોના સમર્થનમાં ભારતીય દૂતાવાસો સામે દેખાવો કરી રહ્યા છે. આ કારણોસર, આ દેશોમાં ભારતીય મિશનોની સુરક્ષામાં પણ વધારો થયો છે. વિદેશ મંત્રાલયની વિનંતી પર રવિવારે લંડન પોલીસે ભારતીય દૂતાવાસની સુરક્ષા વધુ કડક કરી દીધી છે. અહીં સ્કોટલેન્ડ યાર્ડની એક વધારાની ટુકડી તૈનાત કરવામાં આવી છે. બે દિવસ પહેલા બ્રિટનના ૩૬ સાંસદોએ ભારતમાં કૃષિ કાનુનના વિરોધમાં યુકેના વિદેશ સચિવને પત્ર લખ્યો હતો. જેમાં પંજાબી મૂળના લેબર પાર્ટીના સાંસદો ઉપરાંત, પાકિસ્તાની અને બ્રિટીશ મૂળના ઘણા સાંસદો પણ શામેલ હતા. તેમણે બ્રિટિશ સરકારને ભારત સામે આ ત્રણ કૃષિ કાયદાઓ સામે વિરોધ નોંધાવવા માંગ કરી. જોકે, બ્રિટિશ સરકારના આ પત્ર અંગે હજી સુધી કોઈ સત્તાવાર પ્રતિસાદ મળ્યો નથી. સેંકડો શીખ અમેરિકનોએ ભારતીય ખેડૂતોના સમર્થનમાં અમેરિકાના ઘણા શહેરોમાં શાંતિપૂર્ણ રીતે વિરોધ રેલીઓ કાઢી. કેલિફોર્નિયાના વિવિધ ભાગોના પ્રદર્શનકારીઓના વિશાળ કાફલાએ સેન-ફ્રાન્સિસ્કોમાં ભારતીય કોન્સ્યુલેટ તરફ પ્રયાણ કરતાં શનિવારે 'બે બ્રિજ' પર ટ્રાફિકજામ કર્યો હતો. આ ઉપરાંત, સેંકડો વિરોધીઓ ઈન્ડિયાનાપોલિસમાં એકત્ર થયા હતા. એક દિવસ અગાઉ શીખ-અમેરિકન સમુદાયના લોકો શિકાગોમાં એકઠા થયા હતા અને વોશિંગ્ટન ડીસીમાં ભારતીય દૂતાવાસની સામે એક વિરોધ રેલી યોજવામાં આવી હતી.

## લંડનમાં ખાલિસ્તાની ઝંડા બતાવનાર ૧૩ની ધરપકડ

અહીં ભારતીય દૂતાવાસની બહાર ગઈ મોટા પાયે દેખાવો કરવામાં આવ્યા હતા અને એમાં ઘણા ખાલિસ્તાની ઝંડા પણ ફરકાવવામાં આવ્યા હતા. ભારતીય દૂતાવાસના અધિકારીઓએ એ વિશે બ્રિટનના વિદેશ અને ગૃહ મંત્રાલયોને ફરિયાદ કરી હતી અને તેને પગલે લંડન મેટ્રોપોલિટન પોલીસે ટોળાને વિખેરી નાખ્યા હતા અને ૧૩ જણની ધરપકડ પણ કરી છે. ટોળામાં એક જાણીતો ખાલિસ્તાની તત્ત્વ પરમજીત સિંહ પમ્મા પણ હતો, જે શીખ્સ ફોર જસ્ટિસ ગ્રુપનો છે. ભારતે આ ગ્રુપને ગયા વર્ષે ગેરકાયદેસર જાહેર કર્યું હતું. દેખાવકારોના ટોળામાં તે ઉપરાંત કુલદીપ સિંહ ચાહેરુ (ફેડરેશન ઓપ શીખ ઓર્ગેનાઈઝેશન) પણ જોવા મળ્યો હતો. આ ગ્રુપ બબ્બર ખાલસા સાથે સંકળાયેલું છે. લંડનની ભારતીય દૂતાવાસના અધિકારી વિશ્વેસ નેગીએ કહ્યું કે ભારતમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનના બહાને રવિવારે લંડનમાં ભારત-વિરોધી અલગતાવાદીઓએ દેખાવો કરવાની તક ઝડપી લીધી હતી. દેખાવો શરૂ કરાયા એ પહેલા જ લંડન મેટ્રોપોલિટન પોલીસે દેખાવકારોને ચેતવણી આપી હતી કે કોવિડ-૧૯ને લગતા નિયમોનું ઉલ્લંઘન થવું ન જોઈએ. માત્ર ૩૦ જણે જ એકઠા થવું. તે છતાં એનાથી ઘણી વધારે સંખ્યામાં લોકો એકત્ર થયા હતા. પોલીસે કોવિડ-૧૯ નિયમોના ઉલ્લંઘન બદલ ૧૩ જણની ધરપકડ કરી છે. ચાર જણ પાસેથી દંડની રકમ લઈને છોડી મૂકાયા હતા જયારે બાકીના ૯ જણને કસ્ટડીમાં પૂરી દેવામાં આવ્યા છે.

### કોવિડ કેર સેન્ટરમાં PPE કિટ પહેરીને લગ્ન કર્યા

# લગ્નના કલાકો પહેલાં વધૂ કોરોના પોઝિટીવ નીકળતાં PPE કિટ પહેરીને ફેરા લીધા

## યુવતી અને તેની માતાએ બે દિવસ પહેલાં તબીયત ખરાબ થતાં ગામમાં આવેલી કોરોના ટીમને સેમ્પલ આપ્યા હતા



બારાં,તા.૭

રાજસ્થાનના બારાંના કેલવાડામાં એક અનોખા લગ્ન જોવા મળ્યા, જ્યાં કોરોના પોઝિટિવ દુલ્હને પીપીઇ કિટ પહેરીને પોતાના દુલ્હા સાથે ૭ ફેરા લઈને જીવનની નવી ઈનિંગની શરૂઆત કરી છે. મૂળે, કેલવાડાના છતરગંજ ગામની રહેવાસી યુવતી અને તેની માતાને બે દિવસ પહેલા તબીયત ખરાબ થતાં ગામમાં આવેલી કોરોના તપાસ ટીમને સેમ્પ્લ આપ્યા હતા. પછી આખો પરિવાર સામાન્ય રીતે લગ્નની તૈયારીમાં લાગી ગયો. ફેરાના થોડા કલાક પહેલા દુલ્હન અને તેની માતાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો. ત્યારબાદ કેલવાડાના કોવિડ સેન્ટરમાં જ મંડપ સજાવવામાં આવ્યો અને લગ્નની વિધિ પૂરી કરવામાં આવી. આ વિવાહ પ્રશાસનિક અધિકારીઓની હાજરીમાં યોજવામાં આવ્યા. દુલ્હા-દુલ્હન, તેમના માતા-પિતા, પંડિતે પીપીઇ કિટ પહેરીને મંડપમાં લગ્ની વિધિ પૂરી કરાવી. વિધિવત મંત્રોચ્ચારની વચ્ચે દુલ્હા-દુલ્હને પીપીઇ કિટ પહેરીને એક બીજાના ગળામાં માળા પહેરાવી સાત ફેરા લીધા. મૂળે છતરગંજ નિવાસી યુવતીના લગ્ન દાંતા નિવાસી સરકારી અધ્યાપક સાથે નક્કી થયા હતા. રવિવારે યુવતીના ઘરવાળા ધર્મશાળા માટે રવાના થયા. સમારોહની તમામ તૈયારીઓ ધર્મશાળામાં કરવામાં આવી હતી, પરંતુ આ દરમિયાન બે દિવસ પહેલા ગામમાં જ કોરોના મહામારીની તપાસ માટે આપવામાં આવેલા સેમ્પલનો રિપોર્ટ આવી ગયો. જેમાં દુલ્હન તથા તેની માતા કોરોના પોઝિટિવ હોવાનું સામે આવ્યું. આ સાંભળતા જ પરિવાર અસમંજસમાં પડી ગયો. એવામાં પ્રશાસનિક અધિકારીઓએ દુલ્હી અને દુલ્હનના પરિજનોની માંગ પર કલેક્ટરથી દિશા-નિર્દેશન લેતા એસડીએમની આગેવાનીમાં એક કમિટીની રચના કરી અને કોરોના પ્રોટોકોલ હેઠળ કોવિડ કેર સેન્ટર પરિસરમાં જ મંડપ તૈયાર કર્યો અને અહીં પ્રશાસનિક અધિકારીઓની હાજરીમાં દુલ્હા-દુલ્હન પંડિત તથા યુવતીના માતા-પિતાને પીપીઈ કિટ પહેરાવીને પૂરી વિધિ સાથે લગ્ન કરાવવામાં આવ્યા. શક્ય છે કે દેશની આ પહેલા એવા લગ્ન છે જે કોવિડ કેર સેન્ટર પરિસરમાં દુલ્હા-દુલ્હન પીપીઈ કિટ પહેરીને સંપન્ન કરાવવામાં આવ્યા હોય.

### ખેડૂતનો પરિવાર નિરાધાર બન્યો

# સરકારી ભૂલના કારણે દેવામાં ડૂબેલા ખેડૂતે આત્મહત્યા કરી

## ખોટી એન્ટ્રીના કારણે ધનીરામના ૧૦૦ ક્વિન્ટલના ધાનના ટોકનના બદલે ૧૧ ક્વિન્ટલ ધાનનું જ ટોકન મળ્યું હતું



બસ્તર,તા.૭

છત્તીસગઢના આદિવાસી જિલ્લા બસ્તરમાં દેવામાં ડૂબેલા એક ખેડૂતે આત્મહત્યા કરી લીધી હોવાની ઘટના બની છે. બસ્તર સંભાગના કોંડાગાવ જિલ્લામાં બડેરાજુપર ના મારંગપુરી નિવાસી ૪૦ વર્ષીય ધનીરામે ખેતરના રકબા ઓછું હોવાના કારણે દુઃખી હતો. આ મામલે કાર્યવાહી કરતા કલેક્ટરે પટવારીને સસ્પેન્ડ કરી દીધા હતા. આ સાથે જ મામલતદારને કારણ બતાઓ નોટિસ પણ ઈસ્યૂ કરી હતી. મળતી માહિતી પ્રમાણે પટવારીએ ગિરદાવરી રિપોર્ટ ખોટી કાઢી હતી. જેના કારણે ખેડૂતની રકબા ઘટી ગઈ હતી. જેના પગલે ૧૦૦ ક્વિંટલ ધાન વેચવાની આશા લગાવીને બેઠેલા ખેડૂતને માત્ર ૧૧ ક્વિંટલની અનુમતી મળી હતી. આ અંગે હતાશ થતાં ખેડૂત ધનીરામે આત્મહત્યા કરી હતી. અને તેઓ દેવામાં દૂબેલા હતા. આ મામલે કાર્યવાહી કરતા કલેક્ટરે પટવારીને સસ્પેન્ડ કરી દીધા હતા. આ સાથે જ મામલતદારને કારણ બતાઓ નોટિસ પણ ઈસ્યૂ કરી હતી. જિલ્લાના કલેક્ટર પુષ્ણેદ્ર સિંહ મીણાએ જણાવ્યું કે, અનુવિભાગીય દંડાધિકારીની તપાસ દરમિયાન ગિરદાવરી રિપોર્ટમાં ખામી સામે આવી હતી. આના કારણે અનેક ખેડૂતોના રકબા શૂન્ય અથવા ઓછો થયો હતો. આવા દરેક ખેડૂતોની યાદી ત્રણની અંદર તૈયાર કરવાની સૂચના આપી છે. શુક્રવારે આવા ૨૪ પ્રકરણ સામે આવ્યા હતા. નવી યાદી રાજયપુર મોકલીને સોફ્ટવેરમાં અપડેટ કરવામાં આવશે. આ મામલે રાજસ્વ વિભાગની ટીમ મારંગપુરી પહોંચી અને ધનીરામના ખેતર અને ધનને ખરીદ કેન્દ્રના સોફ્ટવેરની તપાસ કરી હતી. તપાસમાં જાણવા મળ્યું કે ધનીરામે ૨.૭૧૩ હેક્ટર ભૂમિ ઉપર ધાન વાવ્યું હતું. પરંતુ પટવારીની ગિરદાવરી રિપોર્ટમાં ૦.૩૨૦ હેક્ટમાં ધાનની એન્ટ્રી હતી. જેના કારણે ખોટી એન્ટ્રીની ભૂલના કારણે ખેડૂતની રકબા ઓછી થઈ ગઈ હતી. ધનીરાના સંબંધી પ્રેમલાલ નેતામના જણાવ્યા પ્રમાણે ધનીરા પાસે ૬.૫૦ એકડની ભૂમિનો સ્વામિત્વ પટ્ટો હતો. જેમાં ૧૦૦ ક્વિટલ ધાન વેચવાની તૈયારીમાં હતો. જ્યારે ધનીરામે ટોકન કાપવા માટે લેમ્પમાં મને મોકલ્યો તો જાણવા મળ્યું કે માત્ર ૧૧ ક્વિટલ ધાન વેચી શકશે. આ વાત જાણીને તે ધનીરામ ખૂબ જ પરેશાન હતો.

# મધ્યપ્રદેશ : શાહીનબાગના દેખાવોને સમર્થન આપતી વૉટ્સએપ પોસ્ટ કરવા બદલ યુવકે ૫ મહિના જેલમાં વીતાવ્યાં

## આ મુસ્લિમ યુવકને શાહીનબાગના દેખાવોને સમર્થન આપવા બદલ ૫ મહિનાની જેલની સજા કરાઈ અને તેના પરિજનોએ તેને જામીન પર મુક્ત કરાવવા માટે ૧ લાખ રૂપિયાની લોન લેવી પડી



(એજન્સી) તા.૭

૨૫ વર્ષીય અનવર એક બાઈક મેકેનિક છે. તેના પરિવારમાં ૭ લોકો છે અને તે તેના પરિવાર માટે કમાણી કરનાર એકમાત્ર વ્યક્તિ છે. જોકે મધ્યપ્રદેશના શાહજાપુર જિલ્લાના રહેવાશી અનવરને શાહીનબાગના દેખાવોને સમર્થન આપવું પણ ભારે પડી ગયું. તેણે વૉટ્સએપ પર શાહીનબાગના દેખાવોને સમર્થન આપતી પોસ્ટ શેર કરી હતી અને તે ગુનો બની ગયો. તેના બદલ તેને પાંચ મહિનાની જેલની સજા ફટકારી દેવાઇ. ૨૬ નવેમ્બરે અનવરને જામીન મળ્યા હતા અને છેલ્લે ૧ ડિસેમ્બરે તેને મુક્ત કરાયો. અનવર કહે છે કે જયારે દેશભરમાં નાગરિકતા સુધારા કાયદા(સીએએ), એનઆરસી અને એનપીઆર વિરુદ્ધ દેખાવો ચાલી રહ્યા હતા ત્યારે દિલ્હીના શાહીનબાગમાં મહિલાઓ દ્વારા જે પ્રચંડ દેખાવો કરવામાં આવી રહ્યા હતા તેનાથી દેશભરની મહિલાઓને પ્રેરણા મળી હતી. તેણે કહ્યું કે મારી પાસે એક મેસેજ આવ્યો હતો કે તુમને દીલ મે એક ગોલી મારી, હમને એમપી મેં એક ઓર શાહજહાંપુર શાહીનબાગ બના દીયા. આ પોસ્ટ મેં ફક્ત શેર કરી હતી. આ મેસેજ મેં વોટ્સએપમાં સ્ટેટસ પર અપલોડ પણ કર્યો હતો. બે દિવસ પછી પોલીસે અનવર વિરુદ્ધ કરણી સેનાના દિલીપ સિંહની ફરિયાદ બાદ કેસ નોંધ્યો હતો. તેના પર ધાર્મિક લાગણી દુભાવવાનો આરોપ મૂકાયો હતો. તેનો મોબાઈલ પણ કબજે લઈ લેવાયો હતો. માહિતી અનુસાર અનવરના પરિવારે તેને મુક્ત કરાવવા માટે ૧ લાખ રૂપિયાની લોન લેવી પડી ગઈ હતી.

# 'કોવિડ-૧૯ પછી નોકરીમાં કાપ, પગારની ગોઠવણ અપેક્ષા જેટલી વ્યાપક નથી'

## રિપોર્ટ અનુસાર, ઘરેથી કામ કરવાથી ઘણી સમસ્યાઓ હલ થઈ છે



(એજન્સી) તા.૭

એક અભ્યાસ દ્વારા બહાર આવ્યું છે કે, કોવિડ-૧૯ રોગચાળા પછી કંપનીઓની આવક પર ગંભીર અસર હોવા છતાં, મૂળ નોકરીમાં કાપ અને પગારની ગોઠવણ એટલી વ્યાપક નહોતી. CII-ટેલેન્ટોનિક HR સોલ્યુશન્સના સંયુક્ત સંશોધન અહેવાલમાં 'રિઈમેજિનિંગ ઓર્ગેનાઈઝેશન ઓફ ન્યુ નોર્મલઃ રોલ ઓફ HR' પર ઘણી સમજ આપવામાં આવી છે. આમાં અવલોકન કરાયું છે કે કટોકટી સાથે કામ કરવા માટે શું પગલાં ભરવામાં આવ્યા છે તેની વાત આવે છે ત્યારે ૧૩માંથી કર્મચારીઓની સંખ્યાને ઘટાડવાને સાતમી અગ્રતા આપવામાં આવી છે. તદુપરાંત, પગાર ઘટાડવા અથવા મુલતવી રાખવા અથવા અન્ય ચુકવણીઓને ૧૩માંથી નવમી અગ્રતા આપવામાં આવી છે. અહેવાલમાં કહેવાયું છે કે, ''આવક અને રોકડ પર ભારે અસર હોવા છતાં, ખૂબ જ આશ્ચર્યજનક રીતે, કરુણા અને સમુદાયની પહોંચના પ્રદર્શનથી કર્મચારીઓમાં સ્વયંભૂ કટિબદ્ધતા અને વફાદારી ઉત્પન્ન થઈ છે, નોકરીમાં કાપ અને પગારની ગોઠવણોની જેટલી ધારવામાં આવી હતી એટલી વ્યાપક અસર થઈ નથી.'' અહેવાલમાં જણાવ્યા મુજબ, સંસ્કૃતિના ભાગ થવા વિશે કેટલીક ચિંતાઓ ઊભી થઈ હોવા છતાં ઘરેથી કામ કરવાથી ઘણી સમસ્યાઓ હલ થઈ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે સંગઠનનું નવનિર્માણ કરવું અને વધુ કાયમી ડિઝાઇનમાં ફેરફારો કરવા માટે નવી કુશળતાની જરૂર છે અને તે પ્રગતિમાં નિશ્ચિત કાર્ય છે. ઘણી સંસ્થાઓ કે જેની સાથે વાત કરવામાં આવી હતી તે વધુ કાયમી રીસેટ કરવાની રીત પર તૈયાર લાગતી હતી. ઓગસ્ટના અંત અને નવેમ્બરના મધ્યમાં કરાયેલા કેટલાક ક્ષેત્રોના સર્વેક્ષણમાં લગભગ ૨૫૦ જેટલી કંપનીઓએ ભાગ લીધો હતો.

ભરૂચ નગરપાલિકા દ્વારા

# નર્મદા નિગમના મીઠા પાણીના ૨૫.૮૬ કરોડ ન ભરતાં હોબાળો મચી ગયો

## આ બિલની રકમ ન ભરાય તો પીવાના પાણી માટે વલખાં મારવા પડે તેવી સ્થિતિ

ભરૂચ, તા.૭

ભરૂચ નગરપાલિકા દ્વારા ૨૦૧૬થી નર્મદા નિગમના મીઠા પાણીના ૨૫.૮૬ કરોડ ન ભરાતા હોબાળો મચી જવા પામ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર ભરૂચ નગરપાલિકા દ્વારા ૨૦૧૬ જૂનથી અત્યાર સુધીના નર્મદા નિગમ તરફથી અપાતા મીઠા પાણીના બાકી પડતા રૂપિયા ૨૫.૮૬ કરોડ ના ભરતા ભરૂચ નગરને પીવાના પાણી માટે વલખાં મારવા પડે તેવી સ્થિતિ ઉભી થવાની શક્યતા છે. ભરૂચના સામાજિક કાર્યકર બિપિન જગદીશવાળાએ આજરોજ એક પ્રેસ મિટ કરીને માહિતી આપતાં જણાવ્યું હતું કે ભરૂચ નગરપાલિકાના પ્રમુખ સુરભીબેન તમાકુવાળાને સંબોધીને તેમના વિદાય થવાના સમયે પૂછતાં ભરૂચ નગરપાલિકા અને સરકારી તંત્રમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. બિપિન જગદીશવાળાના કહેવા મુજબ ૨૦૧૬ જૂનથી અત્યાર સુધી ભરૂચ નગરપાલિકાના સત્તાધીશો દ્વારા રૂપિયા ૨૫.૮૬ કરોડ નર્મદા નિગમના મીઠા પાણી પેટે બાકી પડે છે તો તમે આ રૂપિયાનું શુ કર્યું ? અને પ્રજા પાસે એક કનેકશન દીઠ રૂપિયા ૯૦૦/- વાર્ષિક ઉઘરાવી ભરૂચ શહેર માં આશરે ૪૦,૦૦૦ ચાલીસ હજાર કનેકશનના રૂપિયાનું શું કર્યું ? તેવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે, હવે નવી ચૂંટણીઓ આવી રહી છે, ત્યારે સત્તા બીજા પક્ષના હાથમા જતી રહી અને ખેરનાર, જગદીશન, રાવ જેવા અધિકારીઓ આવેને રિકવરીના અભાવે નર્મદા નિગમનું પાણી આપવાનું બંધ કરે તો ભરૂચની સી દશા થાય અને આ બાબતે નર્મદા નિગમ પણ શું કરે છે ? તે પણ એક સવાલ પેદા થયો છે.

આજે ભારત બંધના એલાનને

# ભાવનગરના વિવિધ સંગઠનોએ ટેકો જાહેર કર્યો : કોંગ્રેસ સહિત વિપક્ષનું સમર્થન

ભાવનગર, તા.૭

કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતો માટેના ત્રણ કાયદા જાહેર કરાયા છે. આ કાયદા પાછા ખેંચવા દેશભરના ખેડૂતો આંદોલનના માર્ગે છે. આ કાયદો પાછો ખેંચવા માટે આંદોલન કરી રહ્યાં છે. જેના ભાગરૂપે આજે તા.૮ને મંગળવારે ભારત બંધનું એલાન આપવામાં આવ્યું છે. ભાવનગર શહેર અને જિલ્લાના વિવિધ સંગઠનોએ પણ ભારત બંધના એલાનને ટેકો જાહેર કર્યો છે.

મંગળવારે ગુજરાત સહિત ભારત બંધનું એલાન ગુજરાત કિસાન સભા, ગુજરાત ખેડૂત સંગઠન સહિત ૧૭ જેટલા ખેડૂત સંગઠનોએ એલાન આપ્યું છે. આ બંધના એલાનને ભાવનગર શહેર જિલ્લા કોંગ્રેસ, સી.પી.એમ., કિસાન સભા ભાવનગર જિલ્લા એકમ, જનવાદી મહિલા સમિતિ, ડી.વાય.એફ. સહિતના સંગઠનોએ ભાવનગર શહેર જિલ્લો બંધ રાખવા અપીલ કરી છે. ભાવનગર જિલ્લામાં બંધ પાળવા અને તમામ ખેડૂતોને કોઈપણ માલ-સમાન ભાવનગર માર્કેટિંગ યાર્ડમાં નહીં લાવવા માર્કેટિંગ યાર્ડમાં ખેત પેદાશોના ખરીદ વેચાણ ન કરવા પણ અપીલ કરવામાં આવી છે. ચેમ્બર ઓફ કોમર્સે નાગરિકોને એક દિવસની ખરીદી માટે ન નીકળવા ખાસ અપીલ કરવામાં આવી છે. આ રાષ્ટ્રવ્યાપી બંધના એલાનને ભાવનગરના સી.ટી., એચ.એમ.એસ., શ્રમજીવી સંગઠનો, ડેમોક્રેટિક યુથ ફેડરેશન, જનવાદી મહિલા સંગઠન, એસએફઆઈ ,સહિતના સંગઠનોએ સમર્થન આપ્યું છે. મહુવાના પૂર્વ ધારાસભ્ય ડો.કનુભાઈ કળસરિયાએ બંધના એલાનને સમર્થન આપ્યું છે અને ખેડૂતોના હિતનું રક્ષણ કરવું સૌની ફરજ છે. આ ઉપરાંત ભાવનગર જિલ્લા ખેડૂત એકતામંચ, ખેડૂત સમાજે પણ બંધના એલાનને જાહેર ટેકો આપી ભાવનગર જિલ્લા ખેડૂતો પશુપાલકો, ખેતમજૂરો સહિતના વિવિધ સંગઠનોને આજના બંધમાં જોડાવવા જાહેર અપીલ કરી છે. સાથોસાથ બંધ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ભાવનગર શહેર જિલ્લામાં પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત અને પેટ્રોલિંગ રખાશે તેમ પણ જાણવા મળી રહ્યું છે.

# સુરતમાં એમ્બ્રોઈડરી ડિઝાઈનરની હત્યામાં તપાસ શરૂ આડાસંબંધ-નાણાંની લેતીદેતીમાં કરાઈ હોવાની શંકા

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૭

સુરત જિલ્લાના અંત્રોલી ગામ નહેર પાસેથી એમ્બ્રોઈડરીના કારખાનામાં ડિઝાઈનીંગનું કામ કરતા ચલથાણના યુવકની ગળુ કાપી હત્યા કરવાના કેસમાં પોલીસ દ્વારા હાલ આડાસંબંધ અને પૈસાની લેતીદેતીમાં હત્યા કરવામાં આવી હોવાની દિશામાં તપાસ કેન્દ્રિત કરી છે અને શંકાને આધારે ત્રણેક લોકોને અટકમાં લઈ પુછપરછ હાથ ધરી છે.

પલસાણા તાસુકાના ચલથાણ લક્ષ્મીનગર સોસાયટીમાં રહેતા. રણજીત સુરેશ જાધવ (ઉ.વ.૩૦) સુરતમાં એમ્બ્રોઈડરીના કારખાનામાં છુટક ડિઝાઈનીંગનું કામ કરે છે. રણજીત ગત તા ૩જી ડિસેમ્બરના રોજ રાત્રે સાડા આઠેક વાગ્યે ટી.વી વાળાને ત્યાં જાઉ છું અને પાંચ દસ મીનીટમાં આવું છું કહીને મોપેટ લઈને નિકળ્યો હતો. જાકે ઘણો સમય થવા છતાંયે રણજીત ઘરે નહીં આવતા તેની પત્નીએ ફોન કરતા મોબાઈલ સ્વીચ ઓફ આવતો હતો જેથી પરિવારજનોએ તેની શોધખોળ શરૂ કરી હતી. પરંતુ કોઈ પત્તો મળ્યો ન હતો. દરમિયાન બીજા દિવસે સવારે તેની વાંકનેડાથી કરાડા તરફ જતા આંતરિક રસ્તા ઉપર અંત્રોલી ગામની નહેરની બાજુમાંથી હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. હત્યારાઓએ રણજીતને ગળા, છાતી અને હાથના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા મારી હત્યા કરી હતી. રણજીતનો મોબાઈલ પણ ગાયબ હતો. બનાવની જાણ થતા કડોદરા પીઆઈ એ.પી. બ્રહ્મભટ્ટ સ્થળ પર પહોંચી ગયા હતા અને રણજીતની લાશને પીએમ કરાવી હત્યાનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં રણજીતની હત્યા આડાસંબંધ અથવા તો પૈસાની લેતીદેતીમાં કરાઈ હોવાની આશંકા સાથે હાલમાં તે દિશામાં તપાસ કેન્દ્રિત કરી છે અને શંકાને આધારે બે ત્રણ જણાની પુછપરછ પણ હાથ ધરી છે.

ભારત બંધના એલાન સંદર્ભે

# સાબરકાંઠા જિલ્લામાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો

હિંમતનગર, તા.૭

પંજાબના ખેડૂતો દ્વારા ચલાવાઈ રહેલા ખેડૂત આંદોલનને સાથ આપવાના આશયથી મંગળવારે ભારત બંધનું એલાન આપવામાં આવ્યું છે. જે સંદર્ભે સાબરકાંઠા જિલ્લામાં સુલેહ શાંતિ તથા કાયદાનો ભંગ ન થાય તે આશયથી પોલીસ તંત્ર આખા જિલ્લામાં સ્ટેન્ડબાય રહેશે અને જિલ્લાની સરહદો તથા શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં બંદોબસ્ત ગોઠવી દેવામાં આવશે. જેના માટે પોલીસ તંત્ર દ્વારા કોન્સ્ટેબલ, પીઆઈ, પીએસઆઈ અને ડીવાયએસપી કક્ષાના અધિકારીઓ દિવસ દરમિયાન બાજ નજર રાખશે અને કાયદાને હાથમાં લેનાર સામે કાર્યવાહી પણ કરશે.

આ અંગે જિલ્લા પોલીસવડા ચૈતન્ય માંડલીકના જણાવાયા મુજબ મંગળવારે ખેડૂત આંદોલનના સમર્થનમાં અપાયેલા ભારત બંધ દરમિયાન સાબરકાંઠા જિલ્લામાં સુલેહ શાંતિ જળવાઈ રહે તે જરૂરી છે. ત્યારે જિલ્લાની સરહદો પર તથા ચેકપોસ્ટ સહિત શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસ બંદોબસ્ત રાખવા માટેનું સોમવારે આયોજન કરી દેવાયું હતું.

જે મુજબ બંધ દરમિયાન પાંચ ડીવાયએસપી, ૪૦ પીએસઆઈ, ૧૦ પીઆઈ, ૧૨૦૦થી વધુ કોન્સ્ટેબલો તથા હોમગાર્ડ જવાનોને ફરજ પર તહેનાત કરી દેવામાં આવશે. જો કે, બંધ દરમિયાન કોઈપણ નાગરિક કાયદો હાથમાં લેવાનો પ્રયાસ કરશે તો તેની સામે કાયદાકીય કાર્યવાહી પણ થઈ શકે છે.

# રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસકર્મીએ ફાંસો ખાધો

અમરેલી તા.૭

રાજુલા પોલીસ સ્ટેશનમાં ડ્રાયવર તરીકે ફરજ બજાવતા પોલીસ કર્મચારીએ લીલીયાના પીપળવા ગામે જઈ ઝાડ સાથે દોરી વડે ગળેફાસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચેલ છે.

મળતી વિગતો અનુસાર રાજુલા પોલીસ સ્ટેશનમાં ડ્રાયવર તરીકે ફરજ બજાવતા અને અમરેલી પોલીસ હેડ ક્વાર્ટરમાં રહેતા પોલીસ કર્મચારી ભરત જીવણભાઈ ચૌહણ (ઉ.વ.૩૨)એ ગત તા.૫ના રોજ પોતાના વતન વડિયાથી અમરેલી જવાનું કહી નીકળ્યા બાદ તેના મૂળ વતન લીલીયાના પીપળવા ગામેથી દરગાહના ગ્રાઉન્ડમાં આવેલ ઝાડ સાથે દોરી બાંધી ગળેફાસો ખાધેલ હાલતમાં લાશ મળી આવી હતી, સુત્રોમાંથી મળેલ માહિતી મુજબ પોલીસ કર્મચારી ભરત ચૌહણની પત્નીએ તેની ઉપર શારીરિક માનસિક દુઃખ ત્રાસનો કેસ કરેલ હોઈ તે બાબતે તેને સસ્પેન્ડ પણ કરવામાં આવેલ હતો બાદમાં ફરજ ઉપર લઈ લેવામાં આવ્યો હતો. દરમ્યાન તેણે કોઈ પણ બાબતે ગળેફાસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામેલ છે. આ અંગે લીલીયા પોલીસમાં મૃતકનાભાઈ વિજય જીવણભાઈ ચૌહણએ જાહેર કર્યું હતું.

### પાણપુર પાટિયા પાસે કાર-બાઈક વચ્ચે અકસ્માતમાં એકનું મોત

હિંમતનગર, તા.૭

રવિવારે સાંજના સુમારે વિજાપુર તરફથી પૂરઝડપે કાર નં.જીજે ૦૯ બીડી ૦૩૦૭ આવી રહી હતી ત્યારે તેના ચાલકે કારને બેદરકારીપૂર્વક હંકારીને આવી રહ્યો હતો ત્યારે સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ સામે અચાનક કારના ચાલકે ડિવાઈડરના કટમાં થઈ પોતાની કારને એકદમ વાળી લીધી હતી. જેથી પાણપુર પાટિયા તરફથી આવતા બાઈક નં.જીજે ૩૧ ઈ ૫૯૩૫ને જોરદાર ટક્કર મારી હતી. જેથી સાફનખાન અસ્પાકખાન પઠાણ (ઉ.વ.૨૨)ને ડાબા પગે અને શરીરે ગંભીર ઈજા થઈ હતી. તો બીજી તરફ બાઈકની પાછળ બેઠેલ સલમાનશા જીવાશા ફકીર (ઉ.વ.૨૧) જમીન પર પટકાતા માથામાં ગંભીર ઈજા થતા બંને ઈજાગ્રસ્તોને તરત જ સારવાર માટે હિંમતનગર સિવિલમાં ખસેડાયા હતા. જ્યાં સલમાનશા ફકીરનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું. જો કે, અકસ્માત સર્જીને કારનો ચાલક ભાગી ગયો હતો. જે અંગેની ફરિયાદ આજે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસે ગુનો નોંધી ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.

## અમરેલી : ભારત બંધના એલાનને અમરેલી તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા સમર્થન

અમરેલી, તા.૭

મોદી સરકાર દ્વારા સપ્ટેમ્બર-૨૦૨૦માં ખેડૂતો માટે ત્રણ કૃષિ અધ્યાદેશ બહુમતીના જોરે લોકસભા તથા રાજ્યસભામાં પસાર કરવામાં આવ્યા, જેના વિરોધમાં પંજાબ તથા હરિયાણાના ખેડૂતો દિલ્હીમાં ધામા નાંખીને મોદી સરકાર સામે આ કાળા કાયદાઓ પરત ખેંચવા માટે છેલ્લા ૧૧ દિવસથી આંદોલન કરી રહ્યા છે. કેન્દ્રની આ બહેરી અને મુંગી, આંધળી સરકાર દ્વારા આજદિન સુધી ખેડૂતોના હિત માટે કોઈ હકારાત્મક અભિગમ જોવા મળી રહ્યો નથી. જેથી કરીને ખેડૂત સંગઠનો દ્વારા તા.૮/૧૨/૨૦૨૦ના રોજ સમગ્ર ભારત દેશ બંધનું એલાન આપવામાં આવેલ છે. જેના સમર્થનમાં અમરેલી તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા અમરેલી તાલુકાના વેપારીઓ તથા લોકોને પોતાના ધંધા-રોજગાર બંધ રાખીને જગતનો તાત એવા અન્નદાતાને સમર્થન આપવા અમરેલી તાલુકા કોંગી પ્રમુખ ભંડેરીએ અપીલ કરી છે.

રાષ્ટ્રીય નેતા અહમદભાઈ પટેલને શ્રદ્ધાંજલિ પાઠવવા

# કોસંબાની સાર્વજનિક હાઈસ્કૂલમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો : ૧૦૫ ડોનરોએ ભાગ લીધો

કોસંબા, તા.૭

રાષ્ટ્રીય નેતા તથા સાંસદ મર્હૂમ અહમદભાઈ પટેલને શ્રદ્ધાંજલિ આપવા કોસંબા જનરલ હોસ્પિટલ, બાઈ મરિયમ ઈ.ઈ. દાવજી ટ્રસ્ટ દ્વારા એક બ્લડ ડોનેશન કેમ્પ કોસંબાની સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે તા.૬/૧૨/૨૦ના રવિવારે યોજાયો હતો, જેમાં લોખાત મુલ્લાની બ્લડ બેંકના સ્ટાફે ખડેપગે સરાહનીય સેવા આપી હતી. આ બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૦૫ જેટલા ડોનરોએ ભાગ લઈ લીધો હતો, જેમાં કોસંબા, કોસાડી, હથુરણ તેમજ આસપાસના ગામોના કોંગ્રેસના કાર્યકરોએ બ્લડ ડોનેટ કરી મર્હૂમ અહમદભાઈ પટેલને ખરા અર્થમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ કેમ્પમાં એક માત્ર મહિલા એવા સાર્વજનિક હાઈસ્કૂલના ચેરમેન યાશ્મિનબેન દાવજીએ પણ બ્લડ ડોનેટ કર્યું હતું. આ કેમ્પને સફળ બનાવવા યાશ્મિનબેન દાવજી, કોસંબા જનરલ હોસ્પિટલના ચેરમેન યુસુફભાઈ પટેલ સાવાવાલા, સ્કૂલના સેક્રેટરી ફૈજલભાઈ બાવા, સલીમભાઈ મમુજી, ગોરાભાઈ દીવા, ફિરોઝાબેન, નિલોફરબેન, ઐયુબ મોતાલા, ડૉ.અબ્બાસભાઈ, ડૉ.અનવરભાઈ, મોહમ્મદ અલી ભાઈ, શોએબભાઈ કોલી, સોહેલભાઈ કોસાડી સહિત કોસંબા તરસાલીના યુવકોએ જહેમત ઊઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કેમ્પમાં પ્રગતિ ગ્લાસ, એચડીએફસી બેંકે પણ સહયોગ આપ્યો હતો.



રાષ્ટ્રીય નેતા તથા સાંસદ મર્હૂમ અહમદભાઈ પટેલને શ્રદ્ધાંજલિ આપવા કોસંબા ખાતે કોસંબા જનરલ હોસ્પિટલ, બાઈ મરિયમ ઈ.ઈ. દાવજી ટ્રસ્ટ દ્વારા એક બ્લડ ડોનેશન કેમ્પ કોસંબાની સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે યોજાયો હતો. જેમાં સાર્વજનિક સ્કૂલના ચેરમેન યાશ્મિનબેન દાવજી, યુસુફભાઈ સાવાવાલા, ફૈઝલભાઈ બાવા તથા અન્ય નવયુવાનો જોડાયા હતા, જે તસવીરમાં નજરે પડે છે.
(તસવીર :- મુનીર શેખ, અંકલેશ્વર)

# શ્રેય હોસ્પિટલ અગ્નિકાંડ : જસ્ટિસ કે.એ.પૂંજની તબિયત નાદુરસ્ત થતાં હોસ્પિટલમાં દાખલ

અમદાવાદ, તા.૭

નવરંગપુરાની શ્રેય હોસ્પિટલમાં ઓગસ્ટમાં આગ લાગતા ૮ દર્દીઓ ભડથું થઈ ગયા હતા.શ્રેય હોસ્પિટલમાં આજે જસ્ટિસ પૂંજની અધ્યક્ષતાવાળી કમિટી સ્થળ તપાસ કરવાની હતી. જોકે જસ્ટિસ કે એ પૂંજની નાદુરસ્ત તબિયતના કારણે આજે સ્થળ મુલાકાત મુલત્વી રાખવામાં આવી હતી.

શ્રેય હોસ્પિટલમાં મધરાત્રિએ લાગેલી આગમાં જે ૮ લોકોએ જીવ ગુમાવ્યો તેઓ ખરા અર્થમાં કોરોના સામેના વોરિયર્સ હતા. તમામના જીવ હોસ્પિટલની બેદરકારીને લીધે ગયો હતો. આમ છતાં તેમના સ્વજનોને તો છેવટે મૃતદેહ પણ જોવા ન મળી શક્યો. ઓળખવામાં પણ તકલીફ પડે તે હદે ભડથું થઈ ગયેલા મૃતદેહોનું સિવિલમાં પોસ્ટ મોર્ટમ કરાયું ત્યારે ખબર પડી કે કાર્બન મોનોક્સાઈડ શ્વાસમાં જવાને લીધે આ તમામના મૃત્યુ થયા હતા.

# ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ, મહામંત્રી સહિતના મંત્રીઓ અને સભ્યો ચૂંટાયા

અમદાવાદ,તા.૭

ગુજરાતી સાહિત્ય પરિષદમાં તાજેતરમાં પ્રમુખ; સંસ્થા સભ્ય, સર્વધક સભ્ય અને મધ્યસ્થ સમિતિના ૪૦ સભ્યો માટેની ચૂંટણી યોજાઈ હતી. અને આજરોજ ઉપપ્રમુખ, મહામંત્રી, પ્રકાશન મંત્રી, પ્રસાર મંત્રી, ગ્રંથાલય મંત્રી, સ્વાધ્યાયપીઠ મંત્રી, કોષાધ્યક્ષ અને સામાન્ય સભ્યની ચૂંટણી યોજાઈ હતી. ગુજરાતી સાહિત્ય પરિષદમાં તાજેતરમાં પ્રમુખ, સંસ્થા સભ્ય, સર્વધક સભ્ય અને મધ્યસ્થ સમિતિના ૪૦ સભ્યો માટેની ચૂંટણી થોડાક સમય પહેલાં યોજાઈ હતી. જેમાં પ્રમુખ તરીકે પ્રકાશ ન. શાહ વિજયી થઈ ૫૧મા પ્રમુખ બન્યા હતા અને મધ્યસ્થ સમિતિની ચૂંટણીમાં માધવ રામાનુજ, જયદેવ શુકલ, પરિક્ષિત જોશી સહિતના ૪૦ સભ્યો ચૂંટાયા હતા. આજરોજ યોજાયેલ ચૂંટણીમાં ઉપપ્રમુખ તરીકે માધવ રામાનુજ તથા પ્રફુલ્લ રાવલ, મહામંત્રી તરીકે કિર્તિદા શાહ, પ્રકાશન મંત્રી તરીકે અજયસિંહ ચૌહાન, પ્રસારમંત્રી તરીકે ધ્વનિલ પારેખ, ગ્રંથાલયમંત્રી તરીકે મનિષ પાઠક, સ્વાધ્યાય મંત્રી તરીકે છાયા ત્રિવેદી, કોષાધ્યક્ષ તરીકે રાજેન્દ્ર ઉપાધ્યાય અને સામાન્ય સભ્ય તરીકે હેમંત દિવ્યકાંત નાણાવટી, પ્રજ્ઞેશ દવે, દર્શક આચાર્ય, દીપક મહેતા, અનિલા દલાલ, હેમાંગ રાવલ અને મનસુખ સલ્લા વિજયી બન્યા છે.

સુરતમાં પોતાની સર્વિસ રિવોલ્વરથી આપઘાત કરનાર

# મહિલા PSI જોશીના વતન ધારીમાં પિયરપક્ષ દ્વારા અંતિમ સંસ્કાર કરાયા

## સાસરિયા અને પિયરપક્ષ વચ્ચે ખટરાગ થતાં તેણીના પિતા મૃતદેહ ધારીમાં લઈ ગયા

(સંવાદદ દ્વારા) સુરત, તા.૭

ગત શનિવારે સુરતમાં સર્વિસ રિવોલ્વરથી મહિલા પીએસઆઈ અમિતા જોશીએ આપઘાત કરી લીધો હતો. જેના મોત બાદ સાસરિયા અને પિયરવાળા વચ્ચે ખટરાગ થયો હોવાનું સામે આવ્યું છે. ગતરોજ પોસ્ટમોર્ટમ બાદ પરિવારને અમિતાનો મૃતદેહ સોંપવામાં આવ્યો હતો. ત્યારબાદ ગાર્ડ ઓફ ઓનર સાથએ અંતિમ વિદાય પણ આપવામાં આવી હતી. જો કે, ત્યારબાદ અમિતાના પિતા સહિત પરિવારજનો અમિતાના મૃતદેહને લઈને વતન અમરેલી જિલ્લાના ધારી લઈને જતા રહ્યા હતા. અંતિમ સંસ્કાર સુરતમાં ન કરાયા હતા, જ્યારે આજે ધારીમાં અંતિમ સંસ્કારની વિધિ હાથ ધરાઇ હતી. પીએસઆઈ અમિતા પતિ, પુત્ર અને સાસુ સાથે ફાલસાવાડી પોલીસ ક્વાર્ટરમાં રહેતા હતા. વર્ષ ૨૦૧૩માં પરીક્ષા પાસ કર્યા બાદ કોન્સ્ટેબલમાંથી પીએસઆઈ બન્યા હતા. મૂળ અમરેલીના વતની અમિતા જોશીનું દોઢ વર્ષ પહેલાં સુરત કંટ્રોલમાં પોસ્ટિંગ થયું હતું. ત્યારબાદ ઉધના પોલીસ સ્ટેશનમાં પોસ્ટિંગ થયું ૩૩ વર્ષિય મહિલા પીએસઆઈ અમિતા જોશીએ પોતાની સર્વિસ રિવોલ્વરથી પેટના ભાગે ગોળી મારી આપઘાત કરી લીધો હતો. પોલીસને મળી આવેલી ડાયરીમાં પોતે જીવવું અઘરૂં છે. મારા મોત માટે કોઈ જવાબદાર નથી. એવું લખી જીવન ટુંકાવી લીધું હતું. ઘટના અંગે જાણ થતાં જ પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સહિ તનો પોલીસ કાફલો ફાલસાવાડી સ્થિત પીએસઆઈના ઘેર પહોંચી ગયો હતો અને એફએસએલની મદદથી તપાસ શરૂ કરી હતી. હાલ વધુ તપાસ ચાલી રહી છે.મહિલા પીએસઆઈ ઉધના પોલીસ મથકમાં છેલ્લા ચાર વર્ષથી ફરજ બજાવતા હતા. ઉધના પોલીસ મથકમાં પટેલ નગર પોલીસ ચોકીને ચાર્જ તેમની પાસે હતો. તેઓ નાઈટ ડ્યુટીમાં ઈન્વેસ્ટીગેશન ટીમમાં હોવાથી સવારે ફરજ પરથી ઘેર ફાલસાવાડી ખાતે તેમના ૧૦૩ નંબરના ફ્લેટમાં આવ્યા હતા. તેમના પતિ સચિન પોલીસ મથકમાં એમિટી ડ્રાઈવર તરીકે બજાવે છે. પીએસઆઈના સંતાનમાં પાંચ વર્ષનો એક દીકરો છે. મહિલા પીએસઆઈ આપઘાત કરતા પહેલાં છેલ્લે જાગીને અઠ્ઠાવીસ મિનિટે સોશિયલ મીડિયાનો ઉપયોગ કર્યો હતો અને બાદમાં આપઘાત કરી લીધો હતો. તેઓના આપઘાત બાદ રવિવારે તેઓને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. જેમાં પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહિત તમામ પોલીસકર્મીઓ હાજર રહ્યા હતા અને અશ્રભુની આંખે તેઓની વિદાય આપવામાં આવી હતી. જો કે, ત્યારબાદ અમિતાના પિતા સહિત પરિવારજનો અમિતાના મૃતદેહને લઈને વતન અમરેલી જિલ્લાના ધારી લઈને જતા રહ્યા હતા. અંતિમ સંસ્કાર સુરતમાં ન કરાયા હતા. જયારે ધારીમાં અંતિમ સંસ્કારની વિધી હાથ ધરાઇ હતી.

# ભુતિયા રોડના નામે બે લાખ ચાઉં કરનાર કિમનો સરપંચ ડોડિયા સસ્પેન્ડ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૭

સિમેન્ટ કોંક્રિટ રોડના બનાવટી દસ્તાવેજો ઊભા કરીને સરકારને બે લાખ રૂપિયાનો ચૂનો ચોપડનાર કિમના સરપંચને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો છે.

ઓલપાડ તાલુકાના કિમ ગામમાં છેલ્લા અઢી વર્ષથી સરપંચ તરીકે સેવારત કરસન ડોડિયાએ સી.સી.રોડ બનાવવાનું કોન્ટ્રાક્ટ આપીને કોન્ટ્રાક્ટરના ખાતામાં સત્તાવાર રીતે બે લાખ રૂપિયા જમા કરાવ્યા હતા. પરંતુ આ અંગે જિલ્લા પંચાયતમાં ફરિયાદ કરવામાં આવતા ડીડીઓ દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા હતા. આ સંદર્ભે સરપંચને નોટિસ પાઠવી ખુલાસો માંગવામાં આવ્યો હતો. પરંતુ કચેરીએ હાજર થવાની તારીખે બહાના કાઢીને સમય પસાર કરી રહેલા કરસનનો ભાંડો ફૂટી ગયો હતો, જેથી તમામ ખાત્રી અને ખરાઈ કર્યા બાદ તેને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો છે. આ કૌભાંડમાં તલાટી કમમંત્રી અલ્પેશ ડી.દેસાઈ, અધિક મદદનીશ ઈજનેર તેમજ કોન્ટ્રાક્ટરની પણ સંડોવણી બહાર આવતા તમામ સામે કાનૂની કાર્યવાહી કરવા માટેનો માર્ગ મોકળો થઈ ગયો છે.

## વાલિયાના ૪૦ જેટલા ગામોમાં ડીજીવીસીએલની વિજિલન્સના દરોડા ૨૪ મકાનોમાંથી ગેરરીતિ ઝડપાઈ

અંકલેશ્વર, તા.૭

વાલિયા તાલુકાના ૧૦ જેટલા ગામડાઓમાં વહેલી સવારે ડીજીવીસીએલની સુરત કોર્પોરેટ કચેરીની વિજિલન્સની ૨૧ ટીમે અચાનક ચેકિંગ કરતાં ૨૮ ઘરમાંથી ગેરરીતિ ઝડપાઈ હતી. જેઓના ૪ મીટર કાઢી તેમના મુખ્ય સર્વિસ વાયર કાપી લેવાયા હતા અને દંડની કાર્યવાહી કરવા વાલિયા સબ ડિવિઝનમાં આ મીટર જમા કરાવ્યા હતા. વાલિયા તાલુકાના ભમાડિયા જ્યોતિગ્રામ ફીડરના ૧૦ ગામોમાંથી ૫ અને કનેરાવ જેજીવાય ફીડરના ૯ ગામમાંથી ૫ મળી કુલ ૧૦ ગામ જેમાં વિઠ્ઠલગામ, ઉમરગામ, ભમાડીયા, હોલાકોતર, નિકોલી, કનેરાવ, કરસાડ, મેરા, કરા અને ભરાડીયા જ્યોતિગ્રામ ફીડરમાં માઈક્રો પ્લાનિંગ કરી પોલીસ બંદોબસ્ત સાથે વીજ દરોડા પાડવામાં આવ્યાં હતાં. કુલ ૬૧૯ વીજ કનેકશનનું ચેકીંગ કરાયું હતું. તેમાંથી ૨૮ ઘરવપરાશમાં ગેરરીતિ ઝડપાઈ હતી. આ ૨૮ વિજગ્રાહકોને વિજચોરીનો ૩ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે

# કેન્દ્રના કૃષિ કાયદાના વિરોધમાં આજે ભારત બંધને ગુજરાતના અનેક સંગઠનોનો ટેકો

## બીજી તરફ ભાજપ સમર્થિત સંગઠન દ્વારા બંધમાં નહીં જોડાવવાનો નિર્ણય ● સરકારે પણ બંધને નિષ્ફળ બનાવવા કમર કસી હોવાથી ઘર્ષણના એંધાણ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૭

કેન્દ્ર સરકારના કૃષિ કાયદાને લઈને ખેડૂતોનું આંદોલન દિવસેને દિવસે આક્રમક બની રહ્યું છે. આવતીકાલે ખેડૂતોએ ભારત બંધનું એલાન આપ્યું છે આજે ખેડૂતોના સમર્થનમાં ઠેર-ઠેર ધરણા યોજવામાં આવ્યા હતા. ગુજરાતમાંથી પણ કેટલાક સંગઠનો આ બંધમાં જોડાવાના છે. ગુજરાતના વિવિધ ૧૭ જેટલા સંગઠનોએ બંધના એલાનને ટેકો જાહેર કર્યો છે તો રાજયના ઘણા સંગઠનોએ બંધમાં નહીં જોડાવાનો નિર્ણય કર્યો છે. તો બીજી તરફ સરકારે પણ બંધના એલાનને નિષ્ફળ બનાવવા કમર કસી હોવાથી ઘર્ષણ થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.



ફોટો સ્રોત (ઈન્ટરનેટ)

પ્રાપ્ત થયેલી જાણકારી પ્રમાણે રાજયના વિવિધ ખેડૂત અગ્રણીઓની આજે થલતેજ ખાતે એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજયના ૧૭ જેટલા ખેડૂત સંગઠનોએ હાજર રહીને ખેડૂત સંઘર્ષ સમિતિની રચના કરીને આવતીકાલે એટલે કે ૮ તારીખના ભારતના બંધના એલાનને સમર્થન અંગેની રૂપરેખા નક્કી કરી હતી. આ બેઠકમાં ભારતીય ખેડૂત સંગઠન, કિસાન કાંતિ સંગઠન, ગુજરાત કિસાન કોંગ્રેસ, અન્નદાતા હિત રક્ષક સમિતિ, ધરતીપુત્ર ટ્રસ્ટ અને ખેડૂત મદદરૂપ સંગઠન, કિસાન એકતા સમિતિ, લોકશાસન ખેડૂત સંગઠન, વડોદરા જિલ્લા ખેડૂત મજૂર સમાજ સહિતના કુલ ૧૭ સંગઠનોએ હાજરી આપી બંધમાં ન જોડાવવાનું નક્કી કર્યું હતું. ઉપરાંત વિવિધ જિલ્લામાં ખેડૂત અગ્રણીઓ બંધની સફળતા માટે પ્રયાસ કરશે. અખિલ ભારતીય કોળી સમાજ ખેડૂત આંદોલનનાં સમર્થનમાં આવ્યું છે અને ખેડૂતોના ભારત બંધને સહયોગ આપવા વિનંતી કરી છે. સુરતના ચંદ્રવદન પીઠાવાલા અખિલ ભારતીય કોળી સમાજના પ્રમુખે જણાવ્યું હતું કે, ખેડૂતોની માંગણી યોગ્ય હોવાથી સમર્થન કરી રહ્યા છીએ. ભારત બંધના એલાનને સુરતના ટેક્સટાઈલ લેબર યુનિયન અને ટેમ્પો એસોસિએશને સમર્થન આપ્યું છે.

ખેડૂતોના સમર્થનમાં સૌરાષ્ટ્રના મોટાભાગના માર્કેટ યાર્ડ આવતીકાલે બંધ રાખીને સહકાર આપશે. ઉલ્લેખનીય છે કે, રાજકોટ અને ગોંડલ સહિત જૂનાગઢ, જામનગર, મોરબી, અમરેલી, વાંકાનેર, હળવદ, જેતપુર, ઉપલેટા, જસદણ, જામજોધપુર, ખંભાળિયા, કાલાવડ, ધ્રોલ, વિસાવદર, મેંદરડા સહિત મોટા ભાગના યાર્ડ બંધનો નિર્ણય આવી ગયેલ છે. આ અંગેની માહિતી સૌરાષ્ટ્ર એપીએમસી વેપારી એસોસિએશનના પ્રમુખ અતુલભાઈ કમાણીએ આપી હતી. મહેસાણા જિલ્લાનું એક માત્ર બહુચરાજી માર્કેટયાર્ડ આવતીકાલે બંધ રહેશે, જો કે, જિલ્લાના અન્ય માર્કેટ યાર્ડ ખુલ્લા રાખવાની કરાઈ છે. ખેડૂતોના ભારત બંધને સફળ બનાવવા પરેશ ધાનાણીએ ટ્વીટ કરીને અપીલ કરી હતી. ધાનાણીએ ખેડૂત સંગઠનોએ કાળા કાયદાઓ પરત ખેંચવા આપેલ ભારત બંધને સ્વૈચ્છીક સર્મથન આપવા વિનંતી કરી લખ્યું કે, સરકાર અંધ, ભારત બંધ દરમિયાન કોંગ્રેસ ખેડૂતોના આંદોલનને ટેકો જાહેર કર્યો છે આજરોજ ધારાસભ્યોની મિટિંગમાં પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ આવતીકાલે તમામ APMC બંધ પાળે તેવા પ્રયાસ કરશે. આ અંગે દરેક ધારાસભ્યને પોતાના વિસ્તારનું APMC બંધ કરાવવા સૂચના આપવામાં આવી છે અને ખેડૂતો અને વેપારીઓને સમજાવીને કોઈપણ પ્રકારના ઘર્ષણમાં પડ્યા વગર બંધના અમલ માટે કોંગ્રેસ પ્રયાસ કરશે.

### ભાજપ સરકારના સમર્થનમાં કોણ કોણ બંધમાં નહીં જોડાય ?

અમદાવાદ શહેર જિલ્લા ખાતે આવેલા જમાલપુર, વાસણા, સાણંદ, બાવળા, જેતલપુર અને ધોળકા સહિતના તમામ APMCએ બંધને સમર્થન જાહેર કર્યું નથી. તો તમામ APMC બહાર ભાજપનાં કાયદાના સમર્થનના બેનરો પણ લગાડવામાં આવ્યા છે. આ બેનરોમાં એક તરફ જુઠાણું અને બીજી તરફ હકીકતના લખાણ અને વડાપ્રધાનના ફોટો વાળા બોર્ડ લગાવવામાં આવ્યા છે. દિલ્હીના ખેડૂત આંદોલનને ભારતીય કિસાન સંઘે ટેકો આપવાનો ઈન્કાર કર્યો હતો. તો આંદોલનનાં નામે રાજકારણ રમાતુ હોવાનો સણસણતો આરોપ પણ લગાવવામાં આવ્યો છે. ટ્રાન્સપોર્ટ એસોસિએશને ભારત બંધને સમર્થન આપ્યું નહીં હોવાથી ટ્રાન્સપોર્ટ આવતી કાલે રાબેતા મુજબ ચાલુ રહેશે. રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ આવતીકાલના બંધમાં જોડાવાના નથી અને આવતીકાલે વેપારીઓ પોતાની દુકાન ખુલ્લી રાખશે તેવી ચેમ્બર દ્વારા અપીલ કરવામાં આવી છે. ગુજરાત ભાજપ કિસાન મોરચો કિસાન બિલનો હકારાત્મક પ્રચાર કરશે અને બંધમાં નહીં જોડાય. ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ અને સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણિયાની હાજરીમાં ભાજપ કિસાન મોરચાની આજે ખાસ વર્ચ્યુઅલ બેઠક યોજાઈ હતી જેમાં આવતીકાલના બંધને લઈને ચર્ચા કરવામાં આવી હતી.

### ભારત બંધના એલાન સંદર્ભે મુખ્યમંત્રી રૂપાણીના કોંગ્રેસ સામે આકરા પ્રહારો

# ખેડૂતો કોંગ્રેસ સાથે નથી, આજે ગુજરાત બંધ નહીં થાય, કાયદો તોડનાર સામે કડક પગલાં

### ગુજરાતમાં ખેડૂતોનો બંધને કોઈ ટેકો નથી, કોંગ્રેસ ખેડૂતોને ભડકાવે છે : રૂપાણી

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૭

આવતીકાલે ભારત બંધના અપાયેલ એલાન સંદર્ભે આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કોંગ્રેસ પર પ્રહારો કરતા જણાવ્યું હતું કે, ખેડૂતો કોંગ્રેસ સાથે નથી, કાલે ગુજરાત બંધ થશે નહીં. કોંગ્રેસ દર વખતે પોતાના રંગ અને વલણ બદલતી રહે છે. ગુજરાતમાં ખેડૂતોનો બંધને કોઈ ટેકો કે સમર્થન નથી. ત્યારે રાજયમાં બળજબરી કે ધાકધમકીથી બંધ કરાવનારા તત્ત્વો સામે કડકાઈથી કામ લેવાશે તેવી ચીમકી પણ મુખ્યમંત્રીએ ઉચ્ચારી છે. મુખ્યમંત્રી રૂપાણીએ આવતીકાલે આપવામાં આવેલા ભારત બંધના એલાનને કોંગ્રેસ અને રાજકીય પક્ષો દ્વારા ખેડૂતોના નામે પોતાના રાજકીય રોટલા શેકવાનું ષડયંત્ર ગણાવ્યું છે. મુખ્યમંત્રીએ કોંગ્રેસ પાર્ટી અને વિપક્ષો મોદી સરકાર વિરૂદ્ધ પોતાનું રાજકીય અસ્તિત્વ ટકાવી રાખવા આ આંદોલનમાં ખેડૂતોના નામે કૂદી પડી છે તેવો સ્પષ્ટ મત વ્યકત કર્યો છે. તેમણે જણાવ્યું કે, કોંગ્રેસ દર વખતે પોતાના વલણ અને રંગ બદલતી રહે છે જે કોંગ્રેસે ૨૦૧૯માં પોતાના ચૂંટણી ઢંઢેરામાં કહેલું કે કોંગ્રેસ સત્તામાં આવશે તો APMC એકટ નાબૂદ કરશે. અને તમામ બંધનો હટાવી લેશે. આજે જ્યારે મોદી સરકારે ખેડૂતોના હિતમાં આ પગલું લીધું ત્યારે એ જ કોંગ્રેસ ખેડૂતોના નામે મોદી સરકાર વિરૂદ્ધ આંદોલન કરવા નીકળી પડી છે, એ જ બતાવે છે કે તેમના હૈયે ખેડૂતોનું હિત નહિ પોતાનો રાજકીય એજન્ડા જ રહેલો છે. તેમણે જણાવ્યું કે, જ્યારે ખેડૂત નેતાઓએ પણ સ્પષ્ટતા કરી છે કે અમારા આંદોલનમાં કોઈ રાજકીય પાર્ટીને જોડીશું નહિ, ત્યારે કોંગ્રેસ સહિતના વિપક્ષો સામે ચાલીને આ બંધના સમર્થનમાં વણ નોતર્યા કૂદી પડયા છે. ખેડૂતોના નામે મગરના આંસુ સારનારા કોંગ્રેસીઓ અને વિપક્ષોને જવાબ આપતાં કહ્યું કે, કોંગ્રેસનું તો અસ્તિત્વ જ ખતમ થઈ ગયું છે. લોકસભા-વિધાનસભા ચૂનાવથી માંડીને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં કોંગ્રેસ નામશેષ થઈ ગઈ છે. મુખ્યમંત્રીએ કોંગ્રેસ અને વિપક્ષોના દાંત દેખાવડવાના અને ચાવવાના જુદા જુદા છે તેવા બેવડા વલણની આલોચના કરતાં સ્પષ્ટપણે કહ્યું કે મનમોહનસિંહજીની સરકારમાં સામેલ NCP સહિતના બધા પક્ષો APMC એકટ હટાવવાનું સમર્થન કરતા હતા ને હવે મોદી સરકારનો વિરોધ કરવાનું રાજકીય તરકટ કિસાનોના નામે ચલાવે છે. મુખ્યમંત્રીએ ગુજરાતમાં આ ખેડૂત આંદોલનને કોઈ ખેડૂતોનો ટેકો મળ્યો નથી તેમ સ્પષ્ટ જણાવતાં ઉમેર્યું કે, ગુજરાતમાં આવતીકાલે આંદોલન કે બંધના નામે બળજબરીથી બંધ કરાવનારા અને કાયદો વ્યવસ્થાની સ્થિતી ડહોળવા માંગતા તત્વો સામે કડક પગલાંથી કામ લેવાશે. તેમણે કહ્યું કે, રાજ્યમાં બંધને સફળતા મળશે નહિ અને જે APMC પોલીસ બંદોબસ્તની માંગ કરશે તેને પૂરતો બંદોબસ્ત પણ સરકાર આપશે.

### નવા કેસોમાં સામાન્ય ઘટાડો પણ મોતનો આંકડો ચિંતાજનક

# રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૩૮૦ કોરોનાના નવા કેસ સાથે ૧૪ દર્દીઓ મોતને ભેટયા

### અમદાવાદમાં ૯, સુરતમાં ૩, અમરેલીમાં ૧ અને રાજકોટમાં ૧ દર્દીને કોરોના ભરખી ગયો ● રાજ્યમાં ૧૪૪૯૩ એક્ટિવ કેસ પૈકી ૮૧ દર્દી વેન્ટીલેટર ઉપર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૭

રાજ્યમાં કાળમુખો કોરોના તેનું રૌદ્ર સ્વરૂપ બતાવી રહ્યો છે. જેના લીધે વધુ ૧૪ જિંદગીઓ કોરોના સામેની લડાઈ હારી ગઈ છે. જયારે છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૮૦ કોરોનાના નવા કેસ નોંધાયા છે. તેમજ વધુ ૧૫૬૮ દર્દીઓ સાજા થયા છે. જો કે દિવાળી બાદ કોરોનાના કેસોમાં અચાનક ઉછાળો આવ્યો હતો. જેમાં રોજ સરેરાશ ૧૫૦૦થી વધુ કેસ નોંધાતા હતા. ત્યારે હવે નવા કેસનો આંકડો ૧૫૦૦ની નીચે આવતા થોડે ઘણે અંશે રાહત મળી છે. પરંતુ હજુ કાળમુખા કોરોનાનો ખતરો ટળ્યો નથી. વિગતવાર વાત કરીએ તો ગુજરાતમાં કોરોના કેસ સતત વધી રહ્યા છે. એટલે અમદાવાદ સહિતનાં ચાર શહેરોમાં નાઈટ કરફ્યૂ યથાવત રાખવામાં આવ્યા છે. છતાં રાજ્યમાં કોરોનાનાં કેસોમાં ધરખમ વધારો જોવા મળી રહ્યો છે. ગત કેટલાક દિવસથી રાજ્યમાં સતત ૧૫૦૦થી વધુ કોરોના કેસ નોંધાઈ રહ્યા હતા. તેમા આજે ઘટાડો થયો છે અને ૧૪૦૦થી પણ ઓછા કેસ નોંધાયા છે.

ગુજરાત માં કોરોના મહામારીની સ્થિતિ ચિંતાજનક સ્તરે પહોંચી ગઈ છે. કોરોના વાયરસ ના દૈનિક નોંધાતા કેસની સંખ્યામાં ગત કેટલાક દિવસોની સરખામણીએ આજે થોડો ઘટાડો નોંધાયો છે. આજે કોરોનાનાં ચેપના ફેલાવાના ગ્રાફમાં ૧૩૮૦ પોઝિટિવ કેસ આવ્યા છે ગુજરાતમાં કોવિડ-૧૯ના કુલ કેસોની સંખ્યા વધીને ૨,૨૦,૧૬૮એ પહોંચી છે. જ્યારે રાજ્યમાં વધુ ૧૪ દર્દીઓએ દમ તોડતા ગુજરાતમાં કૂલ મૃત્યુઆંક વધીને ૪૦૯૫એ પહોંચ્યો છે. જ્યારે ૧૫૬૮ લોકોએ છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને મ્હાત આપી છે. જોકે ગુજરાતમાં સાજા થવાનો દર ધીરે ધીરે ઘટી રહ્યો છે અને ૯૧.૫૬ ટકાએ પહોંચ્યો છે. ત્યાં જ આજે રાજ્યમાં ૬૮,૮૬૮ ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

કોરોનાનાના ચેપના ફેલાવાના ગ્રાફમાં અમદાવાદ કોર્પોરેશન ૨૮૯, સુરત કોર્પોરેશન ૧૯૧, વડોદરા કોર્પોરેશન ૧૩૫, રાજકોટ કોર્પોરેશન ૮૯, પાટણ ૫૮, મહેસાણા ૫૪, ગાંધીનગર ૪૪, વડોદરા ૪૨, બનાસકાંઠા ૩૯, રાજકોટ ૩૯, સુરત ૩૧, જામનગર કોર્પોરેશન ૩૦, સુરેન્દ્રનગર ૨૯, ગાંધીનગર કોર્પોરેશન ૨૭, કચ્છ ૨૬, મોરબી ૨૨, ભાવનગર કોર્પોરેશન ૨૧, ખેડા ૨૦, સાબરકાંઠા ૧૯, પંચમહાલ ૧૮, અમદાવાદ ૧૭, અમરેલી ૧૪, ભરૂચ ૧૨, ભાવનગર ૧૧, જુનાગઢ કોર્પોરેશન ૧૧, નર્મદા ૧૧, ગીર સોમનાથ ૧૦, દાહોદ ૯, મહીસાગર ૯, આણંદ ૮, જુનાગઢ ૮, અરવલ્લી ૭, જામનગર ૭, છોટા ઉદેપુર ૫, ડાંગ ૫, દેવભૂમિ દ્વારકા ૪, પોરબાંદર ૪, નવસારી ૨, બોટાદ ૧, તાપી ૧, વલસાડ ૧ કેસ સામે આવ્યા છે.

કોરોનાની વૈશ્વિક મહામારી દરમિયાન દિવાળી પછી રાજ્યમાં કોરોનાને કારણે મૃત્યુ વધ્યા છે. આરોગ્ય વિભાગે છેલ્લા ૨૪ કલાકમાં સારવાર હેઠળના ૧૪ દર્દીઓના મોત થયાનું સ્વિકાર્યુ છે. જેમા સૌથી વધુ અમદાવાદ કોર્પોરેશનમાં ૯ લોકોને કોરોના ભરખી ગયો છે ત્યાં જ સુરત કોર્પોરેશન ૩, અમરેલી ૧, રાજકોટ કોર્પોરેશન ૧ વ્યક્તિએ દમ તોડયો હતો. ગુજરાતમાં કૂલ મૃત્યુઆંક વધીને ૪૦૯૫એ પહોંચ્યો છે.

ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૨,૦૧,૫૮૦ નાગરીકો સાજા થઈ ગયા છે.લ્ જ્યારે આજે છેલ્લી સ્થિતિ મુજબ ૧૪,૪૯૩ સારવાર હેઠળના દર્દીઓ પૈકી ૮૧ વેન્ટિલેટર ઉપર રાખવામાં આવ્યા છે અને ૧૪,૪૧૨ સ્ટેબલ છે.

### રાજ્યના DGP આશિષ ભાટિયાનો નિર્ણય

# ખેડૂતોના બંધના એલાનને પગલે ગુજરાતમાં આજે ૧૪૪ કલમ લાગુ

### બંધના પગલે પોલીસને સ્ટેન્ડ બાય રખાઈ, બળજબરીપૂર્વક બંધ કરાવનારા સામે પગલાં ભરાશે

અમદાવાદ, તા.૭

દિલ્હીમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનને પગલે ખેડૂત સંગઠનોએ મંગળવારે ભારત બંધનું એલાન આપ્યું છે. તેને લઈને ગુજરાત સરકારે બંધના એલાનને નકારીને ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો છે. રાજ્યના ડીજીપીએ બંધના એલાનને લઈને મંગળવારે સમગ્ર ગુજરાતમાં ૧૪૪ની કલમ લાગુ કરી દીધી છે. ઉપરાંત જબરજસ્તી બંધ કરાવનારા સામે કાર્યવાહી



ત્રણ દરવાજા વિસ્તારમાં કરફ્યુની તસવીર

### રાજ્યના અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં રાત્રિ કરફ્યુ યથાવત્ : DGP

કરાશે. તદ્ઉપરાંત કોરોનાથી વકરતી જતી સ્થિતિને પગલે ચાર મહાનગરોમાં રાત્રિ કરફ્યુ લાગુ કરાયો હતો. તેની મુદ્દત નવો નિર્ણય ન થાય ત્યાં સુધી લંબાવી દેવાઈ છે. એટલે ચારેય મહાનગરોમાં રાત્રિ કરફ્યુ યથાવત્ રહેશે. ત્યારે હવે ભારત બંધને લઈને ગુજરાતના ડીજીપી આશિષ ભાટિયાએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. ડીજીપીએ કહ્યું કે, આવતીકાલે ગુજરાતભરમાં ૧૪૪ લાગુ રહેશે. ભંગ કરશે તો કાર્યવાહી કરવામાં આવશે. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે જણાવ્યું હતું કે, ભારત બંધ દરમિયાન ગુજરાત બંધ નહીં રહે. ત્યારે હવે આ મામલે ગુજરાતના GDP આશિષ ભાટિયાએ પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યું કે, કાલે ગુજરાત પોલીસે પુરતો બંદોબસ્ત ગોઠવ્યો છે. અનિશ્ચિનિય બનાવ ન બને તે માટે તકેદારી રાખવામાં આવી રહી છે. જિલ્લા બોર્ડર પર ચેકપોસ્ટ ઉભી કરાઈ છે. જિલ્લા SP અને કમિશનર સુચના આપવામા આવી છે. સિનિયર અધિકારી પેટ્રોલિંગ કરશે. વધારાના બંદોબસ્ત ગોઠવણ કરવામાં આવી છે. પોલીસને સ્ટેન્ડબાય રહેવાના આદેશ આપી દેવાયા છે. દરેક વિસ્તારમાં તકેદારી રાખવામા આવી રહી છે. સંવેદનશીલ વિસ્તાર પર ચાપતી નજર રહેશે. ખુલ્લી APMCમાં પણ બંદોબસ્ત આપવામાં આવશે. વધુમાં તેમણે કહ્યું કે, હાઈવે બ્લોક કરનારા, ૧૪૪ ભંગ કરનારા, રાસ્તા પર અવરોધ ઉભા કરનારા, બળજબરી પૂર્વક દુકાન બંધ કરાવનારા, સોશિયલ મીડિયા પર ગેરરીતિ કરનારા અને હિંસક વીડિયો અપલોડ કરનારા વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ૪થી વધારે લોકોએ ભેગા ન થવું. સામાજિક અંદરનું પાલન કરવું ફરજિયાત છે. તમામ જનાતને ભેગા ન થવાનું સૂચન કરવામાં આવ્યું છે. DGPએ જણાવ્યું કે, સંવેદનશીલ વિસ્તારોમાં વિશેષ પેટ્રોલીંગ કરવામાં આવશે. PCR વાન સ્થળ પર જઈ કાર્યવાહી કરશે. IPC, બોમ્બે પોલીસ એક્ટ, એપીડેમિક એક્ટ, ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ અંતર્ગત પણ કાર્યવાહી કરવામાં આવશે. અસામાજિક તત્વોની રાતથી જ ધરપકડ કરવામાં આવશે. વધુમાં ડીજીપીએ જણાવ્યું હતું કે, અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરામાં નવી સૂચના ન થાય ત્યાં સુધી રાત્રિ કરફ્યુ યથાવત્ રહેશે.


ખિરાજે અકીદત



મર્હૂમ જનાબ સાદિક નૂર

અહેમદઆબાદ સુન્ની મુસ્લિમ વક્ફ કમિટી, અહેમદઆબાદના સલાહકાર સમિતિના સભ્ય અને હરદિલ અઝીઝ જનાબ સાદિક નૂર સાહબ તારીખ ૦૩-૧૨-૨૦૨૦ના રોજ ફાની દુનિયાથી કુચ કરી ઈન્તેકાલ ફરમાવી ગયા. વક્ફ કમિટી પરિવાર શોકની લાગણી અનુભવે છે. આ સંસ્થા સાથે તેઓ હૃદયપૂર્વક સંકળાયેલા રહ્યા. મર્હૂમની યાદ તેમણે કરેલ ઉમદા કાર્યોથી તાજી રહેશે. મર્હૂમ અખ્લાકે રસુલના ફરમાબરદાર, દિનદાર, નિખાલસ સ્વભાવ વાળ, મિલનસાર, રચનાત્મક અભિગમ ધરાવતા, સમાજ ઉપયોગી કાર્યો માટે તેમજ મિલ્લતના ઉત્કર્ષમાં તત્પર રહેનાર હતા.રબ્બુલ આલમીન તેના હબીબ (સ. અ. વ.) ના સદકામાં ખિદમતે ખલ્કના કામોનો ઉમદા બદલો આપે અને તેઓની મગફેરત ફરમાવી જન્નતુલ ફિરદોસમાં આલા મકામ અતા કરે. અને શોકમાં ડૂબેલા તેમના પરિવારના દરેક સદસ્યને અલ્લાહ સબ્રે જમીલ અતા કરે. આમીન.

અહેમદઆબાદ સુન્ની મુસ્લિમ વક્ફ કમિટી પરિવાર.

સર્વોદય કોમર્શીયલ સેન્ટરની સામે, જી. પી. ઓ. પાસે, સલાપસ રોડ, અહેમદઆબાદ-૩૮૦૦૦૧


### NGT સમક્ષની સુનાવણીમાં મૃતકોના વારસદારોએ કરી રજૂઆત

# પીરાણા અગ્નિકાંડના મૃતકો માટે રૂા.૧૫ લાખ ચૂકવવા NGTનો આદેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૭

અમદાવાદના પીરાણા વિસ્તારમાં તાજેતરમાં આગની ઘટનાના બનેલા ચકચારી બનાવમાં હજુ સુધી કંપની દ્વારા સહાય મળી નથી. ત્યારે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (એનજીટી) સમક્ષ આ બનાવ અંગેની સુનાવણી દરમ્યાન મૃતકોના વારસદારોની રજૂઆતને પગલે એનજીટીએ કંપનીને રૂા.૧૫ લાખ મૃતકોના વારસદારોને આપવા આદેશ કર્યો છે.

### ઈજાગ્રસ્તોને રૂા.૫ લાખ અપાશે કંપની તરફથી કોઈ હાજર ના રહ્યું

અમદાવાદના પીરાણા પીપળજ રોડ પર બનેલી આગકાંડની ઘટના સંદર્ભે આજે નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ તરફથી શાહીબાગ સર્કિટ હાઉસ ખાતે લોકસુનાવણી યોજાઈ હતી.આ સુનાવણીમાં ભોગ બનનાર પરિવારજનોએ જણાવ્યું હતું કે,સરકારે જાહેર કરેલી ૪ લાખની સહાય મળી છે. પરંતુ કંપની દ્વારા જાહેર કરેલી ૧૫ લાખની સહાય મળી નથી. તેમજ કંપનીમાં વળતર અંગેની રજૂઆત કરવામાં આવી છે. આ પ્રકારની ઘટનાઓ વારંવાર ન બને તે અંગે પણ કેમિકલ કંપની દ્વારા વધુ કડક નિયમો અંગે રજૂઆત કરી હતી. નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલે સુનાવણી દરમિયાન જણાવ્યું હતું કે અમે માત્ર ઘટનાના પુરાવા જ લીધાં છે. હજી આ ઘટનાની પ્રાથમિક તપાસ ચાલી રહી છે જેથી અમે સરકાર કે અન્ય અધિકારીઓ વિશે કશું કહી ના શકીએ. આજે માત્ર આઠ વ્યક્તિઓ જ આવ્યાં હતાં. જેમાં સાહિલ એન્ટરપ્રાઈઝ તરફથી કોઈ હાજર રહ્યું નહોતું. જેથી તેમને હવે સાંભળવામાં નહીં આવે. આજે માત્ર સાક્ષીઓને બોલાવીને તેમની રજૂઆત સાંભળી છે, વધુમાં ટ્રીબ્યુનલે એવું પણ કહ્યું હતું કે ઘટના મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં ઘટી છે. જેથી કલેક્ટર અને કોર્પોરેશને તમામ વિગતો આપવી પડશે. આ બાબતે કમિટીની બેઠક મળશે જેમાં તમામ મુદ્દાઓ પર ચર્ચાઓ કરવામાં આવશે. હાલમાં ટ્રીબ્યુનલે ઘટનામાં મૃત્યુ પામેલા લોકોને ૧૫ લાખ તથા ઈજાગ્રસ્તને ૫ લાખ આપવાનો આદેશ કર્યો છે.



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫-૨૫૩૩૨૮૨૦ ● ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩ ● Posting at Ahd. RMS